بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ


બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

## ઓકટોબર-૨૦૨૦

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૭, અંક : ૧૦, સળંગ અંક : ૨૦૧



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

M. 9427464411 (PhonePe/Paytm/Google Pay)

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | મીલાદુન્નબી ﷺની બરકતો | 04 |
| 02 | તફઝીલિયત તથા રાફઝિયતના ઝેરીલા જંતુઓ ! | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 05 | શરહે હદાઈકે બખ્શિશ | 16 |
| 06 | لَیْسَ مِنَّا 'તે અમારો નથી' | 20 |
| 07 | કાનૂને શરીઅત | 23 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ | 25 |
| 09 | હુઝૂર અશરફુલ ફુકહા رحمۃ اللہ علیہની ટૂંકી જીવન ઝરમર | 28 |
| 10 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 33 |
| 11 | કોરોના વાયરસની વબા અને મુસ્લિમ કૌમ | 36 |
| 12 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 41 |
| 13 | મૈયતના ફાતિહાનુ ખાણુ અમીર ગરીબ સૌ ખાય શકે ! | 43 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


## જશ્ને મીલાદ હમ મનાએંગે



જશ્ને મીલાદ હમ મનાએંગે
રબ સે સદકા નબીકા પાએંગે
દૂર દિલ કી સિયાહી કરને કો
બઝ્મે સરકાર હમ સજાએંગે
દેખકર કબ્ર મેં હૂઝરકો હમ
નઅતે સલ્લે અલા સુનાએંગે
જો ભી જલતે હૈં નઅતે સરવરસે
કબ્રમેં વહ જલાએ જાએંગે
નઅતે સરકાર જો નહીં પઢતે
હમ પઢ કર ઉન્હેં પઢાયેંગે
મૈં યહાં આસ લે કે બેઠા હૂં
મુઝકો તયબહમેં કબ બુલાએંગે
ગરચે મુઝકો ઠુકરા દે ઝમાના
મેરે આકા મુઝે નિભાએંગે
કાશ ! મહશરમેં આપ ફર્મા દેં
આ જા 'શાકિર' તુઝે બચાએંગે
*(સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)*

# મીલાદુન્નબી ﷺ ની બરકતો

કાર્યાલય

આપણા પ્યારા આકા ﷺની મીલાદે પાકનો મુબારક મહિનો તેની બરકતો વેરતો આવી રહ્યો છે, તો એ પ્રસંગે નબી પાક ﷺના વિલાદતના સમયે શું શું બરકતો તથા ચમત્કારો થયા હતા તેને જોઈએ અને ઈમાનને તાજુ કરીએ.

**જન્મ મુબારક** : જ્યારે આપના મોહતરમ વાલિદા સાહેબાને પૂરા નવ મહિના થઈ ગયા તો ૧૨મી રબીઉલ અવ્વલ, સોમવારના દિવસે સુબ્હ સાદિક વેળા (ફજરના ટાઈમે) હજુ કોઈ કોઈ તારાઓ આસ્માનમાં નજરે પડતા હતા ત્યારે આપ ﷺ નો જન્મ મુબારક થયો. બન્નેવ હાથ જમીન પર રાખી માથુ મુબારક આકાશ તરફ ઉઠાવેલ. (જેનાથી આપના ઉચ્ચ મર્તબા તરફ ઈશારો કરી રહ્યા હતા.) શરીર બિલ્કુલ પાક સાફ, કસ્તૂરીની જેમ ખૂબ જ સુંગધીદાર, ખત્ના કરાયેલી હાલતમાં, નાફ પણ કાપેલી, ચેહરો મુબારક ચૌદમીના ચાંદથી પણ વધુ ચમકદાર નૂરાની, અલ્લાહની કુદરતથી જ સુરમગી આંખો, બન્નેવ ખભાઓની વચમાં પીઠ પાછળ મોહરે નબુવ્વત ખૂબ જ રોશન નૂરાની હતી આપનાં વાલિદા માજિદાએ આપના દાદા હઝરત અબ્દુલ મુત્તલિબને બોલાવવા તેડુ મોકલ્યું તે વખતે તેઓ કા'બા શરીફનો તવાફ કરી રહ્યા હતા. પોતાના પૌત્ર (હઝરત ﷺ) ને જોઈ ખૂબ ખુશ થયા. કા'બા શરીફમાં લઈ જઈ આપના માટે ખૂબ જ દિલી દુઆઓ કરી અને આ અમૂલ્ય નેઅમત આપવા બદલ અલ્લાહનો શુક્રિયા અદા કર્યો. આપ ﷺના કાકા અબૂલહબની લોંડી ષૌબિયાએ ખુશીની મારી દોડી જઈ અબૂ લહબને ભત્રીજાની પધારામણીની ખુશખબરી આપી તો અબૂ લહબે તેને ઈનામ રૂપે આઝાદ કરી દીધી. હઝરત ﷺ જે મહિનામાં પેદા થયા તેનું નામ રબીઅ (રબીઉલ અવ્વલ) તો હતું જ સાથે ઋતુ પણ રબીઅ (વસંત, ફૂલો ખીલવાની, ખુશીની) હતી. કોઈ અરબી શાઈરે કેટલું સરસ કહ્યું છે :

**રબીઉન રબીઉન ફી રબીઅ,**
**વ નૂરૂન ફૌક઼ નૂરૂન ફૌક઼ નૂર.**

**જન્મ મુબારકની ખુશીનું ફળ** : અબૂ લહબની મોતના એક વર્ષ પછી હઝરત અબ્બાસે એને ખ્વાબમાં બુરા હાલમાં જોયો તો પૂછ્યું, અબૂલહબ ! તને શું મળ્યું ? તેણે જવાબ આપ્યો કે : لَمْ اَلْقَ بَعْدَکُمْ غَیْرَ اَنِّیْ سُقِیْتُ فِیْ ھٰذِہٖ بِعَتَاقَتِیْ ثُوَیْبَۃَ ''તમારા પછી મને બિલ્કુલ આરામ નથી મળ્યો પરંતુ ષૌબિયાને આઝાદ કરવાના કારણે અંગૂઠા અને કલેમાની આંગળીની વચ્ચેની જગાથી પાણી મળી જાય છે તે પી લઉં છું.''

*(સહીહ બુખારી, ઝુર્કાની અલલ મવાહિબ, ૧/૩૮)*

આ હદીષથી ઉર્વા બિન ઝુબૈરનો મતલબ એ છે કે, અબૂ લહબ જણાવે છે કે મારા કોઈ ભલાઈનાં કામો કામ ન આવ્યાં, બધા જ નેક અમલો બેકાર ગયા, સિવાય આ એક જ નેક અમલ કે જે હઝરતની પેદાઈશની ખુશીમાં મેં મારી લોંડી ષૌબિયાને આઝાદ કરી આપી હતી. ફકત આ નેક અમલનો બદલો મળે છે. અને તે એ રીતે કે દર સોમવારે (હઝરતના જન્મના દિવસે) અંગૂઠા અને સામેની આંગળી વચ્ચેથી મને પાણી પીવાનું મળી રહે છે જે આંગળીઓ વડે ચૂસી લઉં છું. અને મને અઝાબમાં પણ થોડી રાહત મળે છે.'' આ રાહત મળવી પણ નબીએ કરીમ ﷺની વિશિષ્ટતાઓમાંથી જ છે, નહિંતર કાફિરનો કોઈ પણ નેક અમલ તેને ફાયદો પહોંચાડશે નહીં.

ફકીર તવક્કુલી વિનવણી કરે છે કે, એક કાફિરને હુઝૂર ﷺની પેદાઈશ મુબારકની ખુશી જાહેર કરવાનો બદલો મળે છે, તો પછી વિચારો કે એક મુસલમાન દર વર્ષે હુઝૂર ﷺની મૌલુદ શરીફ કરાવે અને આપના દુનિયામાં આગમનની ખુશીઓ મનાવે તો તેના મૃત્યુ પછી તેને કેટલો ફાયદો પહોંચશે !

વધુ પેજ 24 પર..

# તફઝીલિયત તથા રાફઝિયતના ઝેરીલા જંતુઓ !

*તંત્રી લેખના સ્થાને...*

સહાબાએ કિરામના હાસિદો અને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિરોધીઓની ગુસ્તાખીઓ તથા દુષ્પ્રચારોને જોતાં, અલ્લાહના અમુક નેક બંદાઓએ થોડા નવા તરીકાથી મહાન સહાબી, કાતિબે વહી હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની પ્રશંસા શરૂ કરી નથી કે ભારત–પાકના રાફઝી વિચારધારા રાખનારા, તફઝીલિયતમાં સપડાયેલાઓ, તસવ્વુફને બદનામ કરનારા વ્યક્તિઓના શરીરમાં જાણે આગ લાગી ગઈ ! અને તેમના અંદરની રાફઝિયત તથા દુશ્મની ઉભરાયને ઉછળી ઉછળીને એવી રીતે સામે આવવા લાગી કે કરાચીથી લાહોર અને મુંબઈથી દિલ્હી તથા લખનવ સુધીના સુન્ની મુસ્લિમો આશ્ચર્યમાં પડી ગયા કે હે ખુદા! આખરે વાત શું છે કે :–

*છુપા કર આસ્તીમેં બિજલિયાં રખી હૈં ગરદૂં ને ?!*

આ પરિસ્થિતિ અચાનક પેદા થઈ છે કે પછી અગાઉથી એની તૈયારી કરવામાં આવી હતી ? માથુ ખોળામાં ઝુકાવીને નહીં બલ્કે માથે હાથ મૂકીને એહલે સુન્નતના સભાન વર્ગે વિચારવું પડશે કે આ બધી હરીફની ચુસ્તી છે કે પછી આપણુ ઈબ્રતનાક બેભાનપણુ (ગફલતપણુ) છે ?!

પ્રમાણિકતા તથા ન્યાયની વાત છે કે આ કઠિન પ્રશ્નનો સરળ જવાબ આપણને મળે છે તો આ ટૂંકા લેખમાં, જે એ લાયક છે કે હાલના એહલે સુન્નતના ઈતિહાસમાં તેને રેકોર્ડ રૂપે સાચવી રાખવામાં આવે.

મૌલાના રઝાઉલ્ હક્ અશરફી મિસ્બાહીનું એક ટૂંકુ બયાન થોડા દિવસો પહેલાં સોશિયલ મિડિયા પર આ પ્રમાણે વાયરલ થયું છે :

"સાહિબે સજ્જાદા ખાનકાહે અશરફિય્યહ, હુસૈનિયહ, સરકારે કલાં કિછૌછા શરીફ, કાઈદે મિલ્લત મૌલાના સૈયદ શાહ મહમૂદ અશરફ અશરફી જીલાનીએ આ વર્ષે ઉર્સે આ'લા હઝરત અશરફી મિયાં رحمۃ اللہ علیہના ઉર્સના પ્રસંગે (તા. ૧૧, રજબ, હિ.સ. ૧૪૩૯/ઈ.સ.૨૦૧૮) જામેઅ અશરફના ઉલમા અને તલ્બાને સંબોધિત કરતાં ફર્માવ્યું કે :

"આપણી જમાઅત એહલે સુન્નત સો વર્ષથી વહાબિયહતના રદમાં કાર્યરત છે, અને રાફઝીઓના રદથી ગાફિલ છે. પરિણામ એ આવ્યું કે મોટા મોટા ખાનવાદાના લોકો પણ આજે આ ફિત્નાનો (રાફઝિયતનો) ભોગ બની રહ્યા છે, રાફઝીઓની મજલિસોમાં પધારી રહ્યા છે જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે ! આ લોકો પણ તેમના ફિત્નાનો ભોગ બની તેમની બોલી બોલવા માંડે છે. એટલા માટે સમયની જરૂરત છે કે આપણા ઉલમા આ ફિત્નાને રોકવા માટે તૈયાર થઈ જાય."

લેખક: અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (દારુલ ઉલૂમ–દિલ્હી)
અનુવાદક: મૌલાના અબ્દુર્રહમાન પટેલ મિસ્બાહી પારખેતી (રિસર્ચ સ્કોલર : જામિઆ અશરફિયા–મુબારકપુર)

હઝરત મૌલાના સૈયદ મહમૂદ અશરફ કિછૌછવી (નબીરએ સરકારે કલાં હઝરત સૈયદ શાહ મુખ્તાર અશરફ અશરફી કિછૌછવી رحمۃ اللہ علیہ વિસાલ–૧૯૯૬)નું વાસ્તવિકતા પર આધારિત મંતવ્ય ઉલમાએ અહલે સુન્નતની આંખો ખોલવા માટે પૂરતું છે.

આપણા અગ્રગણ્ય સૂફીઓ અને મશાઈખે કિરામ (પીરો) તથા બુઝુર્ગોના આસ્તાનાના અમુક ખાદિમો અને મુજાવરોથી લઈને અમુક નવા જન્મેલા કહેવાતા બુધ્ધિજીવીઓ સુધીના શરીરમાં તફઝીલિયત તથા રાફઝિયતના જંતુઓ દાખલ થઈને ઉછેર પામી રહ્યાં છે જેને ભારત–પાકના મઝહબી વાતાવરણમાં સ્પષ્ટ રીતે મેહસૂસ કરી શકાય છે, અને સોશિયલ મીડિયા પર તો અમુક દિવસો પહેલાં જાણે આનું પૂર જ આવી ગયું હતું, જેનાથી યુવા પેઢી ઘણી સંખ્યામાં કાંઈ ન કાંઈ પ્રભાવિત થઈને દિમાગી ઉલઝનનો ભોગ બની રહી હતી.

હવે આવા માહોલમાં "કિટાણુ નાશક દવાઓની" જરૂરત છે કે નહીં ? એનો ફેંસલો જમાઅતના ઈલ્મ રાખનારા વ્યક્તિઓ અને રૂહાની તબીબો, સરળતાથી અને સારી રીતે કરી શકે છે.

બદમાશ દિમાગ અને હોશિયાર જીભની કલાકારી પણ કેવી સરસ છે કે :

૦૧. હઝરતે અમીર મુઆવિયહ رضی اللہ عنہનો ઝિક્ર હઝરતે અલી کرم اللہ وجہہ الکریم ના મુક઼ાબલામાં કરવામાં આવે છે.

૦૨. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના ઝિક્રથી હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને એહલે બયતની મહોબ્બત ધીરે ધીરે ઓછી થતી જશે. (અલ્લાહની પનાહ !)

આ જાલિમોને કોઈ પૂછે કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનો ઝિક્ર હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના મુક઼ાબલામાં કોણે અને ક્યાં કર્યો છે ? આ મુક઼ાબલો તો તમારા બીમાર દિલ અને ફિત્નાખોર દિમાગ સિવાય ક્યાંય નથી દેખાતો. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનું નામ લેનાર તો હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم અને એહલે બયતની મહોબ્બતમાં ડૂબેલા છે. અને એહલે સુન્નતના કોઈ પણ વર્ગની ઝબાન કે ક઼લમથી નીકળેલો એક શબ્દ અને વાક્ય, એવું નથી દેખાડી શકાતું જેમાં હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم અને એહલે બયતે પાકની શાનમાં કોઈ પ્રકારની બેઅદબીની કોઈ નાનકડી શંકા પણ નજર આવતી હોય. જ્યારે કે હઝરત અલી અને એહલે બયતની મહોબ્બતનું નામ લેનારા ન જાણે કેટલા એવા પથ્થર દિલ બહાદુરો છે જેમણે હઝરત અમીર મુઆવિયહની શાનમાં ખુલ્લી ગુસ્તાખીઓ કરી છે. તેમને દુશ્મને એહલે બયત, જાલિમ, બેઈમાન, લૂટારું અને ખુદા જાણે શું શું બકવામાં આવી રહ્યું છે. આ કોઈ છુપાયેલ વાત નથી, બલ્કે એવી સચોટ વાસ્તવિકતા છે જેને દરેક વ્યક્તિ દિવસના અજવાળામાં, બલ્કે રાતના અંધારામાં પણ પોતાની ખુલ્લી આંખોએ જોઈ શકે છે. આ તકિય્યા (મૌન ધારણ કરવું) નહીં બલ્કે તબર્રા (ગાળો આપવી) છે. અને આ ગાળા ગાળીને ફક્ત આલિમ નહીં, બલ્કે કોઈ જાહિલ પણ બહુ સારી રીતે જોઈ સાંભળી અને સમજી શકે છે.

સુન્નિયતની ચાદર ઓઢીને તફઝીલિયત તથા રાફઝિયતની બોલી બોલનારાઓની ઝબાનો બહાર આવી ગઈ છે. અને તફઝીલિયત તથા રાફઝિયતના તરફ આગળ વધનારા ઘણા બધા ચહેરા હવે બેનક઼ાબ થઈ

ગયા છે. એટલા માટે આવા શૈતાની દિમાગ ધરાવતા વ્યક્તિઓ અને પરિબળોથી એહલે સુન્નતે સાવચેત રહેવાની જરૂર છે, જેઓ પોતાનું ઈમાન વેડફી રહ્યા છે, અને પોતાના ખોટા વિચારો અને કાર્યોથી એહલે સુન્નતને પણ પોતાની ડૂબતી નાવડીમાં બેસાડવા ઈચ્છે છે.

હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની તરફ મન્સૂબ એક શેઅર છે :

اِنۡ کَانَ رِفۡضاً حُبُّ آلِ محمدٍ فَلۡیَشۡھَدِ الثَّقَلَانِ اِنِّی رَافِضِی **તર્જુમો** : ''જો એહલે બયતે રસૂલની મહોબ્બત રાફઝિયત છે, તો જિન્નાતો અને માણસો એના ગવાહ રહે કે હું રાફઝી છું.''

આ શેઅર જો ઈમામ શાફઈ અથવા કોઈ સુન્ની શાઈરનો છે તો તેનો ભાવાર્થ એ છે કે : **સહાબાની મહોબ્બત સાથે એહલે બયતની મહોબ્બત પણ કોઈની દષ્ટિએ રાફઝિયત છે તો, હું જિન્નાતો અને માણસોને ગવાહ બનાવીને પોતાના આ ખ્યાલને જાહેર કરી રહ્યો છું.** આ છે ખરો અર્થ તથા મતલબ અને શાઈરનો અક઼ીદો ! અને આજકાલ જે લોકો બહુ જોરશોરથી આ શેઅર અથવા તેનો મતલબ બયાન કરીને, એહલે સુન્નતને દબાવવા અથવા ગુમરાહ કરવા ઈચ્છે છે, તે પહેલા પોતાના દિલ પર હાથ રાખી પોતાનો વિચાર અને અક઼ીદો ઝાંખીને જોઈ લે કે **એહલે બયતની સાથે સહાબાને પણ ખરી રીતે માને છે કે નહીં? અને તેમના દિલમાં દરેક સહાબીને માટે અદબ છે કે નહીં ?** જો માને છે તો બિલ્કુલ ઠીક અને તેમની બધી વાત ક઼બૂલ, પરંતુ જો એવું નથી અને **એહલે બયતની મહોબ્બતના દાવા સાથે કોઈ સહાબીની તરફથી તેમના દિલમાં ખોટ અને નફરત તથા દુશ્મની છે, તો પછી તેમની વાત અને તેમનો વિચાર કોઈ દીવાલ પર પછાડી દેવાને લાયક છે, બલ્કે ગુમરાહ કરનારો, બર્બાદ કરનારો અને હજારો લાનતનો હક઼દાર છે.**

હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિશે એમ કહેવું પણ સખત અને નવી ગુમરાહીનો ભાગ છે કે સદીઓના ઈતિહાસમાં ઉલમાએ તેમના ફઝાઈલ બયાન નથી કર્યા, ફક્ત તેમના પર લાનત મોકલવા અને ખરાબ બોલવાથી મના કર્યું છે. આવો વિચાર ઈતિહાસનો ઈલ્મ નથી, બલ્કે જહાલત છે અને દિલનો તાવ છે જે શરીર બહાર આવી રહ્યો છે. હઝરત અમીર મુઆવિયહના ફઝાઈલ બયાન કરવા માટે તેમનું સહાબી હોવું પૂરતું છે. સહાબિયતથી મોટી ફઝીલત આ ઉમ્મતે મુહમ્મદિયહમાં બીજી કઈ છે ? અને જે આટલી મોટી, બલ્કે સૌથી મોટી ફઝીલત ધરાવનારો હોય, તેની ફઝીલત પ્રસંગ મુજબ કેમ બયાન ન કરવામાં આવે ?

**એહલે સુન્નત યાદ રાખે કે 'એહલે બયતે પાક' અને 'સહાબાએ કિરામ'ના દરેક વ્યક્તિથી મહોબ્બત રાખવી, તેમનો અદબ કરવો, તેમની પ્રશંસા કરવી, એહલે સુન્નતના ઈમાનનો ભાગ અને તેમના મઝહબ તથા મસ્લકનો કિંમતી હિસ્સો છે. અને સાથે એ પણ યાદ રાખે કે 'એહલે બયત પાક' અને 'સહાબાએ કિરામ'માંથી કોઈ એકની પણ બેઅદબી, કોઈ એકની શાનમાં પણ કોઈ પણ જાતની ગુસ્તાખી કરવી, તબાહી અને ઈમાનની બર્બાદીનો સબબ છે. અને જો આવો કોઈ ગુસ્તાખ અને બેઅદબ વ્યક્તિ, જો સમજવા છતાં સીધા રસ્તે ન આવે અને ઈસ્લાહ ક઼બૂલ ન કરે તો તેની સાથે અમારો કોઈ સંબંધ નથી.**

આજના ભારતીય અને પાકિસ્તાની તફઝીલિયત તથા રાફઝિયતના ઝંડાધારી લોકોને કોઈ પૂછે કે : જે સુન્ની હનફી મઝહબના મુક઼લ્લિદ છો, તેના ઈમાન, તેના મુજતહિદો, તેના ફક઼ીહો, આલિમોમાંથી કોઈએ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે કોઈ એવી વાત કહી જેનો ચર્ચો આ સમયે તમારી ઝબાન અને કલમથી થઈ રહ્યો છે ?

જે ચિશ્તી સિલસિલાને માનો છો, તેના સ્થાપક અતાએ રસૂલ, સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી અથવા કુત્બુલ અક઼તાબ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ચિશ્તી દહેલ્વી અથવા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન મસ્ઉદ ગંજેશકર અથવા હઝરત સાબિરે પાક અથવા હઝરત નિઝામે પાક (رحمۃ اللہ علیہم اجمعین)માંથી કોઈના વિશે પણ કોઈ ઝઈફ તરીન રિવાયત પણ કોઈ જગ્યાએ નક઼લ થયેલ છે ?

એ જ રીતે ક઼ાદરી સિલસિલા, નકશબંદી સિલસિલા, સોહરવર્દી સિલસિલાથી જોડાયેલો કોઈ વ્યક્તિ આ સિલસિલાઓના મહાન સૂફીઓ અને મશાઈખ વિશે કોઈ એવી રિવાયત દેખાડી શકે છે ?

જો એવી કોઈ રિવાયત નથી અને પાકા પાયે નથી જ ! **તો પછી આવા લોકોને શરમ આવવી જોઈએ, જે પોતાના બુઝુર્ગોના રસ્તાથી ભટકીને એવો રસ્તો અપનાવી રહ્યા છે જેનું પરિણામ તબાહી અને બર્બાદી સિવાય કાંઈ નથી.** અલ્લાહના વાસ્તે આવા લોકો પોતાની અને ઉમ્મતની હાલત પર રહેમ કરે, અને મઝહબી ફિત્ના–ફસાદનો એવો દરવાજો ન ખોલે કે પોતાની સાથે બીજા ઘણા બધા લોકોને કોઈ ઊંડા કૂવામાં અથવા ઊંડી ખીણમાં લઈ ડૂબે.

તફઝીલિયતના અમુક અંધભક્તો શીઆઓ જેમ, જશ્ને મૌલુદે કા'બા અને ઈદે ગદીર મનાવવા ઉછળી રહ્યા છે, આ ઘણી ગંભીર સ્થિતિ છે. હઝરત અલી મુર્તઝાના મૌલુદે કા'બા હોવાની રિવાયત ક્યાં સુધી સહીહ અને કેટલી ઝઈફ છે ? તેની સનદી હૈસિયત પર વાત કર્યા વિના શિઆઓનો તેના વડે દાવો એ છે કે : મૌલુદે કા'બા હોવાનું સન્માન અબૂ બક્ર, ઉમર અને ઉષ્માનમાંથી કોઈને પણ નથી મળ્યું, એટલા માટે મૌલા અલી આ ત્રણેયથી અફઝલ અને ખિલાફતના પ્રથમ હકદાર છે. (આ શીઆનો ખયાલ છે)

એ જ પ્રમાણે ઈદે ગદીર શીઆ એટલા માટે ઉજવે છે કે ગદીરે ખુમના સ્થળે પયગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો હતો : مَنْ کُنْتُ مَوْلَاہُ فَھٰذا عَلِیٌّ مَولاہٗ. اَوْ کَمَا قَالَ عَلَیْہِ الصَّلٰوۃُ وَالسَّلَام "હું જેનો મૌલા છું આ અલી તેના મૌલા છે."

અરબી ભાષામાં ‘મૌલા’ના ઘણા બધા અર્થ છે : માલિક, આક઼ા, સાહબ, વાલી, સરદાર, ખુદા તઆલા, બાદશાહ, સુલ્તાન, હાકિમ, આઝાદ કરેલ ગુલામ, મદદગાર, દોસ્ત, સાથી, યાર, પડોસી વગેરે. સમય અને સ્થાન પ્રમાણે યોગ્ય અર્થ મુરાદ લેવાશે. પણ શીઆ આ હદીષમાં આવેલ શબ્દ ‘મૌલા’નો અર્થ ખલીફા કરે છે અને ખલીફા મુરાદ લે છે, એટલે કે આ શીઆઓના મુજબ પયગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلمએ ગદીરે ખુમના સ્થળે, હજારો સહાબાએ કિરામની સામે અલી મુર્તઝાની ખિલાફતનું એલાન કરી દીધું છે જેથી મૌલા અલી ફક્ત ખિલાફતના જ નહીં બલ્કે સૌ પ્રથમ ખલીફા હોવાના હક઼દાર છે, અને ખલીફા બિલા ફસ્લ

(ડાયરેક્ટ) છે, અબૂબક્ર, ઉમર અને ઉષ્માન જાલિમ તથા લૂટારા હતા, (મઆઝલ્લાહ !) જેમણે અલીનો હક્ દબાવી લીધો અને તેમના પહેલાં ખલીફા બની બેઠા. ઈદે ગદીર અને જશ્ને ગદીર બધા શીઆ અને રાફઝીઓ આ જ નિય્યત અને આ જ હેતુથી ઉજવે છે.

હવે કોણ સુન્ની છે જે આવા કોઈ જશ્ને મૌલૂદ અને જશ્ને ગદીરમાં હાજર થઈ શકે છે ? અથવા પોતે આવો જશ્ન મનાવી શકે છે ? અને યાદ રહે કે રાફઝીઓ હઝરત અલી મુર્તઝાને માસૂમ તથા અંબિયા અને રસૂલો علیہ الصلوٰۃ والسلامથી પણ અફઝલ માને છે. (અલ્લાહની પનાહ !)

એ પણ ધ્યાનમાં રહે કે રાફઝીઓ બધા એહલે બયતના ઈમામોને "માસૂમ" એટલે કે ખતાથી માસૂમ માને છે, જ્યારે કે માસૂમ ફક્ત નબીઓ, રસૂલો અને ફરિશ્તા હોય છે, બીજુ ઉમ્મતે મુહમ્મદિયહમાં કોઈ માસૂમ નથી. હા ! અમુક પાક હસ્તીઓ ખતાથી મેહફૂઝ હોય છે.

આપણો ક્દીમ (પૂરાણો) મઝહબે એહલે સુન્નત જ સિરાતે મુસ્ક્ીમ છે, હક્ક્ની રાહ છે, હિદાયતનો રસ્તો છે, નજાતનો માર્ગ છે. એટલા માટે તેનાથી હટવા અને દૂર જવામાં નુકસાન જ નુકસાન અને ખોટ જ ખોટ છે. પોતાના બુઝુર્ગો અને બાપ દાદાઓના રસ્તે આવી જાવ, તેમના માર્ગે ચાલો, તેમના નક્શે ક્દમ પર ચાલો, તેમનું દામન પકડો, એમાં ભલાઈ જ ભલાઈ, હિદાયત અને નજાત જ નજાત છે.

ઈસ્લામ એ કુર્આને હકીમ અને પયગંબરે ઈસ્લામ ﷺ બંનેના સંયોજનનું નામ છે, એક સાથે બંને પર ઈમાન લાવવાનું નામ છે, તેમાંથી કોઈને અલગ અને એકબીજાથી જુદા નથી કરી શકાતા, અને તેમાંથી કોઈ એકને માને અને બીજાને ન માને, અથવા બંનેમાંથી એકના અમુક ભાગને માનવા અને અમુકને ન માનવાનું પરિણામ સૌને ખબર છે.

એ જ રીતે એહલે બયતે પાક અને સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَના સંયોજનને માનવું, તેમાંથી દરેક જમાઅત દરેક સભ્યની તા'ઝીમ અને અદબ કરવો, તેમની પ્રશંસા કરવી, કુર્આનનો હુકમ છે, ઈસ્લામનો હુકમ છે, અલ્લાહનો હુકમ છે, રસૂલલ્લાહનો હુકમ છે. عَزَّوَجَلَّ وَ صَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَ

એકને માનવું અને બીજાને ન માનવું, અને અમુકને માનવા અમુકને ન માનવા, આ કુર્આન હદીષના હુકમની ખુલ્લી નાફર્માની છે, ઘમંડ છે, બળવાખોરી છે, ગુનો છે, હઠધર્મી છે અને કીનો છે, અને ઈમાનની ખરાબી છે.

**એહલે બયત અને સહાબામાંથી કોઈના પર પણ લા'નત કરવી અને અપશબ્દો બોલવા, કોઈની પણ બેઅદબી કે ગુસ્તાખી કરવી, એ ગુમરાહીનો સબબ છે, લા'નત વરસવાનું કારણ છે અને ઈસ્લામ તથા ઈમાન જતુ કરવાની રીત છે, જેનાથી હજાર વાર અલ્લાહની પનાહ !**

اَللّٰھُمَّ اَرِنَا الْحَقَّ حَقًّا وَ الْبَاطِلَ بَاطِلًا. وَاللہُ الْھَادِیْ اِلٰی سَوَاءِ السَّبِیْل وَ ھُوَ الْمُوَفِّقُ وَالْمُسْتَعَانِ. وَعَلَیْہِ التُّکْلَان. وَ صَلَّی اللہُ تَعَالٰی عَلٰی خَیْرِ خَلْقِہٖ مُحَمَّدٍ وَ عَلٰی آلِہٖ وَاَصْحَابِہٖ وَ مَنِ اتَّبَعَھُمْ بِاِحْسَانٍ اِلٰی یَوْمِ الدِّیْن.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ وَ مَنْ تَوَلّٰى فَمَاۤ
اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ﴿٨٠﴾ وَ يَقُوْلُوْنَ طَاعَةٌ ۫ فَاِذَا بَرَزُوْا
مِنْ عِنْدِكَ بَيَّتَ طَآئِفَةٌ مِّنْهُمْ غَيْرَ الَّذِيْ تَقُوْلُ ۭ وَ اللّٰهُ
يَكْتُبُ مَا يُبَيِّتُوْنَ ۚ فَاَعْرِضْ عَنْهُمْ وَ تَوَكَّلْ عَلَى اللّٰهِ ۭ وَ
كَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿٨١﴾ اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ ۭ وَ لَوْ كَانَ
مِنْ عِنْدِ غَيْرِ اللّٰهِ لَوَجَدُوْا فِيْهِ اخْتِلَافًا كَثِيْرًا ﴿٨٢﴾ وَ اِذَا
جَآءَهُمْ اَمْرٌ مِّنَ الْاَمْنِ اَوِ الْخَوْفِ اَذَاعُوْا بِهٖ ۭ وَ لَوْ
رَدُّوْهُ اِلَى الرَّسُوْلِ وَ اِلٰٓى اُولِي الْاَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِيْنَ
يَسْتَنْۢبِطُوْنَهٗ مِنْهُمْ ۭ وَ لَوْ لَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَ رَحْمَتُهٗ
لَاتَّبَعْتُمُ الشَّيْطٰنَ اِلَّا قَلِيْلًا ﴿٨٣﴾ فَقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ ۚ لَا
تُكَلَّفُ اِلَّا نَفْسَكَ وَ حَرِّضِ الْمُؤْمِنِيْنَ ۚ عَسَى اللّٰهُ اَنْ
يَّكُفَّ بَاْسَ الَّذِيْنَ كَفَرُوْا ۭ وَ اللّٰهُ اَشَدُّ بَاْسًا وَّ اَشَدُّ
تَنْكِيْلًا ﴿٨٤﴾ مَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَّكُنْ لَّهٗ نَصِيْبٌ
مِّنْهَا ۚ وَ مَنْ يَّشْفَعْ شَفَاعَةً سَيِّئَةً يَّكُنْ لَّهٗ كِفْلٌ مِّنْهَا ۭ وَ
كَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ مُّقِيْتًا ﴿٨٥﴾ وَ اِذَا حُيِّيْتُمْ بِتَحِيَّةٍ
فَحَيُّوْا بِاَحْسَنَ مِنْهَاۤ اَوْ رُدُّوْهَا ۭ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ
شَيْءٍ حَسِيْبًا ﴿٨٦﴾

## સૂરએ નિસાઅ્ની તફસીર

*જેણે રસૂલનો હુકમ માન્યો,[૧૩૫] અને જેણે મોઢું ફેરવ્યું[૧૩૬] તો અમે તમને તેઓને બચાવવા માટે નથી મોકલ્યા (૮૦) અને કહે છે અમે હુકમ માન્યો[૧૩૭] પછી જ્યારે તમારા પાસેથી નીકળીને જાય છે, ત્યારે તેમનામાં એક ટોળકી તેઓ જે કહી ગયા હતા તેની વિરુધ્ધ રાત્રે યોજનાઓ ઘડે છે અને અલ્લાહ લખી રાખે છે તેમની રાત્રીની યોજનાઓ[૧૩૮], તો હે મહબૂબ ! તમે એમનાથી આંખ આડા કાન કરો, અને અલ્લાહ પર વિશ્વાસ રાખો. અને અલ્લાહ (કામ) બનાવવા પૂરતો છે (૮૧) તો શું કુર્આનમાં ચિંતન નથી કરતા ?[૧૩૯] અને જો તે ખુદા સિવાય અન્ય તરફથી હોત, તો જરૂર તેમાં ઘણા વિરોધાભાસ જોતા[૧૪૦] (૮૨) અને જ્યારે તેમની પાસે કોઈ વાત સંતોષ[૧૪૧] અથવા ડર[૧૪૨] ની આવે છે, (ત્યારે) તેનો પ્રચાર કરી બેસે છે[૧૪૩] અને જો તેમાં રસૂલ અને પોતાના અધિકૃત લોકો[૧૪૪] પ્રતિ કેન્દ્રિત થાત[૧૪૫] તો અવશ્ય તેમનાથી એની હકીકત જાણી લેત, તેઓ જે પછી મહેનત કરે છે.[૧૪૬] અને જો તમારા પર અલ્લાહનો ફઝલ[૧૪૭] અને તેની રહમત[૧૪૮] ન હોત તો જરૂર તમે શયતાનની પાછળ ચાલી નીકળત[૧૪૯] પણ થોડા[૧૫૦] (૮૩) તો હે મહબૂબ !*

*અલ્લાહના રસ્તામાં લડો. તમને તકલીફ આપવામાં નહીં આવે પણ તમારા દમની[૧૫૧]. અને મુસલમાનોને ઉત્સાહિત કરો[૧૫૨], નજીક છે કે અલ્લાહ કાફિરોની સખ્તી રોકી લે[૧૫૩], અને અલ્લાહની આંચ સહુથી વધારે સખત છે, અને તેનો અઝાબ સર્વથી કડક (૮૪) જે સારી ભલામણ કરે[૧૫૪] તેના માટે તેમાં હિસ્સો છે.[૧૫૫] અને જે ખરાબ ભલામણ કરે, તેના માટે તેમાંથી હિસ્સો છે.[૧૫૬] અને અલ્લાહ દરેક વસ્તુ પર અધિપતિ છે (૮૫) અને જ્યારે તમને કોઈ અમુક શબ્દોથી સલામ કરે, ત્યારે તમે તેનાથી ઉત્તમ શબ્દ ઉત્તરમાં કહો, અથવા તે જ કહી આપો. બેશક ! અલ્લાહ દરેક વસ્તુ પર હિસાબ લેનાર છે[૧૫૭] (૮૬) અલ્લાહ કે તેના સિવાય અન્યની પૂજા નથી, અને તે તેમને કયામતના દિવસે જરૂર ભેગા કરશે, જેમાં કંઈ જ શંકા નથી, અને અલ્લાહથી વધુ કોની વાત સાચી ?[૧૫૮]*

## :: સમજૂતી ::

**૧૩૫ : શાને નુઝૂલ** : રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, "જેણે મારી તાબેદારી કરી તેણે અલ્લાહની તાબેદારી કરી, અને જેણે મારી સાથે મહોબ્બત રાખી તેણે અલ્લાહ સાથે મહોબ્બત રાખી" તે વખતે આજના ગુસ્તાખ બદદીનોની જેમ તે સમયના અમુક મુનાફિકોએ કહ્યું, "મુહમ્મદ (ﷺ) એવું ઈચ્છે છે કે આપણે એમને ખુદા માની લઈએ, જેવી રીતે નસારાએ ઈસા ઈબ્ને મરયમને ખુદા માની લીધા. ત્યારે અલ્લાહ તઆલએ તેમને રદીયો આપવા આ આયત ઉતારી, અને પોતાના હબીબ ﷺની વાતને ટેકો આપ્યો કે બેશક ! રસૂલની તાબેદારી અલ્લાહની તાબેદારી છે.

**૧૩૬** : અને આપની તાબેદારી ન કરી.

**૧૩૭ : શાને નુઝૂલ** : આ આયત મુનાફિકો વિશે ઉતરી, જેઓ સૈયદ આલમ ﷺની હાજરીમાં તાબેદાર અને ઈમાનદાર હોવાનો ડોળ કરતા હતા, અને કહેતા હતા કે અમે હુઝૂર પર ઈમાન લાવ્યા છીએ, અને હુઝૂરની સત્યતા સ્વીકારી છે, હુઝૂર અમને જે હુકમ કરે તેને બજાવવો અમારા પર જરૂરી છે.

**૧૩૮** : તેમના આમાલનામાઓમાં, અને એમને તેનો બદલો આપશે.

**૧૩૯** : અને તેના ઈલ્મો અને હિકમતોને નથી જોતા તેણે પોતાની ફસાહત (શ્રેષ્ઠ ભાષા અને સંબોધનની ઉત્તમ રીત) દ્વારા તમામ મખ્લૂકને લાજવાબ કરી મૂકી છે, અને ગૈબી ખબરો મારફત મુનાફિકોનાં કાર્યો અને તેમની ચાલબાજીઓના ભેદ ખોલી કાઢયા છે, તેમજ આગલા પાછલાઓની ખબરો આપી છે.

**૧૪૦** : અને ભવિષ્ય વિશે ભાખેલી વાણી સત્ય ન ઠરત. પણ એવું ન થયું, અને ભવિષ્યના બનાવો કુર્આને આપેલી ખબર અનુસાર બનતા ગયા, તો એનાથી જણાયું કે સાચે જ આ કિતાબ અલ્લાહ તરફથી જ છે, અને એમાં બયાન થએલી બાબતોમાં પણ વિરોધભાસ નથી. એવી જ રીતે ફસાહત અને બલાગતમાં પણ કારણ કે મખ્લૂકનું કલામ ફસાહતવાળુ હોય તો પણ બધું સરખું નથી હોતું, થોડુક ફસાહતવાળુ હોય છે તો થોડુક ઉતરતી કક્ષાનું નીચલા ધોરણનું, એ તો અલ્લાહ તઆલાના જ કલામની શાન છે કે પહેલેથી અંત સુધી સુભાષાના સર્વોચ્ચ શિખર પર છે.

**૧૪૧** : અર્થાત ઈસ્લામનો વિજય.

**૧૪૨** : એટલે કે મુસલમાનોના પરાજયના સમાચાર.

**૧૪૩** : જે ખરાબીનું કારણ બને છે, કારણ કે મુસ્લિમોના વિજયની ખબરથી કાફિરોને જોમ ચઢે છે, અને પરાજયના સમાચારથી મુસ્લિમોની હિમ્મત તૂટે છે.

**૧૪૪** : મહાન સહાબા જેઓ નિર્ણય શક્તિ ધરાવનાર અને સમજદારીવાળા છે.

**૧૪૫** : અને પોતે કંઈ દખલ ન કરત.

**મસ્અલો** : એ પણ જણાયું કે એક ઈલ્મ તો તે છે જે સ્પષ્ટ રીતે કુર્આન અને હદીષથી પ્રાપ્ત થાય. અને

એક ઈલ્મ તે છે જે કુર્આન અને હદીષ દ્વારા ચિંતન કરીને પ્રાપ્ત થાય છે.

**૧૪૬** : એ પણ જણાયું કે દીની બાબતોમાં દરેક માણસને ડખલ દેવી જાઈઝ નથી, જે એને લાયક હોય તેને સોંપી દેવું જોઈએ.

**૧૪૭** : રસૂલે કરીમ ﷺનું જાહેર થવું.

**૧૪૮** : કુર્આન ઉતરવું.

**૧૪૯** : અને કુફ્ર તથા ગુમરાહીમાં સપડાયેલ રહેત.

**૧૫૦** : તે લોકો જે રસૂલે કરીમ ﷺના જાહેર થતાં અને કુર્આન ઉતરતાં પહેલાં ઈમાન લાવ્યા, જેમ કે ઝેદ બિન અમ્ર, વર્કા બિન નૌફલ અને કેસ બિન સાઈદા.

**૧૫૧, શાને નુઝૂલ** : બદરે સુગ્રા (નાનું બદ્ર)ની લડાઈ જે અબુ સુફિયાન સાથે નક્કી થઈ ચૂકી હતી, જ્યારે તેનો સમય આવી લાગ્યો ત્યારે નબીએ કરીમ ﷺ એ લોકોને ત્યાં (લડવા) જવાનું નિમંત્રણ આપ્યું. અમુક લોકોને આ અઘરું લાગ્યું ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી, અને પોતાના હબીબ ﷺ ને હુકમ આપ્યો કે તમે જિહાદ ત્યજશો નહીં, ભલે એકલા રહી જાવ, અલ્લાહ તમારો સહાયક છે, તેનો વાયદો સાચો છે, આ હુકમ પછી સરવરે આલમ ﷺ બદરે સુગ્રા માટે ઉપડી ગયા, માત્ર ૭૦ અસ્વાર આપની સાથે હતા.

**૧૫૩** : અને તેમને જિહાદનો શાખ અપાવો.

**૧૫૪** : જેમ કે એવું જ બન્યું કે મુસલમાનોનું આ સરખું સૈન્ય સફળ થઈને પાછુ ફર્યું, અને કાફિરો એવા ડઘાયા કે મુસલમાનોના સામના માટે મેદાનમાં આવી શક્યા નહીં.

**મસ્અલો** : આ આયતથી જણાયું કે સૈયદે આલમ ﷺ બહાદુરીમાં પણ સર્વોત્તમ છે. આપને એકલા જ કાફિરોના સામના માટે જવાનો હુકમ થયો, અને આપ તૈયાર થઈ ગયા.

**૧૫૫** : સારો બદલો અને અજર.

**૧૫૬** : અઝાબ અને સજા.

**૧૫૭. સલામના મસ્અલા** : સલામ કરવી સુન્નત છે. અને જવાબ આપવો ફર્ઝ છે. અને જવાબમાં શ્રેષ્ઠ તે છે કે સલામ કરનારના સલામ પર અમુક શબ્દો વધારે, દા.ત. પ્રથમ વ્યક્તિ "અસ્સલામુ અલયકુમ" કહે ત્યારે બીજો માણસ "વઅલયકુમુસ્સલામ વરહમતુલ્લાહ" બોલે. અને પહેલાએ "વરહમતુલ્લાહ" પણ કહ્યું હોય, તો આ "વબરકાતુહ"નો વધારો કરે, એનાથી સલામ અને એના જવાબમાં અન્ય કોઈ વધારે નથી.

કાફિર, ફાસિક, ગુમરાહ, ઈસ્તિન્જો કરવામાં મશગૂલ હોય એવા મુસલમાનને સલામ ન કરવી જોઈએ, જે માણસ ખુત્બો, તિલાવતે કુર્આન, હદીષ, ઈલ્મી ચર્ચા, અઝાન અથવા તકબીરમાં પરોવાએલો હોય તેવાને એવી હાલતમાં સલામ ન કરે અને એમને કોઈ સલામ કરે તો તેમના માથે જવાબ દેવો વાજિબ નથી, અને જે માણસ શતરંજ, ચોસર, પત્તા, ગંજીફો વગેરે કોઈ નાજાઈઝ રમત રમી રહ્યો હોય, અથવા ગાવા વગાડવામાં મગ્ન હોય, અથવા પાયખાનામાં કે સ્નાનગૃહમાં હોય, અથવા કારણ વગર નગ્નવસ્થામાં હોય, તેમને સલામ કરવામાં ન આવે.

**મસ્અલો : આદમી જ્યારે પોતાના ઘરમાં પ્રવેશે ત્યારે પોતાની પત્નીને સલામ કરે.** હિંદુસ્તાનમાં આ ઘણો ખોટો રીવાજ છે કે પતિ પત્નીના ઊંડા સંબંધો હોવા છતાં એક મેકને સલામની વંચિત રાખે છે ! સલામ જેને કરવામાં આવે છે તે તેના માટે સલામતીની દુઆ છે.

**મસ્અલો** : ઉત્તમ સવારીવાળો અનુત્તમ સવારીવાળાને અને અનુત્તમ સવારીવાળો પગે ચાલનારને, પગપાળા ચાલનાર બેસનારને, નાનો મોટાને અને થોડા વધારેને સલામ કરે.

**૧૫૮** : અર્થાત તેનાથી વધુ સાચો કોઈ નથી. કારણ કે તેના માટે જૂઠ અશક્ય અને અસંભવ છે, કારણ કે જૂઠ ઐબ છે, અને દરેક ઐબ અલ્લાહ માટે અસંભવ છે, તે તમામ ઐબોથી પવિત્ર છે. *(ક્રમશઃ)*

## દર્સે હદીષે પાક એટલે

## મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ : ૧)

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ رحمۃ الحنان

**કાર્યાલય**

*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ઘરોમાં મસ્જિદો બનાવવા અને તેમને પાક તથા સાફ તથા મોઅત્તર રાખવાનો હુકમ આપ્યો[૧]. (અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** આનાથી મસ્જિદે બયઅત મુરાદ છે એટલે ઘરમાં કોઈ ઓરડો અથવા ખૂણો નમાઝના માટે રાખવામાં આવે, જ્યાં કોઈ દુનિયવી કામ ન કરવામાં આવે. તે જગા સ્વચ્છ રાખવામાં આવે અને ખુશ્બુનો લેહાઝ રાખવામાં આવે. અમે અમારા બુઝુર્ગોને એના પર અમલ કરતા જોયા પણ હવે એનો રિવાજ જતો રહ્યો. અમુક ઉલમા ફર્માવે છે કે એનાથી મહોલ્લાની મસ્જિદ મુરાદ છે. એટલે કે જ્યાં મુસલમાનોનાં અમુક ઘરો હોય ત્યાં એક મસ્જિદ પણ બનાવી લીધા કરો. પંજાબમાં કૂવાઓ નજીક મસ્જિદ હોય છે. એનો માખઝ આ હદીષ છે. આ હદીષથી જાણવા મળ્યું કે મસ્જિદોમાં ખુશ્બુઓ સળગાવવી, અત્તર ઘસવું મુસ્તહબ છે.

*હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મને મસ્જિદોની ટીપટોપ કરવાનો હુકમ નથી આપવામાં આવ્યો[૧] હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે તમે લોકો યહૂદીઓ તથા ઈસાઈઓની જેમ મસ્જિદોને શણગારશો[૨]. (અબૂ દાઊદ)*

**૧.** એનાથી મુરાદ નાજાઈઝ સાઝ શણગાર છે જેમ કે ફોટાઓ તથા તસ્વીરોથી સજાવવી અથવા ગર્વ કરવા માટે શણગારવું મુરાદ છે, જે અલ્લાહના માટે ન હોય. સારાંશ કે જાઈઝ શોભા જે ઈખ્લાસની સાથે હોય તે સવાબનો સબબ છે.

**૨.** એટલે કે જેવી રીતે ઈસાઈ યહૂદી પોતાની ઈબાદતગાહોને ફોટા તથા આદમ કદના આઈનાઓ વડે સજાવે છે, તો કયામતની નજીક મુસલમાન પણ મસ્જિદોને એના વડે સજાવશે, નહીં તો મસ્જિદની ઝીનત (શણગાર) સહાબાની સુન્નત છે. જેમ કે ઉમર ફારૂક رضی اللہ عنہ એ મસ્જિદે નબવી શરીફને શણગારી, પછી ઉષ્માનગની رضی اللہ عنہ એ તેની દીવાલો ચુના વડે ખૂબ નકશીદાર બનવી, છતમાં સાગવાનની લાડકી લગાડી. હઝરત સુલૈમાન علیہ السلام એ બયતુલ મુક઼દસમાં એટલી રોશની કરી હતી કે એમાં સ્ત્રીઓ ત્રણ માઈલ સુધી રેંટીયો કાંતી લેતી હતી. એની તેહક઼ીક઼ અમારી કિતાબ જાઅલ હક્ક઼ (ભાગ–૧)માં જુઓ.

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ક઼યામતની નિશાનીઓમાંથી એ છે કે લોકો મસ્જિદો બાબતે ગર્વ લીધા કરશે.[૧] (અબૂ દાઊદ, નિસાઈ, દારમી ઈબ્ને માજહ)*

**૧.** આ હદીષ અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નું અગાઉ વર્ણન થયેલ ફર્માન આ મનાઈની બેહતરીન તફસીર છે. એટલે કે નાજાઈઝ ચીજો વડે મસ્જિદ સજાવવી અથવા ગર્વ લેવા તથા દેખાડો કરવાના તરીક઼ા પર સજાવવી મના છે.

મુસલમાન શબે કદ્રમાં તથા મીલાદુન્નબીમાં મસ્જિદોમાં ચિરાગાં (લાઈટીંગ) કરે છે તથા ઝંડીઓ વગેરે લગાડે છે, અમુક લોકો આ હદીષની બિના પર એનાથી મના કરે છે એ ગલત છે. જ્યારે શાદી વિવાહમાં આપણા ઘરોને સજાવવામાં આવે છે તો પછી મોતબર્રક તારીખોમાં અલ્લાહના ઘરને કેમ સજાવવામાં ન આવે.

*તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારા પર મારી ઉમ્મતના સવાબ પેશ કરવામાં આવ્યા, ત્યાં સુધી કે તે કચરો જેને માણસ મસ્જિદથી કાઢી નાખે.[૧] અને મારા પર મારી ઉમ્મતના ગુનાહ પેશ કરવામાં આવ્યા, તો મેં એનાથી મોટો કોઈ ગુનોહ ન જોયો કે કોઈ શખ્સને કુર્આનની સૂરત અથવા આયત આપવામાં આવે પછી તે તેને ભૂલાવી દે.[૨] (તિર્મિઝી, અબૂ દાઊદ)*

**૧.** આ પરથી જાણવા મળ્યું કે મસ્જિદમાં ઝાડુ મારવું, તેની દીવાલો તથા છતની મરમ્મત કરવી બેહતરીન અમલ છે.

**૨.** એ રીતે કે એનો દૌર ન કરે, નમાઝોમાં ન પઢે, એટલા માટે ભૂલી જશે. જો કોઈ ઘડપણના કારણે કોઈ આયત યાદ ન રાખી શકે તો કદાચ મુજરિમ ન ઠરશે. યાદ રાખશો કે ગુનાહે કબીરા અને ગુનાહે અઝીમમાં ફરક છે. આ ભૂલી જવું એ ગુનાહે અઝીમ છે, ગુનાહે કબીરા નથી જેથી આ હદીષ તે હદીષોની વિરૂધ્ધ નથી જેમનામાં ફર્માવવામાં આવ્યું કે મોટો ગુનોહ કબીરા શિર્ક છે.

*હઝરત બુરીદા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એ લોકોને કયામતના દિવસે પૂરી રોશનીની ખુશ ખબરી આપો જેઓ અંધારામાં મસ્જિદોએ જાય છે.[૧] (તિર્મિઝી, અબૂ દાઊદ)*

**૧.** એટલે કે જે લોકો વરસાદ તથા અંધારી રાતોમાં મસ્જિદે જવાથી રોકાય નથી જતા તેમને રબ તઆલા પુલસિરાત પર જ્યાં ઘટાટોપ અંધકાર છે ત્યાં રોશની આપશે કે તેમની પેશાનીઓ બેટરીની જેમ ચમકતી હશે. અહીંનું અંધારુ કામ આવશે.

*અને ઈબ્ને માજહએ એને સહલ ઈબ્ને સઅદ તથા અનસથી રિવાયત કરી.*

*હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે કોઈ શખ્સને મસ્જિદની ખબરગીરી કરતાં જુઓ[૧] તો એના ઈમાનની ગવાહી આપી દો[૨] કેમ કે રબ તઆલા ફર્માવે છે કે મસ્જિદો તે જ લોકો આબાદ કરે છે જેઓ અલ્લાહ તથા કયામત પર ઈમાન ધરાવે છે.[૩] (તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** એ રીતે કે દરેક નમાઝના માટે ત્યાં હાજર થાય, ત્યાંની સફાઈ કરે, મરમ્મતનો (મેઈન્ટેનન્સ)નો ખયાલ રાખે, જાઈઝ ઝીનતમાં વ્યસ્ત રહે, ત્યાં બેસીને દીની મસાઈલ વર્ણન કરે, ત્યાં દર્સ આપે આ બધુ મસ્જિદની ખબરગીરીમાં સામેલ છે.

**૨.** કેમ કે એ ચીજો ઈમાનની નિશાનીઓ છે. યાદ રાખશો કે આ ગવાહી એવી જ છે જેમ કે કોઈનો લિબાસ તથા શકલ જોઈને એને મોમિન સમજીએ તથા કહીએ છીએ. ગવાહીથી મુરાદ નિશ્ચિત ફૈંસલો નથી. જેથી આ હદીષ ''બાબુલ ઈમાન બિલ્ કદર''ની હદીષોની વિરૂધ્ધ નથી, કે આઈશા સિદીકા رضی اللہ عنہاએ એક અન્સારી બાળકને જે મૃત્યુ પામ્યો હતો તેને જન્નતનું પક્ષી કહ્યો. હુઝૂર ﷺએ એને મના કર્યું. ફર્માવ્યું, તમને શું ખબર કે એ ક્યાં જશે? તેમજ

જો કોઈનું કુફ્ર જાહેર થાય અને તે મસ્જિદની ખિદમત કરે તો તેને મોમિન કહેવામાં નહીં આવે. જેમ કે એ જમાનાના નમાઝી મુનાફિક઼ તથા આ જમાનાના નમાઝી તથા મસ્જિદોના ખિદમત કરનારા મિર્ઝાઈ. જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ અથવા اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ

**૩.** આ આયતની બે તફસીરો છે : એક એ કે મસ્જિદો આબાદ કરવાની તૌફીક઼ સામાન્યતઃ મો'મિનને જ મળે છે. બીજુ એ કે મસ્જિદો બનાવવા તથા આબાદ કરવાનો હક્ક઼ કેવળ મો'મિનોને છે કાફિરોને નહીં, એટલા માટે મુનાફિક઼ોની ''મસ્જિદે દ઼ર્રાર'' તોડી પાડવામાં આવી હતી. મિર્ક઼ાતે ફર્માવ્યું કે અહીં મસ્જિદની આબાદીમાં મસ્જિદોમાં રોશની કરવી, તેને સજાવવી સૌ સામેલ છે.

*હઝરત ઉષ્માન ઈબ્ને મજઊન رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમને ખસ્સી થઈ જવાની ઈજાઝત આપો[૧] હુઝૂર ﷺએ ફર્માવ્યું કે ખસ્સી થાય કે ખસી કરે તે અમારામાંથી નથી.[૨] મારી ઉમ્મતનું ખસ્સી થવું રોઝામાં છે.[૩] અર્ઝ કરી કે અમને ખાનાબદોશ (બેઘર) થવાની ઈજાઝત આપો. ફર્માવ્યું, મારી ઉમ્મતની ખાનાબદોશી (બેઘર થવું) અલ્લાહની રાહમાં જેહાદ છે.[૪] અર્ઝ કરી, અમને તર્કે દુનિયા (દુનિયાના ત્યાગ)ની ઈજાઝત આપો. ફર્માવ્યું, મારી ઉમ્મતનો દુનિયા ત્યાગ નમાઝના ઈન્તેઝારમાં મસ્જિદમાં બેસવું છે.[૫] આને શરહે સિન્નહએ રિવાયત કરી.*

**૧.** એટલે કે મને અને મારા જેવા એ મિસ્કીનોને જેમનામાં નિકાહની શક્તિ નથી ખસ્સી થવાની રજા આપો જેથી અમે ઝિના ન કરી શકીએ. આ રબ તઆલાથી અતિશય કક્ષાના ડરની નિશાની છે. મિર્ક઼ાતે ફર્માવ્યું, તેમનો હેતુ એ હતો કે અમે નિકાહને પાત્ર ન રહીએ, કેમ કે નિકાહ દુનિયવી ઉલઝનોની જડ છે, અલ્લાહ અલ્લાહ કરીને જિંદગી પસાર કર્યા કરીએ.

**૨.** એટલા માટે કે માનવનો વંશવેલો અટકાવે છે. માણસની સલામતીથી (બક઼ાથી) ઈસ્લામની સલામતી છે. એના પરથી જાણવા મળ્યું કે ગર્ભ નિરોધક દવાઓ ખાવી તથા ખવડાવવી હરામ છે. તેમજ સ્ત્રીઓનાં ગર્ભ કાઢી નાખવાં અથવા તેમને ઔલાદને જન્મ આપવાથી નાકાબિલ કરવાં પણ હરામ છે. જ્યારે ઝિના માટે હોય કે વંશવેલો અટકાવવા માટે હોય. *(અઝ : મિર્ક઼ાત)*

**૩.** કેમ કે રોઝાથી વાસના ખત્મ થાય છે. જાણવા મળ્યું કે જે લોકો નિકાહ કરી શકે તેઓ પોતાને નામર્દ ન બનાવે બલ્કે રોઝા રાખ્યા કરે.

**૪.** કે મુજાહિદ જેહાદની હાલતમાં વતન પણ છોડી આપે છે અને સફરનો સામાન સાથે લઈને ફરે છે. જાણવા મળ્યું કે વિના કારણે વતનનો ત્યાગ કરીને માર્યા માર્યા ફરવું મના છે. ટેમ્પરરી તૌર પર દુનિયાની સૈર તથા સફર કરવી જેમ કે અવલિયા અલ્લાહથી મરવી છે એ મના નથી રબ ફર્માવે છે : قُلْ سِيْرُوْا فِى الْاَرْضِ

**૫.** رَهْبٌ تَرَهُّبٌથી બન્યું. ખૌફના અર્થમાં كَانُوْا يَتَرَهَّبُوْنَ ઈસ્તેલાહમાં ખૌફે ખુદામાં મખ્લૂક઼થી ભાગીને પહાડની ટોચો અથવા ગુફાઓમાં બેસીને ઈબાદત કરવી تَرَهُّبٌ છે. એટલા માટે રહબાનિયત તથા રાહિબ (સંસાર ત્યાગ) બન્યું. એટલે કે નમાઝના ઈન્તેઝારમાં મસ્જિદમાં બેસવું દુનિયાનો ત્યાગ છે કે એ સમયે માણસ બીવી બચ્ચાંથી અલગ થઈ જાય છે. પહેલાના જમાનામાં સંસાર ત્યાગ મહાન ઈબાદત હતી, આપણા ઈસ્લામમાં હરામ છે. ઈસ્લામ ચાહે છે કે એક હાથમાં દીન આપે એક હાથમાં દુનિયા. અલ્લાહની આપેલી તાક઼તોને બેકાર કરવી કમાલ નથી, બલ્કે તેને સાચા માર્ગમાં ખર્ચ કરાવી દેવી એ કમાલ છે. *(ક્રમશઃ)*

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**કા'બા કા નામ તક ન લિયા તયબહ હી કહા**
**પૂછા થા હમસે જિસને કે નહઝત કિધર કી હૈ**

*(નહઝત = નિય્યત)*

**અર્થાત :** જેમ કે (હજના) સફર દરમ્યાન મને જ્યારે પણ કોઈએ પૂછયું કે ક્યાં જવાનો ઈરાદો છે ? તો મેં કા'બાનું નામ તો લીધુ જ નહીં, બસ એવું જ કહ્યું કે મદીના જઈ રહ્યો છું.

એનું કારણ આ સિવાય બીજુ શું હોય શકે છે કે ખુદા તો દરેક જગાએ મૌજૂદ છે, જો કોઈ એવું કહે કે ખુદા કા'બામાં રહે છે તો એ ગલત છે કે અલ્લાહ કોઈ મકાનમાં આવવાથી પાક છે. કેવળ નિસ્બતના કારણે કા'બાને અઝમત મળી ગઈ છે કે બયતુલ્લાહ છે એટલે કે અલ્લાહનું ઘર. જ્યારે કે એ અર્થમાં તો નહીં પરંતું અમારાં ઘરો પણ તો અલ્લાહનાં જ છે, આખુ જગત અલ્લાહનું, મકાન તથા લામકાં અલ્લાહનું, જમીન તથા આસ્માન અલ્લાહનાં, પણ બયતુલ્લાહ શરીફને બુઝુર્ગીની નિસ્બત અલ્લાહના નામની મળી ગઈ અને રોઝએ પાકમાં તો હુઝૂર ﷺ રહે છે, અને હુઝૂર તે છે કે :–

*હૈં કા'બએ કૌનેન રસૂલુષ્ષક઼લૈન–હૈં ક઼િબ્લએ દારૈન નબીયુલ હરમૈન*
*ક્યૂં દોનોં જહાં ન ઉન્કે દરપે જાએં–હૈં ક઼ાસિમે કુલ શય જદુલ હસ્નૈન*

**કા'બા ભી હૈ ઉન્હીં કી તજલ્લીકા એક ઝિલ્લ**
**રોશન ઉન્હીં કે અકસ સે પુત્લી હજર કી હૈ**

*(ઝિલ્લ = અકસ, પ્રતિબિંબ, પુત્લી હજરકી = હજરે અસ્વદની શકલ આંખની પુતળીથી મળતી જુલતી છે)*

**અર્થાત :** અમે કા'બાની અઝમતનો ઈન્કાર નથી કરતા બલ્કે દિલ તથા જાનથી એની ફઝીલતને માનીએ છીએ, કેમ કે કા'બા મોઅઝ્ઝમા પણ આપણા આક઼ા ﷺની તજલ્લીઓના અન્વારમાંની એક તજલ્લીનું પ્રતિબિંબ છે, અને આપના નૂરના જલ્વાથી જ હજરે અસ્વદ રોશન તથા મુનવ્વર છે અને કાઈનાતમાં પોતાનો ફયઝ વહેંચી રહ્યો છે.

**હોતે કહાં ખલીલો બિના કા'બઓ મિના**
**લૌલાકવાલે સાહિબી સબ તેરે ઘર કી હૈ**

**અર્થાત :** આ શેઅરમાં એનાથી ઉપલા શેઅરમાંના દાવાની દલીલ આપવામાં આવી રહી છે કે દરેક

ચીજનું અસ્તિત્વ હુઝૂર ﷺના નૂરના ફયઝથી છે, જો હુઝૂર ﷺ ન હોત તો ન કા'બાનું બાંધકામ કરનાર ખલીલુલ્લાહ علیہ السلام હોત, ન કા'બાનો પાયો રાખવામાં આવત અને ન તો મિનાની રોનકો હોત. કેમ કે હે મારા પ્યારા આકા ! ﷺ અલ્લાહે હદીષે કુદ્સીમાં ખુદ ફર્માવ્યું છે :–

لولاک لما خلقت الافلاک۔لولاک لما خلقت الدنیا۔لولاک لما اظهرت الربوبیه "જો હે મહબૂબ ! તને પેદા કરવાનો હેતુ ન હોત તો ન આસ્માન પેદા કરતો, ન દુનિયા પેદા કરત અને ન તો મારી રબૂબિયતને જાહેર કરતો."

*હૈ ઉન્હીં કે દમ કદમસે બાગે આલમમેં બહાર–વો ન થે આલમ ન થા ગિરોહ ન હોં આલમ ન હોં*

**મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ**
**ઔર વો ભી જો અસ્ર સબસે જો આ'લા ખતરકી હૈ**

**અર્થાત :** ખયબરથી પરત થતાં સહબા સ્થળે નબી કરીમ ﷺએ અસ્રની નમાઝ પઢીને મૌલા અલી کرم اللہ وجہہ الکریمની જાંગો પર સરે અક્દસ રાખીને આરામ કર્યો. મૌલા અલી کرم اللہ وجہہ الکریمએ નમાઝ પઢી ન હતી. આંખથી જોતા રહ્યા કે સમય વહી રહ્યો છે પણ એ વિચારે કે જાંગો સરકાવીશ તો કદાચ હુઝૂર પુરનૂર ﷺની ઊંઘ મુબારકમાં ખલેલ આવે, જેથી હરકત ન કરી, ત્યાં સુધી કે સૂર્ય આથમી ગયો.

આ રીતે હઝરત અલી کرم اللہ وجہہ الکریم આપની ઊંઘ પર અસ્ર જેવી મહત્વની નમાઝ કુર્બાન કરી આપી કે જેનું અલ્લાહે આ શબ્દોમાં મહત્વ દર્શાવ્યું છે : حٰفِظُوْا عَلَى الصَّلَوٰتِ وَ الصَّلٰوةِ الْوُسْطٰى *(સૂ. બકરહ, ૨/૨૩૮)* સર્વ નમાઝોની હિફાઝત કરો ખાસ કરીને વચલી નમાઝ એટલે અસરની.

ઉપરના શેઅરોની સ્પષ્ટતા અબૂન્નૂર મૌલાના મુહમ્મદ બશીર رحمۃ اللہ علیہએ આ પ્રમાણે કરી છે :

**★ મૌલા અલીને વારી તેની નીંદ પર નમાઝ ★**

એક દિવસે સહબા સ્થળે હુઝૂર ﷺએ ઝોહરની નમાઝ પઢીને હઝરત અલી رضی اللہ عنہને કોઈ કામના માટે ક્યાંક મોકલી આપ્યા. હઝરત અલી જ્યારે આવ્યા તો હુઝૂર ﷺ અસરની નમાઝ પઢી ચૂક્યા હતા. હુઝૂર સરવરે આલમ ﷺએ પોતાનુ માથુ મુબારક હઝરત અલી رضی اللہ عنہની ગોદમાં રાખ્યું અને સૂઈ ગયા. હઝરત અલી رضی اللہ عنہએ અસરની નમાઝ પઢવાની બાકી હતી. સમય વહી રહ્યો હતો પણ હુઝૂર ﷺના આરામનો ખયાલ કરીને હુઝૂરને ન જગાડયા, ત્યાં સુધી કે સૂર્ય આથમી ગયો. હુઝૂર ઉઠયા તો ફર્માવ્યું, હે અલ્લાહ ! તારો બંદો અલી તારા નબીની ખાતર બેઠેલો રહ્યો, તું સૂરજને એના માટે પલટાવી દે. હુઝૂર ﷺએ આટલુ જ કહ્યું હતું એટલામાં સૂરજ ફરી નીકળી આવ્યો, ત્યાં સુધી કે તેનો તડકો પહાડો તથા જમીન પર પડવા લાગ્યો.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ઉઠયા, વુઝૂ કર્યું અને અસ્રની નમાઝ પઢી પછી સૂરજ આથમી ગયો. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત અલીએ હુઝૂર ﷺની ઊંઘ માટે નમાઝ કુર્બાન કરી આપી, અને નમાઝ પણ તે જેના માટે અલ્લાહે ખાસ તાકીદ કરી છે.

વિચારો ! હુઝૂર ﷺ હઝરત અલી رضی اللہ عنہની ગોદમાં આરામ કરી રહ્યા છે. મૌલા અલી رضی اللہ عنہએ નમાઝ

પઢવાની બાકી છે. સમય વહી રહ્યો છે છતાં હઝરત અલી رضی اللہ عنہ હુઝૂર ﷺને બોલાવતા કે નથી જગાડતા. જાણે વિચારે છે કે : *નમાઝેં ફિર અદા હોં ગર કઝા હોં–નિગાહોંકી કઝાએં કબ અદા હોં*

આમ વિચારીને પોતાની નમાઝ હુઝૂર ﷺની ઊંઘ પર કુર્બાન કરી દીધી. એ નમાઝ અસરની નમાઝ હતી. નમાઝ આમ પણ મહત્વનો ફરીઝો છે. એક નમાઝો આપણી છે જે મહત્વની છે એક નમાઝ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની પણ છે નમાઝે કર્બલા ! એનું મહત્વ કોણ વર્ણવે ? અને વળી હુસૈનના પણ પિતા મૌલા અલી رضی اللہ عنہની નમાઝ ? પોતે જ વિચારી લો કે કેટલા પ્રમાણમાં મહત્વની હશે. સહબા સ્થળે હુઝૂર ﷺની ઊંઘ પર આ આટલી મહાન અઝમતવાળી નમાઝ કુર્બાન કરવામાં આવી રહી છે. અને વળી આ હૈદરે કર્રારની નમાઝ કોની ઊંઘ પર કુર્બાન કરવામાં આવી રહી છે ? અલ્લાહુ અકબર ! જેની ઊંઘની અઝમતનો આલમ આ છે તો પછી એ સૂવાવાળાની અઝમતનો આલમ તો ખુદા જ જાણે !

## ★ સિદ્દીક બલ્કે ગારમેં જાન ઉસપે દે ચુકે ★

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ (હિજરતની રાતે) જ્યારે હુઝૂર ﷺની સાથે ગુફા સુધી પહોંચ્યા તો હુઝૂર ﷺને અર્ઝ કરી કે હુઝૂર ! ગુફામાં આપ પહેલા તશરીફ ન લઈ જાવ, પ્રથમ હું જાઉં છું જેથી એમાં કોઈ ચીજ (મૂઝી જાનવર વગેરે) હોય તો એની તકલીફ મને પહોંચે, આપને ન પહોંચે. જેથી સિદ્દીક رضی اللہ عنہ ગુફામાં પ્રવેશ્યા તો ગુફામાં કેટલાય કાંણા જોવા મળ્યાં. આપે આપની ચાદર ફાડી ફાડીને એ દરોને પૂરી દીધાં. બે દરો બાકી રહી ગયાં હતાં તો એ બંનેવમાં પોતાના પગો નાખી દીધા. પછી હુઝૂર ﷺને અર્ઝ કરી કે તશરીફ લાવો. હુઝૂર તશરીફ લાવ્યા તો પોતાનું સર મુબારક સિદ્દીકની ગોદમાં રાખીને આરામ કરવા લાગ્યા, એટલામાં સિદ્દીકના પગો પર દરમાંથી સાપે ડંખ માર્યો જેનાથી સિદ્દીકે અકબર رضی اللہ عنہને તકલીફ થઈ છતાં હલતા ન હતા કે જેથી હુઝૂર ﷺની ઊંઘમાં ખલેલ ન પડે, ત્યાં સુધી કે સિદ્દીકે અકબર رضی اللہ عنہનાં આંસૂ હુઝૂર ﷺના ચહેરા મુબારક પર પડયાં. તો હુઝૂરે કારણ પૂછયું. આપે અર્ઝ કરી, હુઝૂર ! મારાં મા બાપ આપના પર કુર્બાન ! મને સાપે કરડી ખાધુ છે ! હુઝૂરે ડંખની જગાએ પોતાનું લુઆબે દહન (થૂક મુબારક) લગાડયું તો સિદ્દીકે અકબર رضی اللہ عنہની સર્વ તકલીફ દૂર થઈ ગઈ.

સહબા સ્થળે હુઝૂર ﷺએ મૌલા અલી رضی اللہ عنہની મુબારક ગોદમાં પોતાનું સર મુબારક રાખ્યુ અને સૂઈ ગયા. અને ગુફામાં હુઝૂર ﷺએ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની ગોદમાં માથુ મુબારક રાખ્યું અને સૂઈ ગયા, સહબા સ્થળે અલીની ગોદમાં હુઝૂરના સૂવાનો મન્ઝર શાઈરે આ પ્રમાણે વર્ણવ્યો છે :

*ઝમીં પર અર્શે બાલા કે નિશાં માલૂમ હોતે હૈં–અલી કી ગોદમેં દોનોં જહાં માલૂમ હોતે હૈં*

અને ગુફામાં સિદ્દીકે અકબર رضی اللہ عنہની ગોદમાં સૂવાનો મન્ઝર આ પ્રમાણે વર્ણવ્યો છે :

*યહ હુસ્ન સાથ ઈશ્ક કે ક્યા લાજવાબ હૈ–રખી હૂઈ રહલ પે ખુદાકી કિતાબ હૈ*

કુર્આન મજીદ કુર્આને સામિત (ખામોશ) છે અને હુઝૂર ﷺ કુર્આને નાતિક (બોલતુ કુર્આન) છે. કુર્આન મજીદને કોઈ નાપાક જગાએ રાખવું અતિશય બેઅદબી તથા ગુમરાહી છે. એ જ પ્રમાણે હુઝૂર ﷺને પણ કોઈ નાપાક ગોદમાં માનવું અતિશય બેઅદબી તથા ગુમરાહી છે. જાણવા મળ્યું કે સહબા સ્થળે પણ હુઝૂર પાક પવિત્ર ગોદમાં હતા અને ગારે ષૌરમાં પણ હુઝૂર પાક તથા મુબારક ગોદમાં હતા. જે ગુસ્તાખો હઝરત સિદ્દીકે અકબર

رضی اللہ عنہના ઈમાન પર મહેણાં મારે છે તેઓ મઆઝલ્લાહ ! પોતાના ઈમાનની ખબર લે !

ગુફામાં સિદ્દીકે અકબર رضی اللہ عنہને સાપે દંશ દીધો તો સિદ્દીક હાલ્યા પણ નહીં કે જેથી હુઝૂર صلی اللہ علیہ وسلمની ઊંઘમાં ખલેલ ન પડે, હા ! તકલીફથી આપનાં આંસૂ નીકળી આવ્યાં અને હુઝૂરે જાગીને પૂછયું, "તમને શું થયું ? તમે શા માટે રડો છો ? રડે તમારા દુશ્મન !" (જેથી આજ સુધી રડી રહ્યા છે અને રડતા રહેશે) સિદ્દીક رضی اللہ عنہના પગમાં ઝહેર હતું અને ગોદમાં શિફા ! જેમ કે હુઝૂરે પોતાનું થૂક મુબારક ઝહેરના સ્થળે લગાડયું તો તકલીફ દૂર થઈ ગઈ. આ છે હુઝૂર صلی اللہ علیہ وسلمનું થૂક મુબારક ! જે રહમત તથા શિફા છે, અને એક આપણુ પણ થૂક છે જે બીમારી તથા વબા છે ! એટલા માટે જાહેર સ્થળે લખવામાં આવે છે કે, "થૂકશો નહીં એનાથી બીમારી ફેલાય છે." આપણા થૂકથી બીમારીઓનું ઝહેર ફેલાય અને હુઝૂર صلی اللہ علیہ وسلمના થૂક મુબારકથી સાપના ઝહેરની અસર દૂર થઈ જાય ! સરસ ફર્માવ્યું આ'લા હઝરત رضی اللہ عنہએ જ કે :

*જિસસે ખારી કૂંએ શીરએ જાં બને–ઉસ ઝલાલે હવાલતપે લાખોં સલામ*

**અર્થાત** : આ'લા હઝરત قدس سرہએ આ જ બે બનાવો પ્રતિ નિર્દેશ કરતાં ફર્માવ્યું છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ હુઝૂર صلی اللہ علیہ وسلمની ઊંઘ પર નમાઝ કુર્બાન કરી આપી અને સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાની જાન ! કે જેને બચાવવી સર્વ ફરજોથી મહત્વનો ફર્ઝ છે. જાન હશે તો અન્ય ફર્ઝો પણ પૂરા કરી શકાશે. આ'લા હઝરત ફર્માવે છે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એમાં શક નથી કે ડૂબેલા સૂર્યને પલટાવીને આપે હઝરત અલીની નમાઝ ફેરવી આપી. અને ડંખના સ્થાને થૂક મુબારક લગાડીને સિદ્દીકે અકબર رضی اللہ عنہને તેમની જાન પરત આપી દીધી, પણ સિદ્દીક તથા અલી رضی اللہ عنہما તો પોતાના તરફથી પોત પોતાની કુર્બાની આપી ચૂક્યા હતા. અલી رضی اللہ عنہએ મુસ્તફા صلی اللہ علیہ وسلمની સરખામણીમાં નમાઝની પરવા ન કરી અને સિદ્દીક رضی اللہ عنہએ પોતાની જાનની, જ્યારે કે એ બંનેવ ચીજો પણ આ'લા ફર્ઝોમાં દાખલ હતી. તો જાણે એ બંનેવ હઝરાતે હુઝૂર صلی اللہ علیہ وسلمની મુકદસ નીંદ પર એ ફર્ઝોને કુર્બાન કરીને એ સાબિત કરી આપ્યું કે દરેક ફર્ઝ શાખ છે અને : *અસ્લ ઉસૂલ બંદગી ઉસ તાજવર કી હૈ*

**સિદ્દીક બલ્કે ગારમેં જાન ઉસ પે દે ચુકે**
**ઔર હિફઝે જાં ફુરૂઝે ગુરર કી હૈ**

*(હિફઝે જાં = જાનની રક્ષા. ફુરૂઝે ગુરર = સર્વ ફર્ઝોથી મહાન ફર્ઝ)*

**અર્થાત** : એનો નિર્દેશ ઊંઘની તરફ છે. એટલે કે સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ષૌર ગુફામાં હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمની ઊંઘ પર પોતાની જાન કુર્બાન કરી આપી કે ગારે ષૌરના દરો (કાંણા) પોતાનાં કપડાં ફાડી ફાડીને બંધ કરી આપ્યાં, પણ એક કાંણુ બાકી રહ્યું એમાં પગનો અંગૂઠો રાખી દીધો અને હુઝૂર صلی اللہ علیہ وسلمને બોલાવ્યા. હુઝૂરે એમની જાંગ પર માથુ રાખીને આરામ કર્યો. એ ગુફામાં એક સાપ હુઝૂર صلی اللہ علیہ وسلمની ઝિયારત (દીદાર)નો મુશ્તાક રહેતો હતો, તેણે પોતાનું માથુ સિદ્દીકના પગો પર ઘસ્યું પણ આપે જાન જાય પણ હુઝૂર صلی اللہ علیہ وسلمની ઊંઘમાં ખલેલ ન પડે એમ વિચારી પગ ન હટાવ્યો છેવટે તેણે પગમાં કરડી લીધું. દર વર્ષે તે ઝહેર જોશ મારતુ. છેવટે એનાથી જ શહાદત પામ્યા.

જેથી હુઝૂર صلی اللہ علیہ وسلمની અઝમત સિદ્દીકે અકબર رضی اللہ عنہને પૂછો કે જે માણસ હુઝૂર صلی اللہ علیہ وسلمના ખાતર મૌતને ગળે લગાડી લીધું, જ્યારે કે જાનની રક્ષાનું ફર્ઝ હોવું એ સર્વ ફર્ઝોથી મહાન ફર્ઝ છે. *(ક્રમશઃ)*

# لَیْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૦૯

**અઝ : દાઈએ કબીર મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

## પત્નીને પતિ વિરુદ્ધ ભડકાવવા પર ચેતવણી

પતિ પત્નીનો સંબંધ ઘણો નાઝુક હોય છે કે ઘણીવાર નાની મોટી ગલતફહમીના કારણે પણ બંનેવ વચ્ચે ફૂટ પેદા થઈ જાય છે. એવામાં અમુક લોકો ચિંગારીને હવા દેવાનું કામ કરે છે અને સ્ત્રીના દિમાગમાં તેના પતિ વિરુદ્ધ બદ્‌ગુમાની નાખી દે છે જેનાથી બંનેવ વચ્ચેનો સંબંધ પ્રભાવિત થઈ જાય છે અને પછી લડાઈ ઝઘડા બલ્કે ઘણીવાર તલાક઼ સુધી વાત પહોંચી જાય છે. આવુ કરવાવાળાઓ વિશે ફર્માને મુસ્તફા ﷺ :-

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે આકા઼એ કૌનેન علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :-

لَيْسَ مِنَّا مَنْ خَبَّبَ امْرَأَةً عَلٰى زَوْجِهَا.

"જેણે કોઈ સ્ત્રીને તેના પતિ વિરુદ્ધ ભડકાવી તે અમારામાંથી નથી." *(સુનને અબૂ દાઊદ, ૨/૨૫૪)*

આ રિવાયત હેઠળ એ પણ જણાય છે કે પુરૂષની સરખામણીમાં સ્ત્રી જલ્દી ગલતફહમી અને બદ્‌ગુમાનીનો ભોગ બની જાય છે. એટલા માટે કોઈપણ એવી વાત જેના કારણથી કોઈ સ્ત્રીના દિલમાં તેના પતિ વિરુદ્ધ ગલતફહમી અથવા બદ્‌ગુમાની પેદા થવાનો ભય હોય, કોઈપણ સ્ત્રી સમક્ષ ન કહેવી જોઈએ.

### ★ પતિ પત્નીએ આપસમાં સમાધાન કરવું જોઈએ ★

પતિ પત્નીના સંબંધોનું ઠીક હોવું કોઈપણ સમાજની મજબૂતી અને અડગતા માટે એક પાયાની ચીજ છે. જાહેર છે કે પતિ પત્નીના મેળ મેળાપ અને એકમતી દ્વારા જ એક નવા ખાનદાનનો પાયો નખાય છે અને વિવિધ ખાનદાનોનો સમૂહ જ સમાજ અથવા સોસાયટી કહેવાય છે. માટે જે ખાનદાનોમાં પરસ્પર ઝઘડા જોવા મળે છે અથવા જેમાં એકતા ન હોય અથવા જેમાં પતિ પત્ની વચ્ચે ફૂટફાટ પેદા થઈ ચૂકી હોય તે સમાજ અત્યંત ખોખરો હશે અને જલ્દી પતનનો ભોગ બનશે. આ રીતે પતિ પત્ની દરમિયાન પ્રેમ, મહોબ્બત અને સમવિચારી હોવું ઘણુ જ જરૂરી છે જેથી બંનેવ મળીને પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી શકે અને પોતાની ઔલાદની પણ સારી તર્બિયત કરી શકે જેમના નાઝુક ખભાઓ પર આવનાર ખાનદાનોને સંભાળવાની અને તેમને કાયમ રાખવાની જવાબદારી મૂકવામાં આવશે.

પરંતુ એનો અર્થ એ નથી કે પતિ, પત્ની વચ્ચે કદી કોઈ મતભેદ પેદા જ ન થાય. જાહેર છે કે મતભેદો જરૂર પેદા થશે અને જિંદગીના વિવિધ મોડ પર તેમાં ઉતાર ચઢાવ પણ આવશે. એક બીજાથી કોઈન કોઈ શિકાયત તો રહે જ છે અને આવું હોવું એક સ્વભાવિક વાત છે. કેમ કે જીવન હમેશાં સમાન નથી રહેતુ બલ્કે તેમાં ઉતાર ચઢાવ આવતા રહે છે.

એટલા માટે પતિ પત્ની બંનેવએ એકબીજાને સહન કરવાં અને જ્યાં સુધી બને આપસના મતભેદોને ઓછામાં ઓછા કરવાની કોશિશ કરતા રહેવું જોઈએ. એના વગર જીવનની ગાડી ચાલી નથી શકતી.

આવી પરિસ્થિતિમાં બનતી કોશિશે બંનેવે એકબીજાનો લેહાઝ કરી આપસમાં જ સમાધાન કરી લેવું જોઈએ. અને બંનેવે અલ્લાહથી ડરીને અને તેની નિશ્ચિત કરેલ હદોને ક઼ાયમ રાખી એકબીજાના હક્ક઼ો નિખાલસતા અને એકબીજાની ખૈરખ્વાહી સાથે અદા કરતા રહેવું. એકત્રીજી વ્યક્તિ જે કહી રહી છે એના પર વિશ્વાસ કરવાની જગ્યાએ પતિ પોતાની પત્ની પર અને પત્ની પોતાના પતિ પર વિશ્વાસ કરે અને જે પણ ગલતફહમી હોય બંનેવ આપસમાં એકબીજા સાથે જ તેની સફાઈ કરી લે તો આપસમાં બગાડ પેદા નહીં થાય.

કુર્આને મુક઼દ્દસ એનો આ ક઼ાયદો વર્ણન ફર્માવ્યો છે :–

وَاِنِ امْرَاَةٌ خَافَتْ مِنْۢ بَعْلِهَا نُشُوْزًا اَوْ اِعْرَاضًا فَلَا جُنَاحَ عَلَيْهِمَآ اَنْ يُّصْلِحَا بَيْنَهُمَا صُلْحًا ؕ وَالصُّلْحُ خَيْرٌ ؕ

"અને જો કોઈ સ્ત્રી પોતાના પતિની ઝયાદતી અને નિરસતાનો ભય કરે તો તેમના પર ગુનોહ નથી કે આપસમાં સુલેહ કરી લે અને સુલેહ ખૂબ જ સારી છે." *(સૂરએ નિસાઅ્, ૪/૧૨૮)*

ઝયાદતી એ રીતે કે તનાથી અલગ રહે, ખાવા પહેરવાનો ખર્ચ ન આપે અથવા ઓછો આપે અથવા મારે અથવા બદ્‌ઝુબાની કરે. અને નિરસતા એ છે કે મહબ્બત ન કરે, બોલચાલ બંધ કરી દે અથવા ઓછું કરી દે. આવી સ્થિતિમાં સ્ત્રીને જોઈએ કે પોતે જ આ વિશે પોતાના પતિથી વાતચીત કરે અને તેની સાથે સમાધાન કરે.

એ જ પ્રમાણે સ્ત્રી તરફથી નાફર્માનીનો ભય હોય તો પુરૂષ માટે કુર્આને મુક઼દ્દસે આ કાયદો વર્ણન ફર્માવ્યો છે :–

وَالّٰتِیْ تَخَافُوْنَ نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ فِی الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ ۚ فَاِنْ اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا عَلَیْهِنَّ سَبِیْلًا ؕ

"અને જે સ્ત્રીઓની નાફર્માનીનો તમને ભય હોય તો તેમને સમજાવો અને તેમનાથી અલગ સૂવો, અને તેમને મારો, પછી જો તે તમારુ માની લે તો તેમના પર અત્યાચારનો કોઈ માર્ગ ન ચાહો."

*(સૂરએ નિસાઅ્, ૪/૩૪)*

અર્થાત સ્ત્રી પતિની વાત ન માનતી હોય તો પતિને જોઈએ કે તેને પતિની નાફર્માની, તેની વાત ન માનવા અને તેના હક્કોનો લેહાજ ન રાખવાનાં પરિણામો સમજાવે જે દુનિયા અને આખેરતમાં જાહેર છે. તેને અલ્લાહના અઝાબથી ડરાવે અને તેને બતાવે કે મારો શરીઅતની રૂએ તારા પર હક્ક઼ છે અને મારી વાત માનવી તારા પર ફર્ઝ છે. જો એ છતાં ન માને તો તેનાથી સૂવાનુ અલગ કરી લે એટલે પોતાનું મોઢુ તેનાથી બીજી તરફ કરીને સૂએ કે આનાથી પત્નીને પતિની નારાજગીનો એહસાસ થશે. આમ છતાં પણ તેને એહસાસ ન થાય તો તેને હલ્કી ફુલ્કી માર મારવાની ઈજાઝત છે.

જો પતિ, પત્ની બંનેવ કોઈ ત્રીજા વ્યક્તિની વાત પર વિશ્વાસ ન કરી કુર્આને મુક઼દ્દસના વર્ણન થયેલ નિયમ પ્રમાણે સમાધાન કરી લે તો ઈન્ શા અલ્લાહ ! પરપસ્પર મતભેદો દૂર થઈ જશે અને દાંપત્ય જીવન સારી રીતે પસાર થશે.

પરંતુ યાદ રહે કે સ્ત્રીઓને મારવાનો મતલબ તેમને અતિશય પિટવાનો નથી બલ્કે જેમ કે તેની સ્પષ્ટતા ખુદ હદીષે નબવીમાં આવી છે કે તેમને સમજાવવા માટે હલ્કી માર મારવું મુરાદ છે જેથી તેમના દિલમાં ડર પેદા થાય અને તે નાફર્માનીથી રોકાય જાય. આ વિશે હજ્જતુલ વિદાઅ્ના પ્રસંગે નબીએ કરીમ ﷺએ ઉમ્મતને જે અંતિમ નસીહત ફર્માવી તે એ છે કે પ્રથમ તો મારવાનો સંજોગ આવવો જ ન જોઈએ, અને જો આવે તો આ સ્થિતિને કેવળ તે સમયે જ ઉપયોગમાં લેવી જ્યારે તેના સિવાય અન્ય કોઈ માર્ગ ન રહે, અને તેમાં પણ એ શર્ત લગાડી કે તે માર તકલીફ આપવાવાળો ન હોય. અર્થાત તે મારથી તકલીફ આપવાનો હેતુ ન હોય બલ્કે સમજાવવું અને સુધારણાનો હેતુ હોય. તકલીફ થાય એવો માર જાઈઝ નથી જેનાથી નિશાન પડી જાય.

### ★ વિખવાદ ઊભો કરનાર સૌથી બુરો ઈન્સાન છે ★

અમુક લોકોને આદત હોય છે કે તેઓ ચાલતા ફરતા લોકોના દિલોમાં બીજા લોકો વિરુદ્ધ નફરતનું બીજ નાખતા ફરે છે. એવા લોકોનો અંજામ શું છે જુઓ :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ કૌનો મકાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

خِیَارُکُمُ الَّذِیْنَ اِذَا رُؤُوْا ذُکِرَ اللّٰہُ بِہِمْ، وَاِنَّ شِرَارَکُمُ الْمَشَّاؤُوْنَ بِالنَّمِیْمَۃِ وَالْمُفَرِّقُوْنَ بَیْنَ الْاَحِبَّۃِ الْبَاغُوْنَ لِلْبُرَآءِ الْعَنَتَ۔

**(ભાવાર્થ)** : તમારામાં ઉત્તમ એ લોકો છે જેમને જોઈને અલ્લાહ યાદ આવી જાય અને તમારામાં સૌથી બુરા એ છે જેઓ ચુગલી કરતા ફરે છે, દોસ્તોમાં જુદાઈ કરાવે છે અને પાક લોકો પર તોહમત લગાડે છે." *(શોઅબુલ ઈમાન લિલ્ બૈહક઼ી, ૯/૭૭)*

આ હદીષમાં જે ત્રણ કૂટેવોની નિંદા કરવામાં આવી છે તે ત્રણેવ કૂટેવો સમાજમાં વિખવાદ પેદા કરનારી છે. ચુગલખોર એ સમજે છે કે તે કોઈની ચુગલી કરીને ઘણુ સારુ કામ કરી રહ્યો છે, લોકોના દિલોમાં એકબીજા પ્રતિ નફરત પેદા કરી વિખવાદ નાખવાવાળો એ સમજે છે કે લોકો તેને પોતાનો શુભેચ્છક સમજી રહ્યા છે, અને કોઈ પાકદામન પર તોહમત લગાડનાર એ સમજે છે કે લોકો તેને ઘણો જાણકાર માને છે. આ ત્રણેવ કૂટેવોવાળાઓએ જાણી લેવું જોઈએ કે તેમની આ કૂટેવો અલ્લાહ عَزَّوَجَلَّ અને રસૂલ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ના નજદીક તેમને સમાજના સૌથી બુરા ઈન્સાન બનાવી રહી છે. *(ક્રમશ:)*


*અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્અક઼ીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અક઼વાલ થકી મઝહબે હક઼્ક઼ને રોશન કરતી કિતાબ....*

**જાઅલ્ હક્ક**

(પેજીસ : ૯૩૬) *(સંપૂર્ણ કિતાબ)*

**હદિયો : રૂા. ૩૨૦/–**

*(ટપાલ ખર્ચ રૂા. ૩૦/–)*



**લેખક** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક** : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા–૩૯૨૦૨૦**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧



**અપીલ** : *પ્રસ્તુત કિતાબ છપાવવાનો ખર્ચ મોટો છે અને કિતાબોનો ઉપાડ ખાસ રહેતો નથી જેથી છાપકામમાં સહાય કરવાની નમ્ર અપીલ છે. મર્હૂમોના સવાબ અર્થે ૧૦૦-૨૦૦ કોપી અથવા જે બને તેનો ખર્ચ ઉપાડવા સખીદાતાઓને અપીલ છે. આ કિતાબનું મહત્વ સમજતા હોવ તો જરૂર સહાય કરશો. અલ્લાહ જઝાએ ખૈર આપે. –તંત્રી*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## નસબની સાબિતીનું બયાન

હદીષમાં આવ્યું છે : બાળક તેનું છે જેની ઓરત છે અને વ્યભિચારી માટે પથ્થર છે.

**મસ્અલા** : હમલની મુદ્દત ઓછામાં ઓછી ૬ મહિના છે અને વધારેમાં વધારે બે વરસ છે. પરિણામે જે ઓરત તલાકે રજઈની ઈદ્દતમાં હોય અને ઈદ્દત પૂરી થવાનો ઈકરાર ઓરતે ન કર્યો હોય તેવામાં બાળક પેદા થયું તો નસબ સાબિત થશે અને જો ઈદ્દત પૂરી થયાનો ઈકરાર કરવામાં આવ્યો પરંતુ તે મુદ્દત એટલી છે કે જેમાં ઈદ્દત પૂરી થઈ શકતી હોય અને ઈકરાર કર્યાના છ મહિનાની અંદર બાળક પેદા થયું તો પણ નસબ સાબિત છે (એટલા માટે કે બાળકના પેદા થવાથી માલૂમ પડયું કે ઓરતનો ઈકરાર ગલત હતો) અને બન્ને હાલતમાં (બાળક) પેદા થવાથી સાબિત થયું કે પતિએ રજઅત (તલાક દીધા પછીથી ફરીથી નિકાહમાં લીધી) કરી લીધી છે જ્યારે કે તલાકના વખતથી પૂરા બે વર્ષ કે તેથી વધારે સમયમાં બાળક પેદા થયું હોય. અને બે વરસથી ઓછા સમયમાં પેદા થયું તો રજઅત સાબિત થશે નહીં. એ જ રીતે તલાકે બાઈન કે મોતની ઈદ્દત પૂરી થયાનો ઓરત ઈકરાર કરે અને ઈકરાર કર્યાના વખતથી છ મહિનાની અંદર બાળક પેદા થયું તો નસબ સાબિત છે, નહિતર નહીં.

*(દુર્રે મુખ્તાર, હિદાયા વગેરે)*

**મસ્અલા** : જે ઔરતને તલાકે બાઈન આપવામાં આવી હોય અને બે વર્ષની અંદર બાળક પેદા થયું તો નસબ સાબિત છે અને બે વરસ પછી પેદા થયું તો નહીં (નસબ સાબિત નહીં થાય) અને બે વરસ બાદ પેદા તો નથી થયું પરંતુ શોહર એ બાળક માટે એમ કહે કે એ મારું છે તો હવે સાબિત થઈ જશે અથવા એક બાળક બે વરસની અંદર પેદા થયું અને બીજું પાછળથી પેદા થયું તો બન્નેનો નસબ સાબિત થઈ જશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : નિકાહ થયાના છ મહિનાની અંદર બાળક પેદા થયું તો નસબ સાબિત નથી અને છ મહિના કે તેથી વધારે સમયમાં (પેદા થયું તો સાબિત છે. જ્યારે કે શોહર કબૂલ કરે કે ચૂપ રહે. અને જો શોહર કહે છે કે બાળક પેદા જ નથી થયું તો એક ઓરતની ગવાહીથી પેદાઈશ સાબિત થઈ જશે અને જો શોહરે એમ કહ્યું હતું કે જ્યારે તું બાળક પેદા કરે (ત્યારે) તો તને તલાક અને ઓરત બાળક પેદા થવાની વાત કરતી હોય અને પતિ ઈન્કાર કરતો હોય તો બે મરદ અથવા એક મરદ અને બે સ્ત્રીઓની ગવાહીથી તલાક સાબિત થશે. ફક્ત બાળક પેદા થવાની ગવાહી પૂરતી નથી. એ જ રીતે જો પતિએ હમલનો ઈકરાર કર્યો હતો અથવા હમલ જાહેર હતા તો પણ તલાક સાબિત છે પરંતુ નસબ સાબિત થવા માટે ફક્ત પ્રસૂતિ (બાળકના પેદા થવા)ની વાત પૂરતી નથી અને જો બે બાળકો પેદા થયાં જે પૈકી એક બાળક છ મહિનાની અંદર અને બીજુ બાળક છ મહિના પછી પેદા થયું તો બન્નેમાંથી કોઈનો પણ નસબ સાબિત થશે નહીં.

*(જોહરા, હિંદિયા, બહાર)*

**મસ્અલા** : નિકાહમાં જ્યાં નસબ સાબિત હોવાનું કહેવામાં આવે છે ત્યાં એ જરૂરી નથી કે પતિ દાવો કરે તો નસબ કહેવાશે (ગણાશે) બલ્કે ચૂપ રહેવાથી પણ નસબ સાબિત થશે અને જો

ઈકરાર કરે તો એનાથી વજૂદનો ઈન્કાર થશે નહીં જ્યાં સુધી કે **લિઆન** ન થઈ જાય અને જો કોઈ કારણસર **લિઆન** ન થઈ શકે તો પણ સાબિત થશે.

*(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : શોહરના મૃત્યુના બે વર્ષની અંદર બાળક પેદા થયું તો નસબ સાબિત છે નહિતર નહીં. એ જ હુકમ સગીરા માટે છે જ્યારે કે તે હમલનો ઈકરાર કરતી હોય. જો ઓરત સગીર વયની છે તેણે હમલનો ઈકરાર ન કર્યો તેમજ ઈદ્દત પૂરી હોવાનો ઈકરાર પણ ન કર્યો અને દસ મહિનાને દસ દિવસની અંદર બાળક પેદા થયું તો નસબ સાબિત છે, નહિતર નહીં. સગીરાએ ઈદ્દત પૂરી હોવાનો ઈકરાર કર્યો અને ઈકરાર કરતી વેળા એટલે કે ચાર મહિના દસ દિવસ પછી જો છ મહિનાની અંદર પેદા થયું તો નસબ સાબિત છે, નહિતર નહીં.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : બાળક પેદા થયું, ઓરત કહે છે કે નિકાહને છ મહિના કે તેથી વધારે સમય થયો છે અને મરદ એમ કહેતો હોય કે છ મહિના થયા નથી તો ઓરતને કસમ ખવડાવવામાં આવે. કસમ ખાવાથી ઓરતની વાત માની લેવામાં આવે અને જો પતિ કે તેના વારસદારો ગવાહ રજૂ કરવાનું કહેતા હોય તો ગવાહને સાંભળવામાં ન આવે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : કોઈ ઓરત સાથે વ્યભિચાર કરવામાં આવ્યો, ત્યાર બાદ એની સાથે નિકાહ કરવામાં આવ્યો અને છ મહિના કે તેથી વધારે સમયમાં બાળક પેદા થયું તો નસબ સાબિત થશે અને જો એનાથી ઓછા સમયમાં પેદા થયું તો નસબ સાબિત થશે નહીં, ભલે પતિ એમ કહેતો હોય કે એ ઝિના (વ્યભિચાર)થી મારું બાળક છે. *(હિંદિયા, બહાર)* *(ક્રમશઃ)*

પેજ 04 નું ચાલુ..

**જન્મ મુબારક સમયના ચમત્કારો :** આપના જન્મ મુબારક સમયે કેટલાક આશ્ચર્યજનક ચમત્કારિક બનાવો બન્યા, જેથી કરીને આપની નબુવ્વતનો પાયો નક્કી થઈ જાય, વળી લોકો પણ જાણી લે આપ કોઈ સામાન્ય માણસ નથી બલ્કે અલ્લાહના કોઈ ખાસ માન્યવર, મક્બૂલ અને મહબૂબ બંદા છે. જેમ કે તારાઓ આપની તા'ઝીમ માટે ઝુકી જઈ આપની નજીક આવી ગયા. આપની સાથે એવું નૂર નીકળ્યું કે, મક્કાશરીફના રહેવાસીઓને સીરિયાના બાદશાહના મહેલો પણ દેખાય ગયા. આપના દુનિયામાં આગમન પહેલાં શૈતાનો આકાશ ઉપર પહોંચી જતા અને ફરિશ્તાઓને મળતા અને કેટલાક હુકમો જાણી લાવી દુનિયામાં જ્યોતિષીઓને બતાવી આપતા તેઓ પછી લોકોને બતાવી ગુમરાહ કરતા. આપના આગમનથી શૈતાનોને આસ્માનો ઉપર જવા આવવાનું બંધ કરી દેવામાં આવ્યું અને તે માટે આસ્માનોની હિફાઝત આગના ગોળા વર્ષાવતા ચમકદાર તારાઓથી કરવામાં આવી. એના કારણે વહી (અલ્લાહ તરફથી પયગમ્બરોને મોકલાતો સંદેશ) અને ગયરેવહી (વહી ન હોવું તે) ભેળસેળ થવાની કોઈ શક્યતા જ ન રહે. મદાઈન શહેરમાં કિસરાનો મહેલ તૂટી ગયો અને ૧૪ મિનારા હતા તે પણ કડકભૂસ થઈ ગયા. આમાં એ ઈશારો હતો કે ૧૪ બાદશાહો પછી ઈરાન ઈસ્લામના ખાદિમોના હાથમાં આવી જશે. ૧૦૦૦ વર્ષથી હમેશાં ભડભડ બળતી ઈરાનના આતિશકદા (અગીયારી)ની અગ્નિ એવી ઠંડી પડી ગઈ કે અથાગ પ્રયત્નો કરવા છતાં તે ફરીથી સળગી શકતી ન હતી, હમદાન અને કુમની વચ્ચે ૬ માઈલ લાંબુ અને ૬ માઈલ પહોળું સરોવર હતું જેના કિનારા ઉપર શિર્ક તથા મૂર્તિપૂજા થતી રહેતી હતી તે એકાએક સુકાય ગયું. સીરિયા અને કૂફાની વચ્ચે વાદીએ સમાવામાં જે નદી હતી તે બિલ્કુલ સુકાયને પડેલી હતી તે એકાએક ભરપુર પાણીથી વહેવા લાગી.

*(સીરતે રસૂલે અરબી ﷺ, અઝ : નૂર બખ્શ તવક્કુલી–પાક.)*

# તઝકેરતુલ અવલિયા

## હઝરત ઝુન્નૂન મિસ્રીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

### હપ્તો 33

આપ નમાઝની નિય્યત કરતી વખતે અલ્લાહ તઆલાથી અર્ઝ કરતા કે તારી બારગાહમાં હાજરીના માટે કયા પગો લાવું અને કઈ આંખો વડે કિ઼બ્લા તરફ નજર કરું, અને કઈ ઝબાન વડે તારો ભેદ બતાવું અને પ્રશંસાના તે કયા શબ્દો છે જેના વડે તારું નામ લઉં. જેથી મજબૂરન હયાને ત્યજીને તારી સમક્ષ હાજર થઈ રહ્યો છું. ત્યારબાદ નિય્યત બાંધી લેતા અને મોટાભાગે ખુદા તઆલાથી એ અર્ઝ કરતા કે મને આજે જે મુસીબતોનો સામનો છે તે તો હું તારી સમક્ષ અર્ઝ કરતો રહું છું, પરંતુ મેહશરમાં મારી બદ આમાલીઓથી જે તકલીફ પહોંચશે તેને કોની સમક્ષ પ્રદર્શિત કરીશ, જેથી મને અઝાબની શર્મિંદગીથી છૂટકારો અતા કરી આપ.

**ઈર્શાદો** : આપ મોટાભાગે એવું ફર્માવ્યા કરતા કે પાકીઝા છે તે જાત જે આરિફોને દુનિયવી માધ્યમોથી બેનિયાઝ કરી આપે છે. ફર્માવ્યું કે આંખોનો પર્દો જ (હિજાબે ચશ્મ) જ સૌથી મોટો હિજાબ છે જેના કારણે ગૈર શરઈ ચીજો પર નજર નથી પડતી. ફર્માવ્યું કે ધરાયેલાને હુકૂમત હાંસલ નથી થતી. ગુનાહોથી તૌબા કરીને બીજીવાર ગુનાહમાં પડવું જૂઠ બોલવું છે. ફર્માવ્યું કે **સૌથી મોટો માલદાર તે છે જે તક઼્વાની દૌલતથી માલામાલ થાય.** ફર્માવ્યું : થોડો ખોરાક શરીરની મજબૂતીનો ઝરીયો અને થોડા ગુનાહ રૂહાની મજબૂતીનો ઝરીયો છે. ફર્માવ્યું કે મુસીબતોમાં સબ્ર કરવું આશ્ચર્યજનક નથી બલ્કે મુસીબતમાં ખુશ રહેવું એ આશ્ચર્યની વાત છે. ફર્માવ્યું કે ખુદાથી ખૌફ કરનારા હિદાયત પામે છે અને તેનાથી વિરૂધ્ધ વર્તનારા ગુમરાહ થઈ જાય છે અને દુરવેશીથી ડરનારા અલ્લાહના કહેરમાં સપડાય જાય છે.

ફર્માવ્યું કે માણસ પર છ ચીજોના કારણે તબાહી આવે છે : (૧) નેક અમલોથી ઉણપ વર્તવી. (૨) ઈબ્લીસનાં આજ્ઞાંકિત બનવું (૩) મૌતને નજીક ન સમજવું. (૪) અલ્લાહની રઝાને છોડીને મખ્લૂક઼ની રઝા હાંસલ કરવી. (૫) નફસના તકાઝા પર સુન્નતને ત્યજી દેવી. (૬) મોટેરાઓની ગલતીને સનદ બનાવીને તેમના ફઝાઈલ પર નજર ન કરવી, અને પોતાની ગલતીને તેમના માથા પર થોપવી. ફર્માવ્યું કે તક઼્વાવાળાઓની સોહબતથી જિંદગીની મજા હાંસલ થાય છે, અને એવા દોસ્ત બનાવવા જોઈએ કે જે તમારી નારાઝગીથી નારાજ ન થાય. ફર્માવ્યું કે જો તમે મઅરેફતની પ્રાપ્તિની તમન્ના ધરાવો છો તો ખુદા સાથે એવી દોસ્તીનું દષ્ટાંત પેશ કરો જેવી હઝરત સિદ્દીક઼ અકબર رضی اللہ عنہ એ હુઝૂરે અકરમ ﷺ સાથે કરી, અને કદી રજમાત્ર વિરોધ ન કરવાને કારણે અલ્લાહ તઆલાએ તેમને ''સિદ્દીક઼''ના લક઼બથી નવાઝયા. અને હુબ્બે ખુદાવંદીની નિશાની પણ એ જ છે કે કદાપિ તેના હબીબ ﷺની વિરૂધ્ધ ન કરે.

ફર્માવ્યું કે એ તબીબની ગૈરલાયક કોઈ નથી જે બેહોશીના આલમમાં બેહોશોનો ઈલાજ કરે. એટલે કે જેના પર દુનિયાનો નશો સવાર હોય તેને નસીહત કરવી નિરર્થક છે, પરંતુ જ્યારે હોશ ઠેકાણે આવી જાય તો પછી તેની પાસે તૌબા કરાવવી જોઈએ. ફર્માવ્યું કે મેં ઈખ્લાસના માર્ગે લઈ જનાર એકાંત કરતાં કોઈ ચીજને અફઝલ નથી જોઈ. ફર્માવ્યું કે પહેલા ક઼દમ પર ખુદાને કોઈ નથી પામી શકતું. એટલે

ખુદાને મળતા સુધી પોતાને તાલિબ ખયાલ કરતો રહે ફર્માવ્યું કે ખુદાથી દૂરી અપનાવનારાઓની નેકીઓ મુકર્રબીનના ગુનાહોની જેમ હોય છે. અને **સાચા દિલથી તાઈબ (તૌબા કરનાર) બન્યા બાદ સર્વ ગુનાહો માફ થઈ જાય છે.** ફર્માવ્યું કે કેટલું સારું થાત કે ખુદા તઆલા પોતાને મહોબ્બત કરનારાઓને એ વખતે મહોબ્બતથી નવાઝતો જ્યારે તેમનાં દિલ વિરહની આશંકાથી ખાલી કરી દેવામાં આવતાં. ફર્માવ્યું કે જેવી રીતે દરેક જુર્મની એક સજા હોય છે એવી જ રીતે ઝિક્રે ઈલાહીથી ગફલતની સજા આપવી એ જ મહોબ્બત છે. ફર્માવ્યું કે **જે ચીજ પર ખુદ અમલ કરતા રહીને નસીહત કરે એને સૂફી કહે છે.** ફર્માવ્યું કે આરિફીન એટલા માટે અધિક ડરેલા રહે છે કે પળે પળે કુર્બે ઈલાહીમાં વધારો થતો રહે છે. અને આરિફની ઓળખ એ છે કે મખ્લૂક઼માં રહીને પણ લોકોથી બેગાના રહે. અને ખુદાથી ડરવાવાળાને પણ આરિફ કહેવામાં આવે છે. અને આરિફમાં સતત બદલાવ થતો રહે છે અને આરિફ પોતાની મઅરેફતની બિના પર હમેશાં મોઅદ્દબ રહે છે.

ફર્માવ્યું કે મઅરેફતના ત્રણ પ્રકારો છે : **પ્રથમ** મઅરેફતે તૌહીદ, લગભગ દરેક મો'મિનને હાંસલ રહે છે. **બીજો** મઅરેફતે હુજ્જત વ બયાન, આ હકીમો તથા ઉલમાને મળે છે. **ત્રીજો પ્રકાર** સિફાતે વહદાનિયતની મઅરેફત. આ કેવળ અવલિયાએ કિરામ માટે ખાસ છે, જે ન બીજાઓને હાંસલ થાય છે અને ન કોઈ એ મર્તબાઓથી વાકેફ થઈ શકે છે. ફર્માવ્યું કે મઅરેફતનો દાવેદાર જૂઠો હોય છે એટલા માટે કે આરિફ તથા મઅરૂફની મઅરેફત એક થઈ જવાના કારણે મઅરેફતનો દાવેદાર બે સ્થિતિઓથી ખાલી નથી, કેમ કે ક્યાં તો તે પોતાના દાવામાં સાચો છે અથવા જૂઠો. જો સાચો છે તો પોતાની તારીફ ખુદ કરવામાં પડે છે અને સાચા લોકો કદી પોતાની તારીફ જાતે નથી કરતા. જેમ કે હઝરત સિદ્દીક઼ ખુદ કહેતા હતા કે હું તમારાથી અફઝલ નથી. અને એના હેઠળ હઝરત ઝુન્નૂન ફર્માવે છે કે ખુદા શનાસી મારો મહાન ગુનોહ છે. અને જો તમે તમારા દાવામાં સાચા નથી તો પછી તમને આરિફ નહીં કહેવામાં આવે. સારાંશ એ કે આરિફે પોતાની જીભ વડે આરિફ કહેવું મુનાસિબ નથી. ફર્માવ્યું કે આરિફને જેટલા પ્રમાણમાં કુર્બત હાંસલ થશે તેટલા પ્રમાણમાં ખોવાયેલો રહેશે, જેવી રીતે સૂરજથી નજીક ચીજ તેનાથી અધિક અસર પામેલ હોય છે અને જેનું દષ્ટાંત નીચેના શેઅરથી પણ મળે છે : (અર્થ) નજીક રહેનારાઓને એટલા માટે અધિક પરેશાની થાય છે કે તેઓ સુલ્તાનની રાજનીતિથી વાકેફ હોય છે.

**આરિફની ઓળખ :** ફર્માવ્યું કે આરિફની ઓળખ એ છે કે ઈલ્મ વિના ખુદાને જાણે, આંખ વિના જુએ, સાંભળ્યા વિના તેનાથી વાકેફ થાય, મુશાહેદા વિના તેને સમજે, સિફત વિના પહેચાને અને કશ્ફ તથા હિજાબો વિના તેનો મુશાહેદો કરી શકે. એટલે કે ઝાતે બારી તઆલામાં ફનાઈય્યતની આ નિશાનીઓ છે. જેમ કે ખુદ બારી તઆલાનો ઈર્શાદ છે કે હું જેને દોસ્ત બનાવવા ચાહુ છું તેનો કાન બની જઉં છું જેથી તે મારાથી સાંભળે, આંખ બની જઉં છુ જેથી મારાથી જુએ, ઝબાન બની જઉં છું જેથી તે મારાથી વાત કરે, અને હાથ બની જઉં છું જેથી મારાથી પકડે. (હદીષે કુદ્સી) ઝાહિદો આખેરતના સુલ્તાન હોય છે અને તેમના દોસ્ત આરિફોના સુલ્તાન હોય છે. ફર્માવ્યું, સોહબતે ઈલાહીનો ભાવાર્થ એ છે કે જે ચીજો એનાથી દૂર કરી દેનારી હોય તેનાથી દૂર રહે.

ફર્માવ્યું કે દિલના બીમારની ચાર નિશાનીઓ છે : **પ્રથમ** ઈબાદતમાં લિજ્જતની કમી, **બીજુ** ખુદાથી

ભયભીત ન થવું. **ત્રીજી** દુનિયવી બાબતોથી ઈબ્રત (બોધ) હાંસલ ન કરવો. **ચોથી** ઈલ્મની વાતો સાંભળ્યા બાદ પણ તેના પર અમલ ન કરવો. ફર્માવ્યું કે દિલ તથા રૂહથી ખુદાનો ફર્માબરદાર બની જવાને અબૂદિયત કહેવામાં આવે છે. ફર્માવ્યું કે અવામ (સામાન્ય લોકો) ગુનાહોથી અને ખાસ લોકો ગફલતથી તૌબા કરે છે, પરંતું તૌબાના પણ બે પ્રકાર છે : એક તૌબાએ ઈસ્તજાબત, એટલે બંદાનું શર્મિંદગીના કારણે તૌબા કરવું. એટલે એના પર શર્મિંદા બનીને કે મારી રિયાઝત, અઝમતે ખુદાવંદી સામે કાંઈ જ નથી. પછી ફર્માવ્યું કે દરેકે દરેક અંગની તૌબાનો અલગ અલગ તરીકો છે. દા.ત. **દિલની તૌબા** એ છે કે હરામ ચીજોને ત્યજી દે. **આંખની તૌબા** એ છે કે હરામ ચીજની તરફ ન ઉઠે. **કાનની તૌબા** એ છે કે ગીબત તથા બદગોઈ સાંભળવાની નિય્યત ન કરે. **હાથની તૌબા** એ છે કે ગૈર શરઈ ચીજોની તરફ ન ઉઠે. અને **શર્મગાહની તૌબા** એ છે કે બદકારીથી દૂર રહે.

પછી ફર્માવ્યું કે તે ફક્ર (ફકીરી) જેમાં ખરાબી તથા ધુમાડો હોય તે મારી નજીક તકબ્બુરના એકાંતપણાથી અધિક બેહતર છે. ફર્માવ્યું કે શર્મિંદગીનો ભાવાર્થ એ છે કે ગુનામાં સપડાયા બાદ સજાનો ડર બાકી રહે, અને તક્વાનો ભાવાર્થ એ છે કે પોતાના જાહેરને ગુનાહિત પ્રવૃત્તિ તથા નાફર્માનીમાં ન નાખે, અને અંતરને બેકાર ચીજોથી મેહફૂઝ રાખીને દરેક સમયે અલ્લાહ તઆલાનો તસવ્વુર (ખયાલ) કાયમ રાખે. એટલે દરેક પળે એ ખયાલ કરતો રહે કે તે (ખુદા) અમારા કાર્યોની નિગરાની કરી રહ્યો છે અને અમે તેની સામે છીએ. ફર્માવ્યું કે શમ્શીરે સિદક્ (સત્યની તલ્વાર) ચાલી જાય છે તેના બે ટુકડા કરી દે છે. ફર્માવ્યું કે મુરાકેબાનો ભાવાર્થ એ છે કે બેહતરીન સમયોને અલ્લાહ તઆલા પર કુર્બાન કરી દે અને તેને મહાન જાણે જેને ખુદાએ અઝમત અતા કરી હોય. અને તેની તરફ ચહેરો પણ ન કરે જેને તેણે ઝલીલ તથા રુસ્વા કરી દીધો હોય. ફર્માવ્યું કે વજૂદની હાલત પણ એક રાઝ છે, સમઅ (ફક્ત નઅતની મેહફિલ જેમ) નફસનો ઈલાજ છે અને જે હક્કાનિયત સાથે સમઅમાં શરીક થાય છે તે અહલે હક્કમાંથી થઈ જાય છે.

**તવક્કુલ** : ફર્માવ્યું કે તવક્કુલ નામ છે ખુદા પર ભરોસો રાખીને કોઈની પાસે કાંઈ ન માગવું. અને બંદો બનીને માલિકની ઈતાઅત (આજ્ઞા પાલન) કરવું, એને તદબીરો તથા તકબ્બુરને ત્યજી દેવું. અને ઉન્સ નામ છે ખુદાના મહબૂબોથી મહોબ્બત કરવાનું અને તેમની મહોબ્બત હાંસલ કરવાનું. અને જે વખતે ઔલિયાએ કિરામ પર ઉન્સનો ગલ્બો (પ્રભાવ) થાય છે તો એવું મેહસૂસ કરે છે જેમ કે અલ્લાહ તઆલા નૂરાની ઝબાન વડે તેમનાથી હમકલામ છે. અને ગલ્બો હયબત હોય છે તો નૂરના બદલે નાર વડે વાતો થાય છે. અને ખુદાના મૂનિસની ઓળખ એ છે કે આગમાં નાખી દીધા પછી પણ હોસલામાં કમી ન આવે. અને ઉન્સે ખુદાવંદીની નિશાની એ છે કે મખ્લૂકની દૂરી અપનાવી લે. ફર્માવ્યું કે તદબ્બુર તથા તફક્કુર ઈબાદતની ચાવી છે અને ખ્વાહિશાતનો વિરોધ ખુદાથી મુલાકાતનો આઈનાદાર છે. અને જે બંદો દિલના થકી ફિકર કરે છે તે આલમે ગયબમાં રૂહનો મુશાહેદો કરવા લાગે છે. પછી ફર્માવ્યું કે રઝા નામ છે મૌત પર રાજી રહેવા અને મુસીબતોમાં દોસ્તીનો દાવો કરવાનું. અને જે કઝા તથા કદર પર રાજી રહે છે તે જ પોતાના નફસથી વાકેફ થઈ જાય છે. *(ક્રમશઃ)*

સુન્નિયતની મજબૂતી માટે
બરકાતે ખ્વાજા(માસિક)ના
ગ્રાહક બનો અને બનાવો !
વાર્ષિક લવાજમ Rs. 230/-
PhonePe
G Pay
Paytm
BANK OF BARODA A/c. No. 34620100000303
Razvi Kitab Ghar IFSC : BARB0DAYADR
94274 64411

# હુઝૂર અશરફુલ ફુકહાની રحمۃ اللہ علیہ

## ટૂંકી જીવન ઝરમર

જન્મ : હિ.સ. ૧૩૫૨/ઈ.સ. ૧૯૩૭
વિસાલ : હિ.સ. ૧૪૪૧/ઈ.સ. ૨૦૨૦

રજૂકર્તા : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અશરફુલ ફુકહા, મુફ્તીએ આ'ઝમે મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ મુજીબ અશરફ સાહબ આ'ઝમી કાદરી બરકાતી રઝવી બાની અલ્ જામિઅતુર્રઝવિયા દારુલ ઉલૂમ અમજદિયા નાગપુર, માજી સરપરસ્તે આ'લા દારુલ ઉલૂમ અનવારે રઝા નવસારી رحمۃ اللہ علیہની ઈલ્મી અને રૂહાની શખ્સિયતથી કોણ વાકેફ નથી.

ઈલ્મી ફિકરી તથા રૂહાની પ્રત્યેક રીતે આપ એક સંપૂર્ણ વ્યક્તિત્વના માલિક હતા. આપ એક કામ્યાબ મુદર્રિસ, કાબેલ મુફ્તી, મુફસ્સિર અને બેહતરીન મુકર્રિર હતા, તેવી જ રીતે આપના હેઠળ કેટલીય સંસ્થાઓ, મદ્રસાઓ કાર્યરત હતા, સાથે જ આપ આલિમે બાઅમલ, શરીઅતના પાબંદ શૈખે તરીકત અને રહબરે શરીઅત હતા. સ્વભાવમાં નર્મી, સાદગી, નિખાલસતા, પ્રેમભાવ અર્થાત આપનું વ્યક્તિત્વ સર્વ સદ્ગુણોનું સંગમ હતું.

કસ્બા ઘોસી, જિલ્લા આ'ઝમગઢ (હાલ જિલ્લા મવ)ના મહોલ્લા કરીમુદ્દીનપૂરમાં એક ઈલ્મદોસ્ત પરિવારમાં ૨–રમઝાન, હિ.સ. ૧૩૫૨, ૯–ડિસેમ્બર–૧૯૩૭ શનિવારના રોજ આપની વિલાદત થઈ. આપનો શજરએ નસબ (પેઢીનામુ) આ પ્રમાણે છે :–

હઝરત મુફતી મુહમ્મદ મુજીબ અશરફ સાહબ ઈબ્ને હઝરત અલ્હાજ મુહમ્મદ હસન સાહબ ઈબ્ને હઝરત હાફિઝ મુહમ્મદ જમીઉલ્લાહ સાહબ ઈબ્ને શૈખુલ હુફ્ફાઝ હઝરત અલ્હાજ અલ્હાફિઝ અહમદ સાહબ. (رحمۃ اللہ علیہم اجمعین)

**તાલીમો તર્બિયત** : કરીમુદ્દીનપૂરના એક બુઝુર્ગ જનાબ મિયાંજી મુહમ્મદ તકી સાહબથી કુર્આન શરીફ નાજરા પઢયું, ઉર્દૂ અને હિસાબ (Account) વગેરેની તથા ફારસીની પ્રારંભિક કિતાબો મૌલાના સમીઉલ્લાહ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْથી અને તે પછીની ફારસી કિતાબો ત્રણ વરસ સુધી હઝરત મૌલાના સઈદખાન عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْની પાસે અને અરબીની શરૂઆતની કિતાબો મૌલાના શમ્સુદ્દીન સાહબથી અને બાકીની કિતાબો કાફિયા સુધી શારેહે બુખારી મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْથી પઢી. આમ શરૂથી લઈ અંત સુધી કાબેલ ઉસ્તાદોની નિગરાની હેઠળ આપની તા'લીમો તર્બિયત થઈ.

જલાલતુલ ઈલ્મ સરકાર હાફિઝે મિલ્લત મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہના હુકમથી હઝરત શારેહે બુખારી رحمۃ اللہ علیہ દારુલ ઉલૂમ ફઝ્લે રહમાનિયા (યુ.પી.) તશરીફ લઈ ગયા તો આપ પણ ઉસ્તાદે મોહતરમ સાથે જઈ બે વરસ સુધી શર્હે જામી સુધી કિતાબો હઝરત શારેહે બુખારીથી અને શાહઝાદાએ સદરુશ્શરીઅહ્ અલ્લામા મૌલાના કારી રઝાઉલ મુસ્તફા અમજદીથી પણ અમુક કિતાબો પઢી.

૧૯૫૩માં સરકાર મુફતીએ આ'ઝમે હિંદ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْના હુકમ અનુસાર હઝરત શારેહે બુખારી બરેલી શરીફ ગયા તો આપ પણ બરેલી શરીફ ગયા અને ત્યાં મઝહરે ઈસ્લામમાં ૧૯૫૭માં

ફરાગત થઈ. મઝહરે ઈસ્લામમાં જેમનાથી આપ ફયઝયાબ થયા એ મુકદસ હસ્તીઓ (૧) ફક઼ીહે અસ્ર અલ્લામા નાઈબે મુફતીએ આ'ઝમ શારેહે બુખારી મુફતી શરીફુલ હક્ક઼ અમજદી (૨) સદરુલ ઉલમા અલ્લામા ગુલામ જીલાની મેરઠી (૩) અલ્લામા મુફતી ષનાઉલ્લાહ અમજદી (૪) શૈખુલ મા'કૂલાત મૌલાના મોઈનુદ્દીન ખાન સાહબ (૫) મુફતી મુહમ્મદ તહસીન રઝા સાહબ (رحمۃ اللہ علیہم اجمعین)

આપે વધુ કિતાબો હઝરત શારેહે બુખારી رحمۃ اللہ علیہ પાસે પઢી. આપ ફર્માવે છે કે હઝરત શારેહે બુખારી મારા ઉસ્તાદે કુલ છે. હઝરત શારેહે બુખારી رحمۃ اللہ علیہ પોતાના આ ઈલ્મી અને રૂહાની ફરઝંદ પર ગર્વ કરતા કે મારો એક જ શાગિર્દ એવો છે જેણે પ્રારંભથી લઈ અંત સુધી મારી પાસે રહી તા'લીમો તર્બિયત પ્રાપ્ત કરી.

૧૯૯૨માં ઉર્સે ક઼ાસમીના મૌક઼ા પર આપ મારેહરા મુતહ્હરા તશરીફ લઈ ગયા. સાહિબે સજ્જાદા સરકારે કલાં સરકાર અહસનુલ્ ઉલ્મા સૈયદ મુસ્તફા હૈદર હસન મિયાં رحمۃ اللہ علیہની ઝિયારત માટે મગરિબની નમાઝ પઢી આપની મજલિસમાં હાજર થયા જ્યાં હઝરત શારહે બુખારી પહેલેથી ઉપસ્થિત હતા, આપને જોઈ ઘણા ખુશ થયા અને હાથ પકડી પોતાની પાસે બેસાડી લીધા. પછી સરકાર અહસનુલ ઉલ્માની બારગાહમાં આપનો પરિચય આપતાં ફર્માવ્યું :–

હુઝૂર ! આ મુજીબ અશરફ હઝરત શૈખુલ ઉલ્મા મૌલાના ગુલામ જીલાની (મેરઠી) સાહબ અને મૌલાના ગુલામ યઝદાની સાહબ આ'ઝમીના ભાણ્યા છે અને મારો એવો શાગિર્દ છે કે કાલે ક઼યામતમાં મારા રબે જો મને પૂછયું કે શરીફુલ હક્ક઼ ! શું લાવ્યો છે ?! (આટલું કહી હઝરત શારહે બુખારી રડવા લાગ્યા પછી ફર્માવ્યું) તો અર્ઝ કરીશ, મુજીબ અશરફને લાવ્યો છું ! આ સાંભળી સરકાર અહસનુલ ઉલ્મા અને હાજરજનોની આંખો ભીની થઈ ગઈ. હુઝૂર અહસનુલ ઉલ્માએ ત્યારે આપના માથા અને સીના પર હાથ રાખી દુઆઓ આપી. આથી આપની અઝમત અને બુલંદી સમજાય છે કે હુઝૂર શારેહે બુખારી رحمۃ اللہ علیہ જેવા મહાન આલિમ અને ફક઼ીહ આપના વિશે આવું ફર્માવી રહ્યા છે.

**દર્સો તદરીસ :** એક મશ્હૂર દર્સગાહ જામિઆ અરબિયા ઈસ્લામિયા નાગપૂરમાં નાઈબ શૈખુલ હદીષની જરૂરત હતી માટે ત્યાંના બાની મુફતી મુહમ્મદ અબ્દુર્રશીદ ફતહપૂરી علیہ الرحمۃ و الرضوانએ હઝરત મુફતીએ આ'ઝમે હિંદ અને હુઝૂર શારહે બુખારી علیہ الرحمۃ و الرضوانની બારગાહમાં પત્ર દ્વારા એ વિશે અર્ઝ કરી તો બંને બુઝુર્ગોની નજર હઝરત અશરફુલ ઉલ્મા પર પડી અને આપને ત્યાં રવાના કરવામાં આવ્યા. પરંતુ ઉંમર નાની હોવાના કારણે મુફતી અબ્દુર્રશીદ સાહબ ત્યાંના બદલે જામિઆ અરબિયા શાખામાં આપને સદર તરીકે રાખ્યા. ત્યાં બે વરસ તા'લીમી ખિદમત આપી પછી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના હુકમથી નાગપુર કચ્છી મેમન મસ્જિદમાં ઈમામ તરીકે ખિદમત આપી. થોડાક સમય પછી હઝરત મુફતી અબ્દુર્રશીદ સાહબને આપની સલાહિયતનો અંદાઝો થયો તો આપને જામિઆમાં નાયબ શૈખુલ હદીષનું પદ આપ્યું. ત્યાં ૧૯૬૧ થી ૧૯૬૫ સુધી ઘણી જ સારી ખિદમત આપી. ૧૯૬૬માં અલ્ જામિઅતુર્રઝવિયા દારુલ ઉલૂમ અમજદિયા નાગપૂરની સ્થાપ્ના કરી જે આપની મહેનતોથી આજ સુધી તરક્કી કરી રહ્યું છે.

આપની દર્સગાહે ફૈઝથી અસંખ્ય ફયૂઝયાબ થવાવાળાઓમાંથી અમુક પ્રસિદ્ધ નામો આ પ્રમાણે છે : (૧) હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ હુસૈની સાહબ ક઼િબ્લા આસ્તાનાએ આલિયા શમ્શિયા,

રાયચૂર (૨) ફખ્રે ખાનદેશ અલ્લામા અબ્દુલ ગની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان (૩) મુફતીએ ઈંદોર મુફતી હબીબ યારખાં ક઼િબ્લા (૪) શૈખુલ મા'કૂલાત મૌલાના શફીકુર્રહમાન સાહબ (૫) બાની દારુલ ઉલૂમ અન્વારે રઝા નવસારી, મૌલાના ગુલામ મુસ્તફા બરકાતી સૂરતી (૬) હઝરત સૈયદ ક઼મર પીર સાહબ, માજી અધ્યક્ષ કરનોલ કોલેજ–આંધ્રપ્રદેશ (૭) હઝરત મૌલાના સૈયદ અશરફ સાહબ રાયચૂરી, ફૈઝુલ ઉલૂમ કોલેજ ગુલ્બર્ગા વગેરે તદઉપરાંત આપના શાગિર્દ હજારો ઉલ્મા ફુઝલા દેશ વિદેશમાં ખિદમત આપી રહ્યા છે એટલે જ આપને ઉસ્તાઝુલ અસાતઝા અને ઉસ્તાઝુલ ઉલ્મા જેવા લક઼બોથી યાદ કરવામાં આવે છે.

**બયઅતો ખિલાફત :** આપ તાલિબે ઈલ્મીના જમાનામાં ૨૪ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૩૭૫, ૧૨ ઓકટોબર, ઈ.સ. ૧૯૫૫માં બરેલી શરીફમાં હઝરતે અક઼દસ, સરકાર મુફતીએ આ'ઝમે હિંદ અલ્લામા મુસ્તફા રઝાખાં નૂરી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانના દસ્તે હક઼્ક઼ પરસ્ત પર બયઅત થયા અને તે જ દિવસે ઈશાની નમાઝ પછી સરકાર મુફતીએ આ'ઝમે હિંદ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانએ આપને અને હુઝૂર શારેહે બુખારી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانને સિલસિલએ આલિયા, ક઼ાદરિયા, બરકાતિયા, રઝવિયાના તા'વીઝો, અમલ અને નુકૂશની લેખિત ઈજાઝત અતા ફર્માવી. અને હિ.સ. ૧૩૮૦ ઈ.સ. ૧૯૬૦માં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانએ નાગપૂરમાં અવામ અને ઉલ્માની ઉપસ્થિતિમાં પોતાની ખુશીથી ખિલાફત અને ઈજાઝત અતા ફર્માવી તથા બગદાદ શરીફ બારગાહે ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના સજ્જાદાનશીન હઝરતેવાલા મર્તબત સૈયદ યૂસુફ ગીલાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانએ પણ ૧૯૯૧માં આપને ખિલાફત તથા ઈજાઝતથી નવાઝયા.

**ખુલ્ફા અને મુરીદો :** આપ સાફ તીનત, પાક સીરત, બાફૈઝ બુઝુર્ગ છે. દેશવિદેશમાં આપના લગભગ એંસી હજાર મુરીદો અને ઘણા બધા ખલીફા છે. આપની એક વિશિષ્ટતા એ છે કે આપનાથી મુરીદ થનાર અધિક્તમ લોકો અક઼ીદાના ચુસ્ત અને દીનદાર થઈ જાય છે. આપ એ જ લોકોને ખિલાફત આપે છે જે બાસલાહિયત, દીનદાર અને ઈલ્મવાળા હોય. આપના ખલીફાઓમાં ફખ્રે ખાનદેશ અલ્લામા અબ્દુલ ગ઼ની નસીરાબાદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની, મૌલાના સૈયદ સઆદત અલી, હઝરત સૈયદ મુતરજી અલ્‌હુસૈની સિરિયા (શામ), હઝરત મૌલાના કુર્બાન સાહબ (સિરિયા) મૌલાના મુહમ્મદ જમાલ સાહબ (પાકિસ્તાન), મૌલાના ગુલામ મુસ્તફા બરકાતી (સૂરત) સિવાય ઘણા ઉલ્મા અને હુફ્ફાઝે કિરામ છે.

દેશ વિદેશમાં ઈલ્મી અને રૂહાની ખિદમાત માટે સફર સિવાય આપની નિગરાનીમાં કેટલાયે દારુલ ઉલૂમ, મદ્રસા, મસ્જિદો તથા દીની સંસ્થાઓ ચાલી રહી છે. ઈ.સ. ૧૯૬૬માં અલ્ જામિઅતુર્રઝવિયા દારુલ ઉલૂમ અમજદિયા નાગપુર જેવી એક અઝીમ દીની દર્સગાહની સ્થાપ્ના કરી એ સિવાય અન્ય પ્રાંતોમાં પણ આપે કેટલાયે મદ્રસાઓની સ્થાપ્ના કરી અને આપની નિગરાની હેઠળ કેટલાયે ઈદારા સફળ તાપૂર્વક એહલે સુન્નત વલ જમાઅતની ખિદમતમાં કાર્યરત છે. નવસારી (ગુજરાત) જ્યાં સુન્નિયતનું નામ લેવું પણ જુર્મ હતું ત્યાં આપે ૧૯૮૮માં દારુલ ઉલૂમ અન્વારે રઝા (નવસારી)ની સ્થાપ્ના કરી. જે આજે સારી સેવા આપી રહ્યું છે અને તા'લીમો તર્બિયતમાં ગુજરાતનો એક અગ્રણી ઈદારો છે. મૌલાના ગુલામ મુસ્તફા બરકાતી (સૂરત) ત્યાંના બાની અને નાઝિમે આ'લા છે. અને ૧૯૮૫માં મહોલ્લા શાંતિનગર (નાગપૂર)માં એક આલીશાન

અને ખૂબસૂરત અમજદી મસ્જિદની બુન્યાદ રાખી. એ સિવાય અન્ય ઈદારાઓના આપ સરપરસ્ત હતા.

સારાંશ કે આપના ઈલ્મી અને રૂહાની ફયૂઝાનથી હિંદુસ્તાન અને બીજા દેશોમાં મખ્લૂકે ખુદા ફયૂઝયાબ થતી રહી.

**હુઝૂર મુફ્તીએ આ'ઝમ તથા મુહદ્દિષે આ'ઝમે હિંદની ઈનાયતો** : શાહઝાદાએ આ'લા હઝરત હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ અલ્લામા મુસ્તફા રઝા "નૂરી" બરેલ્વી તથા હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ અલ્લામા સૈયદ મુહમ્મદ અશરફી કછોછવી رحمۃ اللہ علیہما એ બુખારી શરીફ અને દૌરાનો ઈમ્તેહાન જાતે પોતે લીધો. હુઝૂર મુહદ્દિષે આ'ઝમે આપની સનદ પર પોતાના કલમ વડે ખુદ લખ્યું : "અલ્હમ્દુલ્લિાહુલ મજીદ કે હક્ક બહક્ક દાર રસીદ." અને હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ એ આપને પોતાની સનદે હદીષ તથા પોતાનો જબ્બા મુબારક તથા દસ્તારે મુકદ્દસ ઈનાયત કર્યો. તદ્ઉપરાંત હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ હમેશાં આપને "હમારે મૌલાના" કહીને પુકારતા હતા. આનાથી પીરો મુર્શિદની નિગાહમાં આપની મકબૂલિયતનો અંદાઝો લગાડી શકાય છે.

**શાહઝાદાએ ગૌષે આ'ઝમની ખાસ ઈનાયત** : ફઝીલતુશ્શયખ હઝરત મુહમ્મદ યૂસુફ ગીલાની બગદાદી دام ظلہ العالی એ હઝરત મુફ્તી સાહબ કિબ્લાને ખિલાફત તથા ઈજાઝતથી નવાઝવાની સાથોસાથ ત્રણ ચાદરો એનાયત કરી, જેમાંથી એક ચાદરના બારામાં ફર્માવ્યું કે આ ગિલાફ એક વરસ સુધી સતત હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ના મઝાર મુબારક પર ચઢેલો રહ્યો.

**કલમી ખિદમાત** : હઝરત અશરફુલ ફુકહા સાહબ ફસીહુલ લિસાન ખતીબ હોવાની સાથોસાથ એક માયએ નાઝ અદીબ (સાહિત્યકાર) ઉચ્ચ કક્ષાના કલમકાર પણ છે. આપની કેટલીયે કિતાબો પ્રસિદ્ધ થઈ ચૂકી છે અને અમુક પ્રસિદ્ધિની રાહ જોઈ રહી છે. તકરીરની જેમ આપની લેખન શૈલી ખૂબ જ સરળ, આસાન અને દિલનશીં છે. કિતાબોમાં હવાલાઓ સહિત વાતને ખૂબ સરળ કરીને પેશ કરી છે. જેમ કે :–

- તહસીનુલ અયાદત (બીમારપુર્સીની ખૂબીઓ)
- હુઝૂર મુફ્તીએ આ'ઝમ પયકરે ઈસ્તિકામત
- ખુત્બાતે કોલંબો (શ્રીલંકાના દૌરાનાં બયાનો)
- ઈર્શાદુલ મુર્શિદ (બયઅતની હકીકત)
- મસાઈલે સજદાએ સહ્વ (આ કિતાબ ગુજરાતીમાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદના તલબાએ અનુવાદિત કરી છપાવેલ છે) એ ઉપરાંત પણ આપની કિતાબો અપ્રકાશિત છે.

આપને શેઅર તથા અદબનો પણ ઘણો ઝૌકો શોક હતો. આપે હજ્જના સફર દરમ્યાન મદીના પાકમાં અયન દરબારે રિસાલત મઆબમાં હાજરીના સમયે મોટાભાગની નઅતો લખેલી છે. (આ અંકમાં પેજ નં. ૫૦ પર આપની લખેલ નઅત રજૂ કરી છે.)

**દાંમ્પત્ય જીવન** : હઝરત મુફ્તી મુજીબ અશરફ સાહબના મામુંજાન હઝરત રઈસુલ અઝકિયા મૌલાના ગુલામ યઝદાની સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ (શયખુલ હદીષ, દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી)નાં મોટી સાહબઝાદી મોહતરમા અઝીઝાબાનુની સાથે ઈ.સ. ૧૯૫૨માં આપના નિકાહ થયા અને આપના મોટા મામુંજાન હઝરત શયખુલ ઉલમા મૌલાના ગુલામજીલાની સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ એ નિકાહ પઢાવ્યા. પ્રથમ પત્ની મોહતરમા અઝીઝા સાહિબા ઈ.સ. ૧૯૭૧માં વફાત પામી ગયાં. ત્યાર બાદ ઈ.સ. ૧૯૭૨માં આપના બીજા નિકાહ મોહતરમા નજમુન્નિસા સાહિબા સાથે થયા.

**અવલાદે અમજાદ** : હઝરત મુફ્તી મુજીબ અશરફ સાહબની કુલ પાંચ ઔલાદ છે જે આપનાં

પ્રથમ પત્ની અઝીઝા સાહિબના પેટથી છે. તેમનામાં બે સાહબઝાદા તથા ત્રણ સાહબઝાદીઓ છે. સાહબઝાદગાન અલ્હાજ તન્વીર અશરફ રઝવી તથા હાફિઝ તેહસીન અશરફ રઝવી છે. આપની સાહબઝાદીઓનાં નામ રાશિદા, હામિદા તથા આબિદા છે. બીજાં પત્નીથી આપની કોઈ ઔલાદ નથી.

**તબ્લીગી દૌરાઓ** : હઝરત અશરફુલ ફુકહા મુફતી મુજીબ અશરફ સાહબ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ તા'લમથી ફરાગત બાદ જીવનના અંત સુધી દીનો સુન્નિયત અને મસ્લકે આ'લા હઝરતના પ્રચાર પ્રસાર તથા તેની મજબૂતી તથા સલામતી કાજે સતત દીની ઈલ્મી, તબ્લીગી સફરો કરતા રહ્યા, અને દીની રૂહાની ઈલ્મના પિપાસુઓની પ્યાસ બુઝાવતા રહ્યા. દેશ વિદેશમાં આપે તબ્લીગી સફરો કરી છે. કર્નાટક, આંધ્ર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, એમ.પી., યુ.પી., રાજસ્થાન, ઓડિશા, તામિલનાડુ વગેરેના સેંકડો જિલ્લામાં, શહેરોમાં તથા નાના નાનાં ગામડાંઓમાં આપના દૌરા તથા બયાનો થતાં રહ્યાં. ભરૂચ જિલ્લામાં તેમજ દયાદરામાં આપનાં બયાનો થયાં હતાં. સૂરતની તો આપે સૂરત બદલી છે કે જ્યાં દેવબંદીઓનું વર્ચસ્વ હતું પણ આપના ઈલ્મી રૂહાની બયાનોથી ત્યાં સુન્નિયત ઝિંદા કરી હતી. એવું અનેક ઠેકાણે થયેલ છે. વિદેશમાં હિજાઝ મુકદ્દસ કુવૈત, મિસ્ર, ઈરાક, નેપાળ, શ્રીલંકા, પાકિસ્તાન, બ્રિટન, દુબઈ, સાઉથ આફ્રિકા.... વગેરે દેશોના વિવિધ ઈલાકાઓમાં તબ્લીગી તથા રૂહાની સફરો કરી છે.

આપે ઈ.સ. ૧૯૮૪માં પ્રથમ હજ્જ કર્યો. ત્યારથી લઈને આજ સુધી આપે લગભગ ૨૫–૩૦ હજ્જની સફરો કરી અને અનેકવાર ઉમરા પણ કર્યા છે.

**મુનાઝરાઓમાં શિર્કત** : હઝરત મુફતી સાહબ કિબ્લામાં જેવી રીતે ઘણી બધી ખૂબીઓ મૌજૂદ હતી, તેમ એક એ પણ ખૂબી હતી કે આપ એક સારા, કામયાબ તથા હાજર જવાબ મુનાઝિર પણ હતા. બાતિલ અકીદાવાળા વહાબી, દેવબંદી, અહલે હદીષ કહેવાતા, ગૈર મુકલ્લિદો સાથે મુનાઝરામાં શરીક રહ્યા, અને બદ્અકીદાઓએ સખત હારનો સામનો કરવો પડેલો.

ઝરીયા, ધનબાદ (બિહાર), બનારસ, તેમજ નાગપુરમાં ઈર્શાદ દેવબંદી તથા તાહિર ગયાવી સાથે મુનાઝરો થયો હતો. કટીહારમાં મુફતી મતીઉર્રહમાન રઝવી તથા તાહિર ગયાવી વચ્ચે થયેલા મુનાઝરામાં આપ શરીક રહ્યા હતા. તેમજ ઈટારસી મધ્ય પ્રદેશમાં મુફતી મતીઉર્રહમાન રઝવી તથા દેવબંદી મુનાઝિર નઝર મુહમ્મદ વચ્ચે થયેલ મુનાઝરાની આપે સદારત કરી હતી.

*(બહવાલા 'તઝકેરએ મુજીબ',*
*અઝ : ડૉ. મુહમ્મદ હુસૈન મુશાહિદ રઝવી–માલેગાંવ)*

સૂરત ખાતે ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના તંત્રીની સાથે છેલ્લી મુલાકાતમાં **''બરકાતે ખ્વાજા'' (માસિક)** તથા **''અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા''**ની કિતાબોની પ્રશંસા કરી અને ફર્માવેલ કે દેશ વિદેશમાં આપનું માસિક તથા કિતાબો જોઈને દિલી ખુશી થાય છે, અને દુઆઓ આપી હતી.

આવી મહાન હસ્તી અશ્રફુલ ફુકહા, મુફતીએ આ'ઝમ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ (ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ) તા. ૬–૮–૨૦૨૦, મુ. ચાંદ ૧૫ ઝીલહજ્જ હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ સવારના ૧૦:૩૦ વાગે નાગપુર ખાતે આ ફાની જગતને અલવિદા કહી આપણી વચ્ચેથી રુખસદ થઈને અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં કયામત સુધી આપની કબ્ર પર રહમતો નૂરની વર્ષા કરે અને સતત આપના દરજાઓને બુલંદ કરે અને સુન્ની જગતને આપનો નેઅમલ બદલ અતા કરે. (આમીન)

# મુસલમાનોની બુઝદિલીના સબબો

હપ્તો : ૦૩

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## ★ મોટાભાગના લોકો નુકસાન ઉઠાવનારા છે ★

દુનિયામાં માણસને બે ચીજો મળે છે :- **૧.** તંદુરસ્તી **૨.** સમય. હાલ એ છે કે માણસ દુનિયા જમા કરવાના ચક્કરમાં સમય તથા તંદુરસ્તી બંનેવ ગુમાવી બેસે છે. અને પછી તંદુરસ્તી હાંસલ કરવાના ચક્કરમાં દુનિયાની હાંસલ કરેલી પૂંજી પણ ગુમાવી બેસે છે. છેવટે હાંસલ કાંઈ જ નથી થતુ. એના જ પ્રતિ આ હદીષે પાકમાં નિર્દેશ કરવામાં આવ્યો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે હુઝૂર રહમતે આલમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :

نِعْمَتَانِ مَغْبُوْنٌ فِيهِمَا كَثِيرٌ مِنَ النَّاسِ: الصِّحَّةُ وَالْفَرَاغُ۔

"બે નેઅમતો એવી છે જેમાં મોટાભાગના લોકો નુકસાન ઉઠાવે છે, એક તંદુરસ્તી બીજી ખાલી સમય." *(સહીહ બુખારી, ૩/૮૮)*

તંદુરસ્તી તથા સમય યક઼ીનન ! અલ્લાહ તબારક વ તઆલાની અર્પણ કરેલી બે મહાન નેઅમતો છે. આ એવી નેઅમતો છે જેનો ઉપયોગ કરીને આપણે આખેરતની ભરપુર તૈયારી કરી શકીએ છીએ. પરંતુ આપણો હાલ એ છે કે એ નેઅમતોનો ઉપયોગ આપણે અલ્લાહ તબારક વ તઆલાની નાફર્માનીનાં કામોમાં કરીએ છીએ. પછી જ્યારે ઉમર ઢળી જાય છે અને તંદુરસ્તી બગડી જાય છે કે ત્યારે આપણને એહસાસ થાય છે કે આપણને જે મોક઼ો મયસ્સર થયો હતો તેને આપણે વેડફી નાખ્યો !

## ★ પેટ નથી ભરી શકતુ ★

સવાલ એ છે કે માણસને દુનિયવી માલો દૌલતનો કેટલો હિસ્સો મળી જાય તો તે સંતુષ્ઠ થઈ જાય ? યક઼ીનન ! જવાબ એ જ હશે જે આ હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યો છે :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما બયાન કરે છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :

لَوْ كَانَ لِابْنِ آدَمَ وَادِيَانِ مِنْ مَالٍ لَابْتَغَى ثَالِثًا، وَلَا يَمْلَأُ جَوْفَ ابْنِ آدَمَ إِلَّا التُّرَابُ۔

"જો માણસના માટે માલની બે ઘાટીઓ થઈ જાય તો પણ તે ત્રીજીની તલબ કરશે અને માણસનું પેટ માટી સિવાય કોઈ ચીજ નથી ભરી શકતી."

*(સહીહ બુખારી, ૮/૯૨)*

આપણો હાલ એ જ છે કે આપણે પૂરી જિંદગી માલ તથા દૌલત હાંસલ કરવાની એટલા પ્રમાણમાં ફિકરમાં રહીએ છીએ કે આપણને ચાહે જે રીતે પણ દૌલત મળી જાય છતાં અધિકની તલબ આપણા દિલથી નથી નીકળતી. પૂરી જિંદગી દોલતની

હવસમાં પસાર થઈ જાય છે, બસ માલ આવવો જોઈએ, ભલે જ્યાંથી પણ આવે. માલ તથા દૌલતની તલબમાં ઘણા બધા લોકો તો એટલા પ્રમાણમાં આંધળા થઈ ચૂક્યા છે કે હલાલ ઝરીયાથી આવી રહ્યો છે કે હરામ ઝરીયાથી એની પણ કોઈ પરવા નથી હોતી. પછી અચાનક જ દુનિયાથી જવાનો સમય આવી જાય છે અને પૂરેપૂરો માલ અને બધી જ દૌલત અહીં જેમની તેમ રહી જાય છે.

**★ વારસદારનો માલ કોને પસંદ છે ? ★**

માણસ પોતાની પૂરી જિંદગી માલ એકત્ર કરવામાં પસાર કરી દે છે. પછી એક દિવસે દુનિયાથી જવાનો સમય આવી જાય છે અને માલ તથા દૌલત દુનિયામાં છોડીને ચાલ્યો જાય છે. તેની દૌલત તેના વારસદારો આપસમાં વહેંચી લે છે અને તેને પોતાના માલથી ફાયદો ઉઠાવવાનો મોકો જ મયસ્સર નથી થતો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તમારામાંથી કોણ એવો છે જેને પોતાના વારસદારનો માલ પોતાના માલ કરતાં અધિક પ્રિય છે ? લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કોઈને પણ પોતાનો માલ પોતાના વારસદારના માલ કરતાં પ્રિય હશે ?! એના પર આકાએ કરીમ ﷺએ ફર્માવ્યું : فَاِنَّ مَالَهٗ مَا قَدَّمَ، وَمَالُ وَارِثِهٖ مَا اَخَّرَ "એનો માલ તો તે છે જે તેણે આગળ મોકલ્યો છે, અને જે એ પાછળ છોડીને આવી રહ્યો છે તે તો વારસદારોનો માલ છે." *(સહીહ બુખારી, ૮/૯૩)*

આ હદીષે પાકમાં એવો તરીક઼ો બતાવવામાં આવ્યો છે જેના પર અમલ કરીને આપણે દુનિયવી માલો દૌલતથી આખેરતમાં પણ ફાયદો ઉઠાવી શકીએ છીએ. હદીષે પાકનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તબારક વ તઆલા દુનિયામાં માલ તથા દૌલત અતા ફર્માવે તો તેને જરૂરત પ્રમાણે દુનિયવી સુખ સગવડ માટે પણ વાપરી શક઼ીએ છીએ, પરંતુ તેની સાથોસાથ તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરીને પોતાના માટે આખેરતનો સામાન બનાવો. એટલા માટે કે દુનિયામાં જે છોડીને ચાલ્યા જઈશું તેનો ફાયદો કેવળ વારસદારોને મળશે, આપણને તેનો કાંઈ ફાયદો મળશે નહીં. આપણો કેવળ તે માલ આપણા મૃત્યુ બાદ આપણા માટે લાભકારક હશે જે આપણે અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો છે.

એક હદીષ હઝરત મુતરફ પોતાના પિતાથી રિવાયત કરે છે. તે ફર્માવે છે, હું નબી કરીમ ﷺની પાસે આવ્યો. તે વખતે આપ સૂરએ اَلْهٰكُمُ التَّكَاثُرُની તિલાવત ફર્માવી રહ્યા હતા. આપે ફર્માવ્યું :

يَقُوْلُ ابْنُ اٰدَمَ: مَالِيْ مَالِيْ وَهَلْ لَّكَ يَا ابْنَ اٰدَمَ اِلَّا مَا اَكَلْتَ فَاَفْنَيْتَ اَوْ لَبِسْتَ فَاَبْلَيْتَ اَوْ تَصَدَّقْتَ فَاَمْضَيْتَ؟

**"માણસ કહે છે, મારો માલ ! મારો માલ ! હે ઈન્સાન! તારો માલ તો કેવળ તે છે જે તેં ખાયને ખત્મ કરી નાખ્યો અથવા પહેરીને જૂનો કરી નાખ્યો અથવા સદક઼ો કરીને આગળ મોકલી આપ્યો."**

*(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૨૯)*

આ હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું કે માણસ "મારો માલ ! મારો માલ !" કહેતો રહે છે, તેણે સમજી લેવું જોઈએ કે તેનો માલ તો હક઼ીક઼તમાં તે જ છે જેનાથી તે ફાયદો ઉઠાવી લે. જે માલ દુનિયવી જિંદગીમાં પોતાની જરૂરિયાતના માટે ખર્ચી કાઢે તે માલ તેનો થયો. દા.ત. ખાય પીને ખત્મ કરી નાખ્યો, પહેરી ઓઢીને પૂરાણો કરી દીધો,

તેના સિવાય ફુઝૂલ ચીજોમાં" જે ખર્ચ કરે તેણે તો કયામતના દિવસે તેનો વબાલ પણ ઉઠાવવો પડી શકે છે. હા ! અલ્બત્ત ! એક માલ એવો છે જેનાથી તેને દુનિયા તથા આખેરત બંનેવમાં ફાયદો થશે, અને તે માલ એ છે જેને તેણે અલ્લાહની રાહમાં ખર્ચ કરીને પોતાના માટે આખેરતનો સામાન બનાવી લીધો.

ઉપરોક્ત હદીષે પાકમાં જે સૂરએ મુબારકાની નબીયે કૌનેન ﷺ તિલાવત કરી રહ્યા હતા એના પર પણ એક નજર નાખતા ચાલીએ. કુર્આનનું ફર્માન છે : اَلْهٰكُمُ التَّكَاثُرُ "તમને ગાફિલ રાખ્યા માલની અધિક તલબે." *(સૂરએ તકાષુર, ૧૨૦/૧)*

એટલે દુનિયાની તલબમાં તમે એટલા પ્રમાણમાં ગુમ થઈ ગયા કે દુનિયાની મહોબ્બતે તમને દુનિયાના ખાલિક઼ (સર્જનહાર)ની મહોબ્બતથી દૂર કરી દીધા. દુનિયાની ફિકરમાં તમે તેને પેદા કરનારની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા બંદગીથી બેપરવા થઈ ગયા. **દુનિયામાં એટલા પ્રમાણમાં વ્યસ્ત થઈ ગયા કે એ પણ ભૂલી ગયા કે એક દિવસે તમારે અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં ઉભા રહીને તમારી પૂરી જિંદગીનો હિસાબ પણ આપવાનો છે.** આ ગફલતે તમને છળકપટમાં સપડાવી દીધા. ગરીબોનો હક્ક઼ મારવું, હાથ નીચેનાઓ પર જુલ્મ કરવો, વ્યાજ તથા લાંચ લેવી, હલાલ તથા હરામ વચ્ચે તમીઝને ભૂલી જવી, એને તમે તમારો ધંધો બનાવી લીધો.

આ આયતથી જાણવા મળ્યું કે ખૂબ અધિક માલની લાલચ તલબ જો અલ્લાહ તબારક વ તઆલાની યાદથી ગાફેલ કરનાર હોય તો તિરસ્કારને પાત્ર તથા નાપસંદીદા છે. દુનિયાની તલબ એ જ હદ સુધી દુરુસ્ત છે જે આખેરતની ફિકરથી ગાફેલ ન કરે. જો કોઈ શખ્સ દુનિયામાં ડૂબી જઈને આખેરતને ભૂલતો જઈ રહ્યો છે તો તેની આ દુનિયા તલબી તેના માટે આખેરતમાં જાન માટે વબાલ બની જશે. *(ક્રમશઃ)*

## ફ્રાંસિસી મેગેઝિન "ચાર્લી હેબ્દો" વિરુદ્ધ દેખાવો

**મુંબઈ** : ૧૦ સપ્ટેમ્બર–૨૦૨૦ના રોજ "રઝા એકેડમી" મુંબઈની કયાદતમાં ફ્રાંસિસી મેગેઝિન "ચાર્લી હેબ્દો"એ કરેલ ઈસ્લામના મહાન પયગંબર મુહમ્મદ મુસ્તફા ﷺની ગુસ્તાખીના વિરુદ્ધમાં દેખાવો કરીને જબરદસ્ત વિરોધ ભીંડી બજાર ખાતે પ્રદર્શિત કર્યો હતો. મુંબઈની માહિમ, નળ બજાર, ફૂલ ગલી, હાંડીવાલી મસ્જિદ, ગોવંડી વગેરેની વિવિધ સંસ્થાઓએ રઝા એકેડમીના સંચાલન હેઠળ આ દુષ્કૃત્ય પર સખત વિરોધ નોંધાવ્યો હતો. આપણે સૌ સુન્ની મુસલમાનો પણ "ચાર્લી હેબ્દો" મેગેઝિનના આ દુષ્કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને આ હરકત કરનારાઓને સખત સજા થાય તેવી માંગ કરીએ છીએ. *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઈન્તેક઼ાલ પુરમલાલ ! દેવગઢબારીયા** : ખાતેથી જનાબ અમાનુર્રહમાનના પત્રથી જાણવા મળ્યું કે તા. ૩–૮–૨૦૨૦, ૧૨ ઝીલ હજ્જ સોમવારે બુલબુલે ગુજરાત જનાબ ક઼ારી અતાઉર્રહમાનના ભાઈ મિફતાઉર્રહમાન ઉર્ફ મુન્નાખાનનો કોરોનાની બીમારીમાં ઈન્તેક઼ાલ થઈ ગયો છે. اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, ઘરવાળાંને સબ્રે જમીલ તથા અજરે જઝીલ અતા કરે. (આમીન) તેમજ બુલબુલે ગુજરાત જનાબ ક઼ારી અતાઉર્રહમાનની તબિઅત નાદુરુસ્ત છે. તો દુઆ છે કે રબ્બે કરીમ તેના મહબૂબ ﷺના સદક઼ામાં શિફાએ કામિલા આઝિલા અતા કરે. (આમીન) –*તંત્રી*

# કોરોના વાયરસની વબા અને મુસ્લિમ કૌમ

હપ્તો : ૦૨

અંબિયાએ કિરામ તથા ઉમ્મતના સાલેહીનનો એ નિયમ રહ્યો છે કે જ્યારે તેમને કોઈ મુસીબત ખડી થતી તો સૌ પ્રથમ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં સજદામાં પડી જતા અને માલિકે હકીકીની બારગાહમાં અરજ કરતા. આકાએ દો આલમ ﷺ ઘણીવાર મુશ્કેલ સંજોગોમાં પોતાના રબની બારગાહમાં સજદામાં સર રાખીને ખૂબ જ આજીજી તથા રૂદન અને કાકલૂદીની સાથે દુઆ કરતા હતા.

અલ્લામા ઈબ્ને કષીરે "અસ્સીરતુન્નબવિય્યહ"માં સૈયદુલ આલમીન ﷺની તે દુઆ નકલ કરી છે કે જ્યારે આપે તાઈફથી પરત આવતાં ઝખ્મોથી ચૂર ચૂર હાલતમાં એક બાગમાં બે રકાત નમાઝ અદા કર્યા બાદ પોતાની સર્વ પયગબંરાના અઝમતોના હોવા છતાં પોતાના રબની હુઝૂરમાં અતિશય કરગરીને રૂદન સાથે આ શબ્દોમાં દુઆ ફર્માવે છે :–

''હે અલ્લાહ ! હું મારી અશક્તિ અને પોતાની અમલની શક્તિની કમી તથા લોકોના મુકાબલામાં પોતાની બેબસીની ફરિયાદ તારી સમક્ષ પેશ કરું છું. હે અલ્લાહ ! તું અર્હમુર્રાહિમીન છે અને તમામ કમજોરોનો રબ છે અને તું મારો પણ રબ છે. હે અલ્લાહ ! તું મને કોને હવાલે કરે છે ? એવા દૂર રહેલા જેઓ મારી સાથે કટુતાપૂર્વક વર્તે છે ? શું કોઈ દુશ્મનને તેં મારા મામલાનો માલિક બનાવી આપ્યો છે ? જો તું મારાથી નારાજ નથી તો મને આ તકલીફોની પરવા નથી, તેમ છતાં તારો ભલાઈનો દામન મારા માટે ઘણો વિશાળ છે. હું પનાહ લઉં છું તારી જાતના નૂરની જેનાથી અંધકારો રોશન થઈ જાય છે અને દુનિયા તથા આખેરતનાં કામો સંવરી જાય છે. હું તારી પનાહમાં આવું છું એ વાતથી કે તું મારા પર તારો ગઝબ નાઝિલ ફર્માવે અથવા મારા પર તારી નારાઝગી નાઝિલ કરે. તારી જાતના વિના ન મારી પાસે કોઈ શક્તિ છે ન કુવ્વત છે.''

ગઝવએ બદરના મૌકા પર પોતાના પાક તંબૂમાં અતિશય ગિર્યાઓ ઝારીની સાથે પૂરી રાત દુઆમાં વ્યસ્ત રહે છે અને ફજર તુલૂઅ થતાં પહેલાં જ્યારે આપના રૂદન તથા આજીજીનો અવાજ તંબૂ મુબારકની બહાર આવે છે તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ જે આપના તંબૂ મુબારકની બહાર પહેરા ભરી રહ્યા હતા તે અંદર હાજર થાય છે અને અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! સર મુબારક ઉઠાવો ! અલ્લાહ પોતાનો વાયદો જરૂર પૂરો ફર્માવશે.

ઉમ્મતની મગફિરતને માટે પૂરી પૂરી રાત સજદામાં પસાર કરતા ત્યાં સુધી કે સવાર તુલૂઅ થઈ જતી અને દાઢી મુબારક આંસુઓથી તર થઈ જતી હતી. આપ અંદાઝો કરો કે તે અઝીમ રસૂલ ﷺ જે સૃષ્ટિના સર્જનનો સબબ છે, તે અઝીમ રસૂલ ઝુલ જલાલની બારગાહમાં અતિશય દુઃખ તથા પીડાની સાથે દુઆ કરે છે. મુસીબતોમાં દુઆ કરવી એ અંબિયાએ કિરામની મુતવારિષા સુન્નત છે.

કુર્આને અઝીમમાં અંબિયાએ કિરામની

અઝ : અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી مدظلہ العالی (સેક્રેટરી જનરલ : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)

દુઆઓ મૌજૂદ છે. તેમને જ્યારે પણ કોઈ મુશ્કેલી ખડી થતી તો ખુદાની બારગાહમાં અરજ કરતા. હઝરત નૂહ علیہ السلام જ્યારે એક લાંબા કાળ સુધી પોતાની કૌમને સીધા માર્ગે લાવવાની કોશિશ કરતા રહ્યા અને તેમની કૌમે જુલ્મોની હદ કરી નાખી. પછી એક એવો સમય આવ્યો કે તેમણે પોતાના રબની હુઝૂરમાં આ શબ્દોમાં દુઆ કરી : اَنِّیْ مَغْلُوْبٌ فَانْتَصِرْ "હું મગ્લૂબ છું તું મારો બદલો લે." *(સૂરએ કમર, આ. ૧૦)*

તેમની દુઆના જવાબમાં નુસ્રતે ઈલાહીએ (અલ્લાહની મદદે) તેમને નવાઝયા અને તુફાને નૂહના થકી જાલિમોને ગર્ક કરી દીધા અને તેમને તથા તેમની સાથેના સર્વ ઈમાનવાળાઓને નજાત અતા કરી.

હઝરત ઐયૂબ علیہ السلامને જ્યારે કસૌટી તથા આઝમાઈશમાં નાખવામાં આવ્યા અને કેટલાય વરસો સુધી એ સર્વ મુસીબતોને સહન કરતા રહ્યા. તેમના પુત્રોનો ઈન્તેકાલ થઈ ગયો, તેમના બાગો બર્બાદ થઈ ગયા, તેમની કૌમે તેમને આબાદીથી કાઢી મૂક્યા તો તેમણે પોતાના રબની બારગાહમાં આજીજીપૂર્વક અરજ કરી :–

وَاَیُّوْبَ اِذْ نَادٰی رَبَّهٗۤ اَنِّیْ مَسَّنِیَ الضُّرُّ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِیْنَ

"અને ઐયૂબને (યાદ કરો) જ્યારે તેણે પોતાના રબને પોકાર્યો કે મને તકલીફ પહોંચી અને તું સૌ મહેરવાળાઓથી વધીને મહેરવાળો છે." *(સૂરએ અંબિયા, આ. ૮૩)*

મુસીબત તથા આઝમાઈશનો દૌર ખત્મ થઈ ગયો. તેમને તંદુરસ્તી તથા શક્તિ મળી ગઈ. અલ્લાહે તેમને ઔલાદ તથા બાગોથી નવાઝયા.

હઝરત ઝકરિયા علیہ السلام ઝઈફ તથા કમજોર થઈ ગયા છે અને એ વાતથી પરેશાન રહે છે કે મારા બાદ દીનની દા'વતનું કામ કોણ અંજામ આપશે ? તો તેમણે પોતાના રબની બારગાહમાં દુઆ કરી :

رَبِّ لَا تَذَرْنِیْ فَرْدًا وَّاَنْتَ خَیْرُ الْوٰرِثِیْنَ "હે મારા રબ ! મને એકલો ન છોડ અને તું સૌથી બેહતર વારિસ." *(સૂ. અંબિયા, આ. ૮૯, કન્ઝુલ ઈમાન)*

આ અરજના જવાબમાં તેમને ઘડપણ હોવા છતાં જનાબ યહ્યા علیہ السلام જેવા મહાન પુત્રથી નવાઝવામાં આવ્યા.

હઝરત યૂનુસ علیہ السلامએ એક લાંબા કાળ સુધી પોતાની કૌમની સુધારણાની કોશિશ કરી, પણ કૌમ પોતાની નાપસંદીદા રવિશ પર અડેલી રહી અને સિરાતે મુસ્તકીમથી દૂર રહી. છેવટે જનાબ યૂનુસ علیہ السلامએ પોતાની કૌમથી નારાજ થઈને પોતાની દા'વતની ભૂમિને છોડીને કોઈ અન્ય ઈલાકાની તરફ જવાનો ફેંસલો કરી લીધો. આ ફેંસલો તેમનો પયગંબરાના ઈજતેહાદ હતો, જેમાં રબની મરજી સામેલ ન હતી. એટલા માટે કે કોઈ પયગંબરને એ ઈજાઝત ન હતી કે તે મુશ્કેલીઓ અને મુસીબતોથી તંગ આવીને પોતાની દા'વતની ભૂમિને જાતે પોતે ત્યજી દે. જેથી અંબિયાએ કિરામે જેટલી હિજરતો કરી છે તે અલ્લાહના હુકમ પછી કરી છે. ખુદ પયબંરે આ'ઝમ علیہ الصلوٰۃ والسلامએ સહાબીઓને હબ્શા તથા અન્ય જગાઓની તરફ હિજરતનો હુકમ આપ્યો અને ખુદ જુલ્મ સહન કરતા રહ્યા. પણ જ્યારે અલ્લાહનો હુકમ થયો તો આપે મદીના તયબહની તરફ હિજરત કરી. હઝરત યૂનુસ علیہ السلامએ રબના હુકમની રાહ જોયા વિના હિજરત કરી તો તેમને માછલીના પેટમાં આઝમાઈશ રૂપે

ચાલીસ દિવસ પસાર કરવા પડયા અને દરમ્યાન તેમને પોતાના ઉતાવળમાં કરેલ ફેંસલાનો એહસાસ થયો તો ખુદાએ બુઝુર્ગો બરતરની બારગાહમાં આ શબ્દોમાં દુઆ કરતા રહ્યા :

لَآ اِلٰہَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ

"કોઈ મઅબૂદ નથી સિવાય તારા. પાકી છે તને, બેશક ! મારાથી અયોગ્ય થયું." *(સૂરએ અંબિયા, આ. ૮૭, કન્ઝુલ ઈમાન)*

આ દુઆ આજે દુઆએ યૂનુસના નામથી મશહૂર છે અને **આજે પણ એનો વિર્દ મુસીબતો તથા આપત્તિઓને દૂર કરી આપે છે.** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેમની દુઆ કૃબૂલ ફર્માવી અને તેમને માછલીએ દરિયાના કિનારે પેટમાંથી પાછા કાઢી નાખ્યા. જ્યારે પોતાની દા'વતની ભૂમિ પર પહોંચ્યા તો ત્યાં નક્શો જ બદલાય ચૂક્યો હતો. સર્વ ગુનેહગારો તથા પાપીઓ તૌબા કરીને મુત્તક઼ી તથા પરહેઝગાર બની ચૂક્યા હતા. કેમ કે જનાબ યૂનુસ علیہ السلامના ચાલ્યા ગયા બાદ તેમને એહસાસ થયો કે જ્યારે કોઈ નબી પોતાની દા'વતની ભૂમિને છોડી આપે છે તો તેની ક઼ૌમ પર અઝાબ આવે છે, આ ખયાલે તેમને તૌબાની તરફ વાળ્યા. કુર્આને અઝીમે તેમની તૌબાનો ઉલ્લેખ કર્યો છે કે કોઈ ક઼ૌમને તેની તૌબાએ એટલો ફાયદો નથી પહોંચાડયો જેટલો જનાબ યુનૂસની ક઼ોમને પહોંચ્યો.

જનાબ યૂનુસ علیہ السلامના વતન ત્યજવામાં એ મસ્લેહતે ખુદાવંદી પણ હતી કે એ રીતે તેમની ક઼ૌમ સામૂહિક તૌબા કરીને પોતાની સુધારણા કરી લેશે અને **દુનિયાભરની ગુનેહગાર ક઼ૌમોને એ સબક઼ હાસલ થશે કે તેઓ પોતાના રબની બારગાહમાં સામૂહિક તૌબા તથા પોતાના હાલની સુધારણા કરીને પોતાની દુનિયા તથા આખેરત સંવારી લેશે.**

અહીં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જ્યારે અલ્લાહ તઆલાની સુન્નતે જારિયહ એ રહી છે કે પયગંબરની હિજરતના પછી તેમની નાફર્માન ક઼ૌમ પર અઝાબ આવી જાય છે, તો સૈયદે આલમ ﷺની હિજરત પછી મક્કાવાળાઓ પર અઝાબ કેમ ન આવ્યો ? એનો જવાબ એ છે કે પયગંબરે આ'ઝમ ﷺએ દુઆ કરી હતી કે, હે મારા અલ્લાહ ! મારી ક઼ૌમ પર એ પ્રકારનો અઝાબ નાઝિલ કરજે જે રીતે આગલા અંબિયાઓની ક઼ૌમો પર અઝાબ નાઝિલ કર્યો હતો. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺની દુઆના જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો હતો :

وَمَا كَانَ اللّٰہُ لِیُعَذِّبَہُمْ وَاَنْتَ فِیْہِمْ وَمَا كَانَ اللّٰہُ مُعَذِّبَہُمْ وَہُمْ یَسْتَغْفِرُوْنَ

"અને અલ્લાહનું કામ નથી કે તેમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ તમો તેમનામાં તશરીફ રાખો છો અને અલ્લાહ તેમને અઝાબ કરનાર નથી જ્યાં સુધી તેઓ બખ્શિશ માગી રહ્યા છે."

*(સૂરએ અન્ફાલ, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

અલ્બત્ત પૂરી ક઼ૌમ પર તો અઝાબ ન આવ્યો પણ જેઓ જાલિમ હતા તેમને ગઝવએ બદરમાં મૌતથી મિલાવી દેવામાં આવ્યા. આ પણ એક પ્રકારનો અઝાબ હતો. ત્રીજુ કારણ એ હતું કે ઈલ્મે ઈલાહીમાં એ વાત હતી કે ફતહે મક્કા પછી આખુ મક્કા ઈસ્લામમાં દાખલ થઈ જશે અને મક્કા મુકર્રમા દારુલ ઈસ્લામ બની જશે. અને ચોથુ કારણ એ હતું કે ખાતમુન્ નબીય્યીન ﷺ આખરી નબી છે, તેમના બાદ કોઈ અન્ય નબી આવશે નહીં,

એટલા માટે એમની કૌમને કયામત સુધી દીને ઈસ્લામના પ્રચારને અન્ય કૌમો સુધી પહોંચાડવા માટે બાકી રાખવી જરૂરી હતી.

શું જનાબ યૂનુસ علیہ السلام ની હિજરત, દુઆ તથા પછી કૌમની સુધારણાવાળી થવાની અને તેના પરિણામે ગાલિબ થવાના બનાવોથી મુસ્લિમ ઉમ્મતને એ સબક હાંસલ નથી થતો કે જો આજે પણ ઉમ્મતે મુસ્લિમા ખુદાની બારગાહમાં ઝુકી જાય, ગુનાહોથી તૌબા કરી લે તો તેને ફરીથી ગલબો (સરસાઈ) અને સત્તા નસીબ થશે. **ખુદા કરે કે કોરોનાના અઝાબના પરિણામ રૂપે પોતાના ઘરોમાં કૈદ થયેલા મુસલમાન એના પર વિચારણા કરે અને જ્યારે આ મુસીબતથી નજાત પામીને મસ્જિદોની તરફ પલ્ટે તો સંપૂર્ણ બદલાયેલા મુત્તકી તથા પરહેઝગાર હોય.** આ રીતે આ મુસીબતમાં પણ મુસ્લિમ ઉમ્મતના માટે ભલાઈનું પાસુ પણ છુપાયેલું છે.

કુર્આને અઝીમમાં મુસીબતો તથા કઠણાઈઓના માહોલમાં ખુદાએ બરતરની બારગાહમાં ઈખ્લાસની સાથે રુજૂઅ કરનારાઓ માટે આ કાયમની ખુશખબરી મૌજૂદ છે :

الَّذِيْنَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ ۙ قَالُوْٓا اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ، اُولٰٓئِكَ عَلَيْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ وَاُولٰٓئِكَ هُمُ الْمُهْتَدُوْنَ۔

"કે જ્યારે તેમના પર કોઈ મુસીબત પડે તો કહે, અમે અલ્લાહના માલ છીએ અને અમારે તેની તરફ ફરવાનું. આ લોકો છે જેમના પર તેમના રબની દુરૂદો છે અને રહમત અને આ જ લોકો રાહ પર છે." *(સૂ. બકરહ, આ. ૧૮૬-૧૮૭, કન્ઝુલ ઈમાન)*

કુર્આને અઝીમમાં તૌબાનો ઉલ્લેખ નેવુ સ્થળોએ છે. મસ્દરે ઈસ્તિગફાર પોતાના તમામ મુશ્તકાતની સાથે ૨૦૦થી અધિક સ્થળોએ મૌજૂદ છે. કુર્આને અઝીમની એક સૂરતનું નામ સૂરએ તૌબા છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ન કેવળ એ કે તૌબા કરનારાઓના ગુનાહોને માફ કરી આપે છે બલ્કે તેમના આમાલનામામાં ગુનાહોને મિટાવીને નેકીઓ લખવાનો હુકમ આપે છે.

ઈર્શાદે બારી તઆલા છે :-

اِلَّا مَنْ تَابَ وَاٰمَنَ وَ عَمِلَ عَمَلًا صَالِحًا فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا۔

"પણ જે તૌબા કરે અને ઈમાન લાવે અને સારુ કામ કરે તો એવાઓની બુરાઈઓને અલ્લાહ ભલાઈઓથી બદલી નાખશે. અને અલ્લાહ બખ્શનારો મહેરબાન છે."

*(સૂ. ફુર્કાન, આ. ૭૦, કન્ઝુલ ઈમાન)*

એક જગાએ ઈર્શાદ ફર્માવે છે :

وَّاَنِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ يُمَتِّعْكُمْ مَّتَاعًا حَسَنًا

"અને એ કે તમારા રબથી માફી માગો, પછી તેના તરફ તૌબા કરો, તમને ઘણો જ સારો વર્તાવ આપશે." *(સૂ. હૂદ, આ.૩, કન્ઝુલ ઈમાન)*

ઈર્શાદે ઈલાહી છે :

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْٓا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحًا

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહની તરફ એવી તૌબા કરો જે આગળના માટે નસીહત થઈ જાય." *(સૂરએ તહરીમ, આ. ૮, કન્ઝુલ ઈમાન)*

ખુદાએ સત્તાર વ ગફ્ફારનો ઈર્શાદ છે :

اِنَّمَا التَّوْبَةُ عَلَى اللّٰهِ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ فَاُولٰٓئِكَ يَتُوْبُ اللّٰهُ عَلَيْهِمْ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا۔

''તે તૌબા જેને કૃબૂલ કરવું અલ્લાહે પોતાના ફઝ્લથી લાઝિમ કરી લીધું છે તે એઓની છે જેઓ નાદાનીથી બુરાઈ કરી બેસે પછી થોડીવારમાં તૌબા કરી લે. એવાઓ પર અલ્લાહની રહમતથી રુજૂઅ કરે છે અને અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે.''

*(સૂ. નિસાઅ્, આ. ૧૭, કન્ઝુલ ઈમાન)*

رَبَّنَآ اِنَّنَا سَمِعۡنَا مُنَادِيًا يُّنَادِىۡ لِلۡاِيۡمَانِ اَنۡ اٰمِنُوۡا بِرَبِّكُمۡ فَاٰمَنَّا ۖ رَبَّنَا فَاغۡفِرۡ لَنَا ذُنُوۡبَنَا وَكَفِّرۡ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الۡاَبۡرَارِ

''હે રબ અમારા ! અમે એક મુનાદીને સાંભળ્યો કે ઈમાનના માટે નિદા (પોકાર) કરે છે કે પોતાના રબ પર ઈમાન લાવો તો અમે ઈમાન લાવ્યા. હે અમારા રબ ! તું અમારા ગુનાહો બખ્શી દે અને અમારી બુરાઈઓ મિટાવી દે અને અમારું મૌત સારાઓની સાથે કર.''

*(સૂ. આલે ઈમરાન, આ. ૧૯૩, કન્ઝુલ ઈમાન)*

وَلَقَدۡ اَرۡسَلۡنَاۤ اِلٰٓى اُمَمٍ مِّنۡ قَبۡلِكَ فَاَخَذۡنٰهُمۡ بِالۡبَاۡسَآءِ وَالضَّرَّآءِ لَعَلَّهُمۡ يَتَضَرَّعُوۡنَ

''અને બેશક ! અમે તમારાથી પહેલી ઉમ્મતની તરફ રસૂલ મોકલ્યા તો તેમને સખ્તી તથા તકલીફથી પકડયા કે તેઓ કોઈ રીતે કરગરે.'' *(સૂ. અન્આમ, આ. ૪૨, કન્ઝુલ ઈમાન)*

وَاِذَا جَآءَكَ الَّذِيۡنَ يُؤۡمِنُوۡنَ بِاٰيٰتِنَا فَقُلۡ سَلٰمٌ عَلَيۡكُمۡ كَتَبَ رَبُّكُمۡ عَلٰى نَفۡسِهِ الرَّحۡمَةَ ۙ اَنَّهٗ مَنۡ عَمِلَ مِنۡكُمۡ سُوۡٓءًۢا بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنۡۢ بَعۡدِهٖ وَاَصۡلَحَ فَاَنَّهٗ غَفُوۡرٌ رَّحِيۡمٌ

''અને જ્યારે તમારી સમક્ષ તેઓ હાજર થાય જેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે તો તેમને ફર્માવો, તમારા પર સલામ, તમારા રબે પોતાના કરમના જિમ્મે રહમત લાઝિમ કરી લીધી છે કે તમારા જો કોઈ નાદાનીથી કાંઈક બુરાઈ કરી બેસે, પછી એના બાદ તૌબા કરે અને સંવરી જાય. તો બેશક ! અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.''

*(સૂ. અન્આમ, આ. ૫૪, કન્ઝુલ ઈમાન)*

સર્વ અંબિયાએ કિરામે મુસીબતો તથા પીડાઓના માહોલમાં અલ્લાહ તરફ રુજૂઅનો સહારો લીધો અને અલ્લાહે કામયાબ ફર્માવ્યા.

હઝરત શોએબ علیہ السلام ની દુઆ :

رَبَّنَا افۡتَحۡ بَيۡنَنَا وَبَيۡنَ قَوۡمِنَا بِالۡحَقِّ وَاَنۡتَ خَيۡرُ الۡفٰتِحِيۡنَ

''હે રબ અમારા ! અમારામાં તથા અમારી કૌમમાં હક્ક્ ફૈસલો કર અને તારો ફૈસલો સૌથી બેહતર.'' *(સૂ. અઅ્રાફ, આ. ૮૯, કન્ઝુલ ઈમાન)*

હઝરત મૂસા علیہ السلام નું ફર્માન છે :

قَالَ مُوۡسٰى لِقَوۡمِهِ اسۡتَعِيۡنُوۡا بِاللّٰهِ وَاصۡبِرُوۡا ۚ اِنَّ الۡاَرۡضَ لِلّٰهِ ۙ يُوۡرِثُهَا مَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖ ؕ وَالۡعَاقِبَةُ لِلۡمُتَّقِيۡنَ

''મૂસાએ પોતાની કૌમને ફર્માવ્યું, અલ્લાહની મદદ ચાહો અને સબ્ર કરો. બેશક ! જમીનનો માલિક અલ્લાહ છે, પોતાના બંદાઓમાં જેને ચાહે વારસ બનાવે, અને છેવટે મેદાન પરહેઝગારોના હાથમાં છે.'' *(સૂ. અઅરાફ, આ. ૧૨૮, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહ પાક પોતાના હબીબ ﷺ ને તસલ્લી આપતાં ફર્માવે છે :

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمۡ وَاَنۡتَ فِيۡهِمۡ ؕ وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمۡ وَهُمۡ يَسۡتَغۡفِرُوۡنَ

''અને અલ્લાહનું કામ નથી કે તેમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ ! તમે એમનામાં તશરીફ ફર્મા છો, અને અલ્લાહ તેમને અઝાબ કરનાર નથી, જ્યાં સુધી તેઓ બખ્શિશ માગી રહ્યા છે.''

*(સૂ. અન્ફાલ, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)* *(ક્રમશઃ)*

# અવામી ગલતફેહમિયાં ઔર શરઈ હલ

હપ્તો : ૦૨

**૦૫. ક્યા તમામ પરિન્દોં (પક્ષીઓ) કી બીટ (અઘાર) નાપાક હૈ ?**

અકષર લોગ યે સમઝતે હૈં કે તમામ પરિન્દો કી બીટ નાપાક હૈ. જબ કે શરીઅત કા હુકમ તો યે હૈ કે જો પરિંદે ઊંચે નહીં ઉળતે જૈસે મુર્ગી, બતખ વગૈરહ ઉન કી બીટ ઈન્સાન કે પાખાને કી તરહ નાપાક ઔર નજાસતે ગલીઝા હૈ. ઔર જો પરિન્દે ઊંચે ઉળતે હૈં, ઉનમેં સે જિન પરિંદો કો ખાના હલાલ હૈ ઉનકી બીટ પાક હૈ, જેસે કબૂતર, મુર્ગાબી, મૈના, ઘરેલૂ ચિર્યા વગૈરહ ઔર જિન પરિન્દોં કો ખાના હરામ હૈ ઉન કી બીટ નજાસતે ખફીફા હૈ, જેસે કવ્વા, ચીલ, શકરા, બાઝ વગૈરહ. ઐસા હી ''બહારે શરીઅત'' હિસ્સા : ૨, સફહા : ૩૯૧'' પર હૈ.

**૦૬. ક્યા ગુસ્લ કે બાદ નમાઝ વગૈરહ પળ્હને કે લિયે વુઝૂ કરના ઝરૂરી હૈ ?**

બહોત સારે મુસલમાનોં મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે ગુસ્લ કરને કે બાદ અગર નમાઝ પળ્હની હૈ યા કુર્આન શરીફ કો લેકર તિલાવત કરની હૈ તો અબ વુઝૂ કરના ઝરૂરી હૈ. હાલાંકે શરીઅત કે એતેબાર સે હુકમ યે હૈ કે ગુસ્લ કરને કે બાદ અગર વુઝૂ કો તોળને વાલી કોઈ ચીઝ નહીં પાઈ ગઈ, મષલન પૈશાબ કરના યા હવા ખારિજ હોના (ગેસ નિકલના) તો ઐસી સૂરત મેં નમાઝ કે લિયે, કુર્આન કો છુને કે લિયે વુઝૂ કરને કી કોઈ ઝરૂરત નહીં. ઈસ લિયે કે જબ ગુસ્લ કર લિયા ગયા તો કામિલ તહારત ઔર પાકી હાસિલ હો ગઈ. ઔર વૈસે ભી ગુસ્લ કા જો સુન્નત તરીક઼ા હૈ, ઉસ મેં વુઝૂ મૌજૂદ હૈ હી, લેકિન ફિર ભી અગર કિસીને સુન્નત તરીક઼ે કે મુતાબિક઼ ગુસ્લ નહીં કિયા ઔર સિર્ફ ફર્ઝ અદા કર લિયે તો ઉસ કે લિયે ભી વહી હુકમ રહેગા જો ઉપર બયાન કિયા ગયા.

ગુસ્લ કે બાદ વુઝૂ ઝરૂરી નહીં, ઈસ કે હવાલે સે ''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા'' رضی اللہ عنہا કી રિવાયત હૈ, ફર્માતી હૈં કે : ''નબી કરીમ ﷺ ગુસ્લ કે બાદ વુઝૂ નહીં ફર્માતે થે.''

*(જામિઅ તિર્મિઝી, જિલ્દ–૧, સફહા–૧૬૧, હદીષ–૧૦૭)*

**૦૭. ક્યા કિસી અજનબી ઔરત પર નઝર પળને સે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

બાઝ મુસ્લિમ અવામ મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે વુઝૂ કરને કે બાદ અગર કિસી અજનબી ઔરત પર નઝર પળ જાએ તો વુઝૂ ટૂટ જાતા હૈ. જબ કે શરીઅત કે એતેબાર સે હરગિઝ ઐસા નહીં હૈ કે અજનબી ઔરત પર નઝર પળને સે વુઝૂ ટૂટ જાતા હૈ. ઐસા હી ''ફતાવા રઝવિય્યહ'' જિલ્દ–૧, સફહા–૪૭૨ પર હૈ. હાં ! ઈસ સૂરત મેં દોબારા વુઝૂ કર લેના મુસ્તહબ ઔર બેહતર હૈ. જૈસા કે ''ફતાવા રઝવિય્યહ'' જિલ્દ–૧, સફહા–૯૬૪ પર હૈ.

**૦૮. મોબાઈલ કી સ્કીન પર નઝર આને વાલે કુર્આન મજીદ કી આયતેં છુને કે લિયે ક્યા વુઝૂ હોના ઝરૂરી હૈ ?**

ઈસ કે હવાલે સે ''અલ્જામિઅતુલ અશ્રફિયહ મુબારકપુર કે ફિક઼્હી સેમીનાર''મેં ફેસ્લા હો ચૂકા હૈ જો યે હૈ :

''ઈસ સિલસિલેમેં બઈત્તિફાક઼ે રાય (સબ કે ઈત્તિફાક઼સે)યે તય પાયા કે ઈસ સૂરત મેં ખૂદ ઈન આલાત (કમ્પ્યૂટર, મોબાઈલ વગૈરહ) યા ઉનકી સ્કીન કો બિલા હાઈલ (કપળે વગૈરહ કે બગૈર ડાયરેક્ટ) બેવુઝૂ છુના જાઈઝ હૈ, ઈસ લિયે કે ઈન

અઝ : મુફ્તી સાબિર નજમી મિસ્બાહી(સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

જદીદ આલાત કી સ્ક્રીન સે મુત્તસિલ (મિલા હુવા) એક શીશા હોતા હૈ જો મવાદ (મોબાઈલકે અંદર કી બાતોં) કે ઝાહિર કરને મેં મુઆવિન (મદદગાર) હોતા હૈ, ઔર ઉસકે ઉપર એક દુસરા શીશા હોતા હૈ જો સ્ક્રીન કી હિફાઝત કે લિયે લગાયા જાતા હૈ ઔર યે ઉપરવાલા શીશા અસ્લ સ્ક્રીનસે જુદા હોતા હૈ ઔર મવાદ કો ઝાહિર કરને મેં ઉસકા કોઈ દખલ ભી નહીં હોતા, ઈસ લિયે યે ગિલાફો જુઝદાન કે દરજે મેં હૈ ઔર ગિલાફ યા જુઝદાન કે સાથ કુર્આન કરીમ છુના જાઈઝ હૈ.

યે અસ્લ હુકમ હૈ, લેકિન તકાઝાએ અદબ (અદબ કે તકાઝે) બલ્કે રિઆયતે ખિલાફ કે પૈશે નઝર (ઈખ્તિલાફ કી રિઆયત કરતે હુએ) મન્દૂબ (મુસ્તહબ) યે હૈ કે ઉસે ભી બેવુઝૂ ન છુએ."

*(માહનામા અશરફિયહ, માર્ચ–૨૦૧૪)*

ઈસ ફેસ્લે સે મા'લૂમ હુવા કે અવામ મેં યે ગલત મશ્હૂર હૈ કે મોબાઈલ કી સ્ક્રીન પર નઝર આને વાલી આયતોં કો છુને કે લિયે વુઝૂ ઝરૂરી હૈ. હાં ! વુઝૂ કરકે ઉસે છુના બેહતર હૈ.

**૦૯. ક્યા ગાલી બોલને ઔર ગીબત કરને સે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

અવામ મેં યે મશ્હૂર હૈ કે ગાલી બોલને ઔર ગીબત કરને સે વુઝૂ ટૂટ જાતા હૈ, હાલાંકે શરીઅત મેં હરગિઝ ઐસા નહીં હૈ. હાં ! ઈન દોનોં ચીઝોં કે બાદ વુઝૂ કર લેના મુસ્તહબ ઔર બેહતર હૈ. જૈસા કે "બહારે શરીઅત" હિસ્સા–૨, સફહા–૩૦૨ પર હૈ.

**૧૦. ક્યા મોબાઈલ યા ટી.વી. મેં યા બાહર કિસી બુરી ચીઝ પર નઝર પળ જાને સે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

બહોત સારે લોગોં મેં યે ભી મશ્હૂર હૈ કે મોબાઈલ યા ટી.વી. મેં કિસી બુરી તસ્વીર પર નઝર પર જાને સે, ઈસી તરહ બાહર કિસી બુરી ચીઝ પર નઝર પળ જાને સે વુઝૂ ટૂટ જાતા હૈ, જબ કે શરઅન ઉનમેં સે કિસી સૂરત મેં વુઝૂ નહીં ટૂટતા. હાં ! દોબારા વુઝૂ કર લેના બેહતર હૈ.

**૧૧. ક્યા બદન પર કોઈ નાપાકી લગ જાનેસે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

બાઝ મુસલમાનોં મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે અગર બદન પર કોઈ નાપાકી લગ જાએ તો વુઝૂ ટૂટ જાતા હૈ. જબ કે શરીઅત કે એતેબારસે બદન પર નાપાકી લગને સે વુઝૂ નહીં ટૂટતા, બલ્કે બદન કે અંદર સે નાપાકી નિકલને સે વુઝૂ ટૂટતા હૈ. જૈસા કે "બહારે શરીઅત" હિસ્સા–૨, સફહા–૩૦૩ પર "વુઝૂ તોળને વાલી ચીઝોં કે બયાન" મેં મૌજૂદ હૈ.

હાં ! બદન કે જિસ હિસ્સે પર નાપાકી લગી હૈ, ઉસ કો ધો લિયા જાએ.

**૧૨. ક્યા ઝોર ઝોર સે હંસને સે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

નમાઝ કે બાહર ઝોર ઝોર સે હંસને સે વુઝૂ નહીં ટૂટતા. અવામ મેં યે ગલત મશ્હૂર હૈ કે ઈસ સે વુઝૂ ટૂટ જાતા હૈ. હાં ! રુકૂઅ સજદેવાલી નમાઝમેં જાગતે હૂએ અગર કોઈ ઈતની ઝોર સે હંસે કે આસ પાસવાલે સુનેં તો ઉસ કા વુઝૂ ટૂટ જાએગા. જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :

"બાલિગ કા કેહકહા યાની ઈતની આવાઝ સે હંસી કે આસ પાસવાલે સુનેં અગર જાગતે મેં રુકૂઅ સજદાવાલી નમાઝમેં હો તો વુઝૂ ટૂટ જાએગા ઔર નમાઝ ફાસિદ હો જાએગી."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૦૮)*

હાં ! વુઝૂ કરને કે બાદ નમાઝ કે અલાવા અગર કોઈ ઝોર ઝોર સે હંસા તો ઉસ કે લિયે દોબારા વુઝૂ કરના બેહતર હૈ. ઐસા હી "બહારે શરીઅત" હિસ્સાઃ૨, સફહા–૩૦૨ ઔર "ફતાવા રઝવિય્યહ" જિલ્દ–૧, સફહા–૯૬૪ પર હૈ. *(ક્રમશઃ)*

# મૈયતના ફાતિહાનુ ખાણુ

## અમીર ગરીબ સૌ ખાય શકે !

**અઝ** : તાજુશ્શરીઅહ્ હઝરત મુફ્તી **અખ્તરરઝાખાં અઝહરી** مدظلہ العالی

**અનુવાદક** : ખલીફા તાજુશ્શરીઅહ, **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**સવાલ નં ૧ :** જો કોઈ શખ્સ ઈસાલે સવાબના માટે પોતાના બાપ, ભાઈ, મા, બહેન અથવા કોઈ અન્ય સગા સંબંધીની ફાતિહા, તીજયુ, ચાલીસુ કે વરસી વગેરે કરે અને એમાં ખાવાની વ્યવસ્થા પણ કરે, અને તે પોતાનાં માલદાર, ગરીબ સર્વ સગાંઓ તથા દોસ્તોને તેમજ મહોલ્લાના લોકોને દા'વત આપે, તેમને ખાવા ખવડાવે, જ્યારે કે આ સર્વ કામો મૈયતના ઘરવાળો પોતાની મરજીથી કરે, એના પર કોઈ દબાણ પણ ન હોય, તો આવી સ્થિતિમાં એ ખાણુ દરેક અમીર તથા ગરીબ ખાય શકે છે ? જેને તે ખવડાવે, બલ્કે ન ખાવાની સ્થિતિમાં ઘરવાળાને દુ:ખ થાય તેમ છે, અથવા નથી ખાય શક્તો ?

અહીં કેટલાક મોલ્વી હઝરાતનું કહેવું એવું છે કે દરેક વ્યક્તિના માટે હલાલ નથી, બલ્કે ઘરવાળાની મરજી તથા ખુશી છતાં (જણાવે છે કે) આ ખાણુ હરામ છે અને કેવળ મોહતાજ (ગરીબ) જ ખાય શકે છે. બલ્કે ખૂદ એ મોલ્વીઓએ એવું કહીને ખાવાથી ઈન્કાર કરી આપ્યો કે આ ખાણુ અમારા માટે હરામ છે !

જ્યારે કેટલાક મોલ્વીઓનું કહેવું છે કે આ ખાણુ વાજિબ સદકો નથી, બલ્કે નફલી સદકો છે, અને **નફલી સદકો કોઈના માટે હરામ નથી અને ન કોઈ ગુનોહ પણ છે** જ્યારે કે ખાનાર વ્યક્તિ અંગત રીતે એ વાતનો ખ્વાહિશમંદ ન હોય કે એ ખાવા મને ખવડાવે. તેમજ એ મોલ્વી દલીલ પણ આપે છે કે પોતાના ઘરે આવેલા મહેમાનને જે કાંઈ મેજબાન ખવડાવે પીવડાવે છે અને સેવા સુશ્રુષા કરે છે એ સર્વ કાંઈ નફ્લી સદકામાં ગણાય છે, એ ઝિયાફત અમીર મહેમાનને માટે પણ જાઈઝ છે અને ગરીબને પણ. અને જો ઘરવાળો ચાહે તો તેનો સવાબ કોઈને બખ્શી શકે છે.

જેથી તીજીયુ, ચાલીસુ, વરસી વગેરેની ફાતિહા કરવી અને એ ખાણાને ખાવું જ્યારે કે પોતાના તરફથી એને ખાવાની તમન્ના ન હોય એ જાઈઝ છે અને એનો સવાબ મૈયતની રૂહને જરૂર પહોંચે છે. અને કોઈ ખાણુ હરામ નથી હોતુ જ્યાં સુધી કે તે હરામ તરીકાથી હાંસલ કરવામાં ન આવે. (આ બંને વાતોમાંથી) સહીહ હુકમથી માહિતગાર કરશો.

**સવાલ નં ૨ :** ઘરમાં જો કોઈ મૃત્યુ પામે છે તો લોકો ઘડા વગેરે વાસણોમાં રાખેલુ પાણી ફેંકી દે છે. જો ખાવા રંધાઈ રહ્યું છે અથવા પકાવી રાખ્યું છે તો એને જાનવરોને ફેંકી દે છે અને એને ખાવા લાયક નથી સમજતા. તો એની શું હકીકત છે ?

**સવાલ નં ૩ :** વિધવા સ્ત્રીએ ઈદ્દતના દિવસોમાં માથામાં તેલ નાખીને કાંસકો વગેરે કરવું જોઈએ કે નહીં ? તેમજ કપડાં વગેરે ધોઈને અને નહાયને પહરેવાં જોઈએ કે નહીં ? જો માથામાં કાંસકો વગેરે નહીં કરે તો મોટા વાળ હોવાના લીધે માથા તથા વાળોની હાલત તો ઘણી જ તકલીફદાયક થઈ જશે. શરીઅતના હુકમથી માહિતગાર કરશો.

**પ્રશ્નકર્તા** : મુહમ્મદ મિન્હાજુલ્લાહખાં (મુા. ખંભોલ, પો. ભલ્યા બુઝુર્ગ, જિ. ખયરી, યુ.પી., તા. ૭–૧૦–૧૯૮૫)

**અલ્જવાબ** : ઉર્ફે આમ (સામાન્ય રિવાજ પ્રમાણે) જોતાં નજરો સાક્ષી છે કે ચાલીસુ વગેરેનાં ખાણા પકવવાથી લોકોનો મકસદ મૈયતને સવાબ

રદ્દુલ મુહતારમાં બહરુર્રાઈક઼થી છે :–

**صرح فی الذخیرة بان اتصدق علی الغنی نوع فریة دون قریة الفقیر**

દુર્રે મુખ્તારમાં છે :–

**الصدقة لا رجوع فیها ولو علی غنی لان المقصود الثواب**

મજમઉલ બિહારિલ્ અન્વારમાં શરહે સુનને અબૂ દાઊદના થકી છે :–

**الصدقة ماتصدقت به علی الفقراء ای غالب انو اعها کذالك فانها علی الغنی جائزة عندنا یثاب به بلا خلاق**

અને કામનો આધાર નિય્યત પર છે. **انما الا عمال با لنیات** તો જે કાંઈ ખાણુ ફાતિહા માટે પકાવવામાં આવ્યું. બોલાવતી વખતે તેને દા'વત શબ્દ વડે તઅબીર કરવું એ નિય્યતને બાતિલ (રદ) કરશે નહીં. જેમ કે કોઈએ પોતાના મોહતાજ ભાઈ ભત્રીજાઓને ઈદના દિવસે અમુક રૂપિયા દિલમાં ઝકાતની નિય્યત સાથે અને જીભ વડે ઈદીનુ નામ આપીને આપ્યા તો ઝકાત અદા થઈ ગઈ. ઈદી કહેવાથી તે નિય્યત બાતિલ (રદ) થશે નહીં. **کما نصوا علیه فی عامة الکتب** એ જ પ્રમાણે આપણા નજીકના સગાંઓને ખવડાવવું (વહેવાર કરવો) પણ સિલએ રહમી (સગાં સાથે સદ્વર્તાવ) છે અને સવાબનો સબબ છે, ભલે તેઓ માલદાર હોય અને માણસ જે કાર્યથી પોતે સવાબ પામે, તો તે કોઈ પણ કાર્ય હોય તેનો સવાબ મૈયતને પહોંચાડી શકે છે.

**الا صل ان کل عبادة ماله جعل ثوابها لغیره وان نواها عند الفعل لنفسه الظاهر الاوله**

આ પરથી જાહેર થઈ ગયું કે **આ ફાતિહાનું ખાણુ માલદારો માટે હરામ નથી, એમને પણ ખવડાવી શકે છે અને દા'વત પણ આપી શકે છે.** જો કે **અફ઼ઝલ એ જ છે કે કેવળ ગરીબોમાં વહેંચે,** પહોંચાડવાનો છે એટલા માટે એ કામ કરે છે જેથી એને ફાતિહાનું ખાણુ, ચાલીસાની ફાતિહા વગેરે કહે છે.

નિ:શંક ! આ નિય્યત વડે ખાણુ પકાવવું સવાબનું કામ છે. અને તેહક઼ીક઼ એ છે કે **કેવળ ફક઼ીરોમાં જ આવુ ખાવા વહેંચવા પર સવાબ નથી, બલ્કે માલદારોને ખવડાવવું પણ સવાબનું કામ છે.**

હુઝૂર ﷺ ફર્માવે છે :– **فی کل ذات کبد حری اجر** "દરેક ગરમ જિગરમાં સવાબ છે. એટલે જે જીવતાને ખવડાવશે, પાણી પીવડાવશે તો સવાબ પામશે." હદીષમાં છે :–

**اخرجه البخاری ومسلم عن ابی هریرة واحمد عن عبد اللّٰه بن عمرو ابن ماجه بن سراقه بن مالك رضی الله عنهم**

હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું :–

**فیما یا کل ابن ادم اجر واجر و فیما یاکل السبع اجر و الطیر اجر**

"જે કાંઈ માણસ ખાય જાય એમાં સવાબ છે, અને જે જંગલી પ્રાણી ખાય જાય એમાં સવાબ છે અને જે પક્ષીઓને પહોંચે એમાં સવાબ છે." હાકિમે જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી સહીહ સનદ સાથે રિવાયત કરી. બલ્કે હુઝૂરે અક઼દસ ﷺ ફર્માવે છે :

**ما اطعمت زوجك فهولك صدقة وما اطعمت ولدك فهولك صدقة وَمَا اطعمت خادمك فهو لك صدقة وما الطعمت نفسد فهو لك صدقة**

"જે કાંઈ તું પોતાની પત્નીને ખવડાવે એ તારા માટે સદક઼ો છે, અને જે કાંઈ પોતાના સેવક (નોકર)ને ખવડાવે એ તારા માટે સદક઼ો છે, અને જે કાંઈ તું જાતે ખાય એ તારા માટે સદક઼ો છે." ઈમામ અહમદ તથા તિબ્રાનીએ કબીરમાં સહીહ સનદ સાથે મિક઼દાર બિન મઅદીકર્બ رضی اللہ عنہથી રિવાયત કરી.

કેમ કે મૂળ હેતુ સવાબનો છે તથા કેવળ ફક્રીરોને ખવડાવવું અધિક મુનાસિબ છે કે **એમાં સવાબ ખૂબ જ પ્રમાણમાં છે,** તેમ છતાં પણ અસલ હેતુ દિલમાં જ્યારે કે નિય્યત સવાબ પહોંચાડવાની છે. હા ! જેનો એ હેતુ જ ન હોય અને કેવળ ફખ્ર તથા રિયા અને નામના તથા વાહ વાહ મેળવવાનો ઈરાદો હોય તો એની આ હરકતમાં કાંઈ કહેવાનું રહેતું જ નથી. સહીહ હદીષમાં છે :–

**نھی رسول اللّٰہ صلی اللّٰہ علیه وسلم عن طعام المبتا بئین قال المنادی ای المتعا رضین بالضیافه فخراً وریاءً لا نه الریاء لا اللّٰہ**

"જે ખાણા ગર્વ તથા રિયાના માટે પકાવવામાં આવે છે એને ખાવાથી નબી ﷺએ મના ફર્માવ્યું છે." **اخر جه ابو داؤد والحاکم باسناد صحیح** અને જે ખાણા ઈસાલે સવાબની નિય્યત વગર દા'વત તથા મહેમાનદારીના રૂપે શાદીઓના ખાવાની જેમ પકાવે છે તેમને સવાબ સાથે કોઈ સંબંધ નથી, એવી દા'વતને કબૂલ કરવી જોઈએ નહીં કેમ કે આ દા'વતોનો પાયો શાદી (ખુશીઓ) માટે છે ન કે ગમી માટે. જેથી ઉલમા ફર્માવે છે કે એ બિદઅતે સૈયિઅહ (બુરી બિદઅત) છે. પણ **સ્પષ્ટ દલીલ વિના કોઈ મુસલમાનના માટે એવું સમજી લેવું કે આ કામ તેણે ગર્વમાં અને નામના ખાતર કર્યું છે, એ જાઈઝ નથી. કેમ કે દિલનો હાલ અલ્લાહ ﷻ જાણે છે અને મુસલમાન પર બદ્‌ગુમાની હરામ છે.** મરાક્રીયુલ ફલાહ વગેરે મુસ્તનદ કિતાબોમાં છે :–

**وھٰذا لفظ المراقی تکرہ الضیافة من اھل المیت لانھاشرعت فی السرور ولافی الشرورو ھی بدعة مستقبحة وقال علیه السلام لا عقر فی الا سلام وھو الذی کان یعض عند القبر بقرة اوشاة**

સારાંશ કે સવાબ પહોંચાડવાની નિય્યતથી ખાવા પકાવવું, ખવડાવવું, તેની દા'વત આપવી જાઈઝ તથા મુસ્તહસન છે, બલ્કે ખુદ હદીષથી સાબિત છે જેથી એ સુન્નત છે.

તહતાવી અલલ મરાક્રીમાં છે :–

**علی انه قدعارضه مارواہ الامام احمد ایضاً بسند صحیح وابوداود وعن عاصم بن کلیب عن ابیه عن رجل من الانصار قال خرجنا مع رسول اللّٰہ صلی تعالٰی علیه وسلم فی جنازة فلما رجع استقبله داعی امرأت فجاء حی بطعام فوضع یدہ ووضیع اقوم فاکلوا ورسول اللّٰہ صلی اللّٰہ علیه وسلم یلوك اللقمه فی فیه الحدیث فھٰذا یدل علی اباحة صنع اھل البیت الطعام والدعوة الیه۔۔۔الخ۔**

એટલે કે મૈયતવાળાઓના તરફથી મહેમાનદારીની કરાહતનો હુકમ જે મતન (મૂળ લખાણ)માં આવ્યો છે તેનાથી વિરુદ્ધમાં આ હદીષ છે જેને ઈમામ અહમદ તથા અબૂ દાઊદે આસિમ બિન કલીબ رضی اللہ عنہથી, અને તેમણે પોતાના પિતાથી રિવાયત કરી છે. અને તે એક સહાબી અન્સારીથી રિવાયત કરે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક જનાઝાની પાછળ નીકળ્યા. તો જ્યારે હુઝૂર ﷺ પરત થયા તો મૈયતની પત્નીનો ક્રાસિદ હુઝૂર ﷺની રૂબરૂ હાજર થયો અને દા'વત આપી, તો સરકાર ﷺ તેને ત્યાં તશરીફ લાવ્યા અને ખાણુ હાજર કરવામાં આવ્યું તો સરકાર ﷺએ એમાં દસ્તે અક્દસ રાખ્યો તો લોકોએ પોતાના હાથ તેમાં રાખ્યા તો લોકોએ તે ખાવા ખાધુ અને હુઝૂર ﷺ કોળીયાને પોતાના મુખ મુબારકમાં ચાવી રહ્યા હતા." તો **આ હદીષ ખાવા પકાવીને મૈયતવાળાઓ તરફથી દા'વત આપવાનુ મુબાહ હોવા વિશે દલીલ પૂરી પાડે છે.** તેમજ એ જ તહતાવીમાં છે :–

**وفی شرعة الاسلام والسنة ان یتصدق ولی المیت له قبل مضی الیله الأ ولیٰ بشئی مما تیسم له قال ویتسحب ان یتصدق علی المیت بعد الدفن الی**

**مبعة ايام كل يوم بشيئى مماتيسرله هٰذا كله ملخص مافى الفتاوىٰ الرضويه بتصرف وزيادة منا والله تعالىٰ اعلم**

**(૨)** પાણી ફેંકવું નાજાઈઝ તથા ગુનોહ છે અને એવો ખયાલ તદ્દન બેહૂદા ખયાલ છે જેને દૂર કરવો લાઝિમ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**(૩)** મોટા દાંતાવાળા કાંસકા વડે વાળ ઓઢી શકે છે જ્યારે કે શણગારનો ઈરાદો ન કરે અને સુગંધ વિનાનુ તેલ પણ જરૂરત મુજબ ઝીનતના ઈરાદા વગર નાખી શકે છે. અને ખુશ્બુ વિનાનુ તેલ ન હોય તો ખુશ્બુદાર પણ નાખી શકે છે. અને નહાવું તથા કપડાં ધોવું, ધોયેલાં કપડાં પહેરવાં જેને સામાન્યતઃ સ્ત્રીઓ ઘરોમાં પહેરે છે અને તેનાથી ઝીનત (શણગાર) નથી થતો, એ જાઈઝ છે. હિંદિયહ્માં છે :–

**قال شمس الائمة المراد من الثياب المذكوره ماكان جديداً منها تقع به الزينة فلا باس به كذافى المحيط-----**

એમાં છે :–

**ان امتشطت من الطرف الذى اسنانه منفرجة لا باس به وانما يكره الا متشاط بالطرف الا خرلان ذالك يكون الزينة كذافى فتاوىٰ قاضيخان۔**

એમાં છે :–

**وانما يلزمها الا جتناب فى حالة الاختيار أمافى حالة الا ضطرار فلا بأس بها ان اشتكته رأسها وضيها عينها فصبت الدهن اواكتحلت لا جل المعالجة فلا باس به ولكن لا تقصد به الزينة كذافى المحيط والله تعالىٰ اعلم**

–ફકીર **મુહમ્મદ અખ્તર રઝાખાં અઝહરી** કાદરી ગુફિરલહૂ (૮–સફર હિ.સ. ૧૪૦૬) –*હવાલો માહનામા સુન્ની દુન્યા–બરેલી શરીફ, ફેબ્રુ–માર્ચ : ૧૯૮૬*

ફકીર મુહમ્મદ **મુશાહિદ રઝાખાં કાદરી રઝવી** હશ્મતી ગુફિરલહૂ કવી, આસ્તાના આલિયા હશ્મતિયા, હશ્મત નગર, પીલીભીત શરીફ

**ما احاب المخدوم العلام هو حق وصواب بلا شك و الا رتياب وتوفيق العمل من ربنا المنعام**

**મુહમ્મદ મઝહરુલ હક્ક હશ્મતી** બારબંકવી ગુફિરલહૂ

અલ્જવાબ સહીહ : **સિબ્ગતુલ્લાહ હશ્મતી ગુફિરલહૂ**

## એક અધિક ખુલાસો

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન નીચેના મસ્અલામાં કે, એક જગાએ અમે તે ફત્વો વાંચ્યો કે, **મૈયતનું ખાણુ કેવળ ગરીબોના માટે છે આમ દા'વતના રૂપે કરવું મના છે. ગની (માલદાર) ન ખાય અને જે તેનો આશાવાદી હોય તેનું દિલ સિયાહ (કાળુ) થાય છે."** અને બીજી જગાએ એ ફત્વો છે કે, **"ગની તથા ફકીર સૌ ખાઈ શકે છે અને ખવડાવવું સવાબ છે."** તો પ્રશ્ન એ છે કે બેઉ હુકમોનો મૂળ હેતુ શું છે ? વિગતે જવાબ આપવા અરજ છે.

**જવાબ** : તે ખાણુ જે મૈયતને **ઈસાલે સવાબ** પહોંચાડવાના હેતુથી પકવવામાં આવે છે **તેને ફકીર તથા ગની દરેકે ખાવું જાઈઝ તથા દુરુસ્ત છે.** અને અજર તથા સવાબનો સબબ છે. હદીષે પાકમાં છે, **فى كل ذات كبد حرى اجر "દરેક જાનદાર ચીજને ખવડાવવામાં સવાબ છે."** અને ગની પણ જાનદાર ચીજ છે તેથી તેને ખવડાવવાથી પણ સવાબ થશે. શામીમાં છે :–

**بان التصدق على الغنى نوع قربة دون قربة الفقير**

એટલે કે, "કેવળ ગરીબને વહેંચવું સવાબ નથી, ગનીને વહેંચવું પણ સવાબ છે." હા ! જો કે ગરીબને

ખવડાવવામાં વધારે સવાબ છે અને જ્યારે મક્સદ ઈસાલે સવાબનો હોય તો તે પ્રમાણે કરવું વધુ મુનાસિબ ગણાશે. અહમદ રઝા رحمۃاللہ علیہ પોતાના ફતાવા મુબારકમાં વિવિધ જગાએ ફર્માવે છે કે, ગની ન ખાય કેમ કે તેને ખાવા તથા ખવડાવવામાં ગરીબની સરખામણીમાં સવાબ ઘટી જશે. "મના"નો અર્થ એ નથી કે ગનીને ખાવુ તથા ખવડાવવું ગુનોહ છે. બલ્કે ખિલાફે ઊલા તથા અફઝલથી ઉલ્ટુ છે, કેમ કે મૈયતને ઓછો સવાબ મળશે.

હા ! જો ઈસાલે સવાબની નિય્યત ન હોય અને આમ જ શાદી વિવાહના મૌક઼ાની જેમ (કે જ્યાં સવાબની નિય્યત નથી હોતી) ખવડાવવું ફાયદા વગરનું ગણાશે અને તેનાથી મૈયતને કશો ફાયદો થશે નહીં અને આ પ્રકારની દા'વત બિદઅતે સૈયેઅહ ગણાશે અને તેને ખાવુ મકરૂહ થશે. કેમ કે આ પ્રસંગ ખુશી કે ઉમંગનો નથી બલ્કે ગમ તથા રંજનો છે. માટે જોઈએ કે આવા પ્રસંગે ઈસાલે સવાબની નિય્યતથી ખવડાવે અને બાહ્ય આડંબર (લોકોમાં ભપકો પાડવાની) અને ફખ્રની દખલ ન હોય. અને જે વ્યક્તિ એવા ઈંતેઝારમાં હોય કે ફલાણો મરે તો ખાવાનુ મળે ! તેનું દિલ સિયાહ થશે. (આ કાયદો જણાવ્યો છે) પણ કોઈ મુસલમાન ભાઈથી એવી ઉમ્મીદ નથી અને ન તો કોઈ (એવો) ખયાલ કરતું હશે. તદ્ઉપરાંત મુસલમાન પર નેક ગુમાન કરવું જરૂરી છે. માટે તે ખાવાથી દિલ સિયાહ થવાનો સવાલ જ ઉપસ્થિત નથી થતો. હા ! જો અલ્લાહની પનાહ ! કોઈ એવો હોય કે ઈંતેઝારમાં હોય કે ફલાણો મરે તો ખાવા મળે, તો જરૂર તેનું દિલ સિયાહ થશે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા રઝવિય્યહ્, ૪/૨૨૮)*

**લખનાર (સહી)** : (હઝરત કિ઼બ્લહ મુફતી)

**ઉઝૈર અહસન રઝવી અફી અન્હૂ.**

*(જામિઆ ક઼ાદરિયહ મઝહરુલ ઉલૂમ,*

*મુ. ફર્રુખાબાદ, જિ. માલદા–બેંગાલ)*

## ફાતેહાનો તરીકો

બા વઝૂ કિબ્લા રૂખ કાયદામાં બેસે તેમ બેસે. સામે શીરીની હલાલ પાક કમાઈ અને સફાઈથી તૈયાર કરેલી બધી અથવા થોડી સાથે પાણી પણ સામે રાખે. પ્રથમ **દુરૂદે ગૌષિયહ્** પછી **અઊઝુ બિલ્લાહ, બિસ્મિલ્લાહ** પછી કુર્આને પાકનો એક રુકૂઅ જ્યાંથી યાદ હોય પઢે પછી **બિસ્મિલ્લાહ** સાથે **ચારેવ કુલ** એકવાર, પછી **બિસ્મિલ્લાહ** સાથે **અલિફ લામ મીમથી મુફલિહુન** સુધી પઢે. પછી **બિસ્મિલ્લાહ** સાથે **વ ઈલાહુકુમ ઈલાહુંવ્ વાહિદથી તસ્લીમા** સુધી પઢે. પછી સમય હોય તો દુરૂદે તાજ એકવાર પઢે, નહીં તો **દુરૂદે ગૌષિયહ્** ત્રણ વાર પઢે. પછી શજરા શરીફ પઢે પછી હાથ ઉઠાવી દુઆ કરે કે હું જે કાંઈ પઢયો તથા આ શીરીની કે ખાવા જે બનાવ્યું છે તેનો સવાબ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં નઝર કરું છું. તેમના વસીલાથી તમામ અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ, હઝરત આઈશા સિદીક઼ા, હઝરત ખદીજતુલ કુબ્રા, હઝરત ફાતિમા ઝહરા તથા તમામ અઝવાજે મુતહ્હરાત તથા તમામ અહલે બયતે અત્હાર તથા તાબઈન, તબએ તાબઈન, શોહદા તથા અવલિયાએ કિરામની રૂહોને નઝરાનએ અકી઼દત રૂપે પેશ કરું છું. ત્યાર પછી ખાસ જે બુઝુર્ગને નઝર કરવું હોય તેમનું નામ લે. દા.ત. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃاللہ علیہ ને નઝર કરું છું અથવા ફલાણા મર્હૂમને બખ્શી દઉં છું કહે. તમામ બુઝુર્ગોના વસીલાથી મર્હૂમોના તથા પોતાના માટે મગફિરતની દુઆ કરે પછી દુરૂદ શરીફ પઢે. ❑❑❑


| | | |
|---|---|---|
| સુન્નિયતની મજબૂતી માટે બરકાતે ખ્વાજા(માસિક)ના ગ્રાહક બનો અને બનાવો ! | વાર્ષિક લવાજમ Rs. 230/- | PhonePe G Pay Paytm |
| BANK OF BARODA A/c. No. 34620100000303 Razvi Kitab Ghar IFSC : BARB0DAYADR | | 94274 64411 |

## ઈલ્મો-ફઝલ અને તરીકતના આસમાનનો એક વધુ સિતારો ખરી પડયો

એપ્રિલ–૨૦૨૦ના અંતે સોશ્યલ નેટવર્ક થ્રુ ગમઅંગેઝ ખબર જાણવા મળી કે ખલીફા–એ–હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિન્દ–વ–હુઝૂર અહસનુલ ઉલમા, રઈસે આ'ઝમ–માલવા, ઈન્દોરની શાન અને એમ.પી.ની કેટલીયે મસાજિદ, મદ્રેસાઓ, તન્ઝીમો અને સંસ્થાઓના સ્થાપક–સરપરસ્ત તથા દારૂલ ઉલૂમ નૂરીના બાની–વ–સદર, શૈખે તરીકત હઝરત અલ્લામા હાફિઝ–વ–કારી અબ્દુલગફ્ફાર સાહેબ કાદરી–રઝવી–નૂરી **(નૂરી બાબા)** વિસાલ ફરમાવી ગયા... اِنَّا لِلّٰہِ وَ اِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ ''સુન્ની દા'વતે ઈસ્લામી'ના ઘણા ઈજતેમાઓમાં આપે સદારત ફર્માવી હતી. યુવા વયે આપ હઝરત વ્યવસાયે વકીલ હતા. ઈન્દોરના દૌરા વખતે હુઝૂર મુફ્તી–એ–આ'ઝમે હિન્દ (અલહિર્રહમા)ની એમના ઉપર નઝરે કરમ થઈ અને આપની નસીહતે તેમની દુનિયા બદલી નાખી. આપની સૂરત–સીરત સમૂળગી બદલાઈ ગઈ અને વખત જતાં આપ આલિમે શરીઅત અને મુર્શિદે બર હક્કના મક઼ામ પર પહોંચ્યા. રબ્બુલ આલમીન તેમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદૌસમાં તેમને આ'લા મકામ–દરજાત અતા ફર્માવે, *આમીન !*

## અફ્સોસ ! ઈબ્રાહીમ ખત્રીએ ફાની દુનિયાને અચાનક અલવિદા કહી દીધું !

**મૌત ઉસકી હૈ કરે જિસકા ઝમાના અફ્સોસ-યૂં તો દુન્યામેં સભી આતે હૈં મરને કે લિયે**

**ઉમલ્લા :** (તા. ઝઘડીયા) ખાતે રહેતા અમારા ખાસ મિત્ર જૂના સાથી **જનાબ ઈબ્રાહીમ લાલભાઈ ખત્રી** (ઉર્ફે: અભા) ૪૯ વરસની વયે અમને અચાનક છોડીને તા. ૨૭–૮–૨૦૨૦ જુમેરાતે ઈસ્લામી તા. ૭– મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૪૨ના રોજ બપોરે લગભગ ૦૧:૪૫ વાગ્યે આખેરતની સફરે રવાના થઈ ગયા اِنَّا لِلّٰہِ وَ اِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ અને તેમની દફન વિધિ મગરિબ બાદ ઉમલ્લા ક઼બ્રસ્તાનમાં કરવામાં આવી. મર્હૂમ સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ શાખાના ઈ.સ. ૧૯૯૨થી સ્તંભ સમા મુઆવિન તથા મજબૂત કાર્યકતા સાથી હતા. ભરૂચ વાર્ષિક ઈજતેમામાં તેમજ મુંબઈના વાર્ષિક ઈજતેમામાં ટ્રેનમાં સૌને લઈ જવાની વ્યવસ્થામાં, તેમજ અન્ય ઈજતેમાઓમાં તેમજ અજમેર શરીફ ઉર્સે ખ્વાજામાં સુન્ની દા'વતે ઈસ્લામી થકી ખિદમતમાં ખિદમતગાર તરીકે વરસોથી ખિદમતમાં અગ્રગણ્ય રોલ ભજવતા હતા. ઉપરાંત દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં ટ્રસ્ટી તરીકે સેવા આપતા હતા. હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના મુરીદ હતા. અજમેર શરીફ, બરેલી શરીફની અનેક ટૂરોમાં અમારા સાથે રહેતા. ખૂબ જ ગંભીર સ્વભાવના, હસમુખા, બા અખ્લાક઼, સાદાત–ઉલમાના બાઅદબ ખિદમતગુઝાર, ખૂબ જ સખી સ્વભાવના, સારા સલાહકાર અને એક સારા પ્રમાણિક બિઝનેસમેન તથા બિલ્ડર હતા. રાહે ખુદામાં ખર્ચ કરવામાં ખુશી અનુભવતા તેમજ અમારાં સર્વ દીની કામોમાં ઉપરાંત દુનિયવી કામોમાં પણ એક ભાઈ જેટલી લાગણી મહોબ્બત રાખી સહકાર કરતા હતા. સુન્ની દા'વતે ઈસ્લામી, ઈસ્લામિક વેલ્ફેર મિશન તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, તેમજ દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ તેમજ અન્ય સુન્ની સંસ્થાઓને ભરપુર સહકાર કરતા હતા. આપના વિસાલના સમાચારથી સર્વ સગાં, મિત્રો, ચાહકોમાં ગમનું મોજુ ફરી વળ્યું. આપે અનેક દીની, દુનિયવી, લોકોની ભલાઈનાં કામો કર્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં, તેના મહબૂબ બંદાઓના સદક઼ામાં, ગૌષેપાક رضی اللہ عنہના વસીલાથી મર્હૂમ ઈબ્રાહીમ ભાઈની કરવટ કરવટ મગફિરત ફર્માવે, તેમનાં નેક કામોને રબ્બે કરીમ તેની આ'લા શાન પ્રમાણે બેહતરથી બેહતર બદલો આપે, તેમની ખતાઓથી દરગુઝર કરે અને ખતાઓને નેકીઓમાં તબદીલ કરી આપે. તેમનાં ઘરવાળાંને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન) *–પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

**તહ્નીયત જહાં**

**તાંદલજા** : ચિશ્તિયા મસ્જિદના ઈમામ સાહબ હાફેઝ મુબારકને ત્યાં પુત્ર જન્મ થયો તેનું નામ "મુહમ્મદ હસનૈન" રાખવામાં આવેલ છે. તેની ખુશીમાં "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ને રૂા. ૧૫૧/– લિલ્લાહ મળેલ છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં હસનૈન કરીમૈનનો સદકો નસીબ કરે અને બંનેવ દુનિયાની નેઅમતોથી નવાંગતૂક તથા ઘરવાળાંને નવાઝે. "મુહમ્મદ હસનૈન"ને મા બાપની આંખોની ઠંડક બનાવે. (આમીન) *–તંત્રી*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે યૂનુસ મુહમ્મદ અમદાવાદી (ભુરજીવાલા)ના વાલિદા બીબીબેન મુહમ્મદ અમદાવાદી તા. ૧૬–૮–૨૦૨૦, ૨૬–ઝીલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❑ ઝંઘાર નિવાસી જનાબ ઈસ્માઈલભાઈ અહમદ ભટા (ઝંઘારીયા) તા. ૨૧–૮–૨૦૨૦, ૦૧–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ અલી અહમદ પતરાવાલા તા. ૨૪–૮–૨૦૨૦, ૦૪–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૨ સોમવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ હજીયાણી ઝુલેખા ઈબ્રાહીમ આઝાદ તા. ૨૬–૮–૨૦૨૦, ૦૬–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૨ બુધવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયાં છે. ❑ સાઊથ આફ્રિકા (પ્રિટોરીયા) ખાતે દયાદરા નિવાસી જનાબ ઝુલ્ફિકાર અલી ચીના તા. ૩૧–૮–૨૦૨૦, ૧૧–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૨ સોમવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ જુબેદા યાકુબ (અકુજી) ઈસા મજે તા. ૦૯–૩–૨૦૨૦, ૧૪–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૨ જુમેરાતના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયાં છે.
- **થામ** : (તા. જિ.ભરૂચ) ખાતે મૌલાના સાજિદ મિસ્બાહીના મોટામા મર્હૂમા હમીદા દાઉદ પટેલનો તા. ૧૭–૦૭–૨૦૨૦, ૮–ઝીલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ જુમ્આના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **હલદરવા** : (તા. કરજણ) ખાતે અહમદ માસ્તર બતવા તા. ૧૫–૮–૨૦૨૦, તા. ૧૫–૮–૨૦૨૦, ૨૫–ઝીલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ શનિવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❑ મકબૂલ ડિચ (મુન્શી) તા. ૧૬–૮–૨૦૨૦, ૨૬–ઝીલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે.
- **ભરૂચ** : દયાદરા નિવાસી હજીયાણી હૂરીબેન અલી આદમ ધીરજનો ભરૂચ મુકામે તા. ૧૮–૮–૨૦૨૦, ૨૭–ઝીલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો છે.
- **બોલ્ટન** : (યુ.કે.) ખાતે હાજી અહમદ વલી મજે (દયાદરાવાલા)તા. ૨૨–૮–૨૦૨૦, ૦૨–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૨ શનિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **મંજુસર** : (જિ. વડોદરા) હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા સાહબ જણાવે છે કે થામ ગામના વતની અને જુમ્આ મસ્જિદ–મંજુસરના પેશ ઈમામ જનાબ હાફિઝ બશીર સાહબ તા. ૨૪–૮–૨૦૨૦, ૦૪–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૨ સોમવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઝહે નસીબ મદીના મક઼ામ હો જાએ**



ઝહે નસીબ મદીના મક઼ામ હો જાએ–હુઝૂર કર દેં કરમ તો યે કામ હો જાએ
ગુલામ હાઝિરે દર હૈ કુબૂલ ફર્મા લેં–સગાને કૂચામેં ઉસ્કા ભી નામ હો જાએ
તુમ્હારી ઈક નિગાહે કરમસે અય મૌલા–દુરુસ્ત ઝીસ્ત કા સારા નિઝામ હો જાએ
હટા દો બુદે યમાની રુખે મુનવ્વરસે–નિગાહે શૌક઼ ભી અબ શાદ કામ હો જાએ
કરમ કી ભીકમેં ઈક ઝર્રા ભી અતા કર દેં–નિહાલ આપ કા અદના ગુલામ હો જાએ
દરે હબીબ પે સર હો ઝબાં પે નામે ખુદા–મેરી હયાત કા ક઼િસ્સા તમામ હો જાએ
હુઝૂર ! આપ કી ઉમ્મત બહુત પરેશાં હૈ–ઝરાસા કર દેં ઈશારા તો કામ હો જાએ
દરે કરીમ પે હાઝિર હૈં સબ મેરે અહબાબ–તુફૈલે ગૌષો રઝા સબ કા કામ હો જાએ
દરે હુઝૂર પે હાઝિર હૈ 'અશરફે રઝવી'–સુકૂને ક઼લ્બ કા કુછ ઈન્તેઝામ હો જાએ

**અઝ : અશ્રફુલ ફુક઼હા મુફ્તી મુજીબ અશરફ** رحمۃ اللہ علیہ
*(૩–મુહર્રમ, હિ.સ. ૧૪૧૫, રવિવારે મદીના પાક હાજરી વેળા)*


**અવલોકન**

લેખક અલ્લામા હમદાની સાહેબે શીઆ ફિર્કાના બાતિલ અક઼ીદાઓના ખંડનમાં આધારભૂત કિતાબોના હવાલાઓ અને ખુદ શીઆ ફિર્કાની કિતાબોના અસલ હવાલાઓની ફોટો કોપી રજૂ કરી વિસ્તૃત છણાવટ કરી મુસ્લિમ કૌમ સમક્ષ પેશ કરી છે. શીઆ ફિર્કાના બાતિલ અને ગંદા અકીદાઓનો જડબાતોડ જવાબ આ કિતાબમાં આપવામાં આવ્યો છે. ઈમાનને ભરપુર તાજુ કરવા વાંચવા–વસાવવા લાયક છે.

- **શીઆ ફિર્કાનો ઈતિહાસ અને અક઼ીદાઓ.** (હદીયો : ૧૫૦/–)
- **શીઆ ફિર્કો હઝરત અલીને માને છે પણ સ્વીકારતો નથી.**
- **ગંદુ કામ અને સવાબની આશા ? એટલે શીઆ મુતઆ.** (હદીયો : ૧૦૦/–)
- **ઈમાને અબૂ તાલિબ હકીકતની રોશનીમાં.** (હદીયો : ૧૨૦/–)
- **શરીઅત અને તરીકત.**
- **નબુવ્વતના જૂઠા દાવેદારો અને કાદિયાની મઝહબ.**

**છ કિતાબોના લેખક**

ખલીફએ મુફતી આઝમે હિંદ, મુનાઝિરે એહલે સુન્નત, અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની 'મસ્રૂફ' (બરકાતી–નૂરી)

**છ કિતાબોના પ્રકાશક**

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**, ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર (ગુજરાત), મો. ૯૮૭૯૩૦૩૫૫૭

**પ્રાપ્તિસ્થાન**

(૧) કલીમ બુક ડેપો : અલીફ મસ્જીદ પાસે–અમદાવાદ (૨) દારૂલ ઉલુમ ગૌસે આઝમ : ઈમામ અહમદ રઝા રોડ–પોરબંદર (૩) મકતબ–એ–રઝા : ડોંગરી–મુંબઈ (૪) ન્યુ સિલ્વર બુક ડેપો : મોહંમદઅલી રોડ–મુંબઈ (૫) નૂરી એન્ટરપ્રાઈઝ : ડૉ. વ્યાસ હોસ્પીટલ સામે–આણંદ